بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدْنِیْ عِلْماً وَارْزُقْنِیْ فَهْماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**




**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૧૨ ❖ ૧૦, ઓગસ્ટ-૨૦૧૨

૨૦, રમઝાન, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૨

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ ગડમથલ | ૦૮ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૯ |
| ❋ અહાદીસ | ૧૧ |
| ❋ રૂહ અને તેના પ્રકારો | ૧૩ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૧૯ |
| ❋ રમઝાન માસની ફઝીલત | ૨૨ |
| ❋ અલ્લાહના નૂરની સાબિતી | ૨૭ |
| ❋ પારિતોષિક વિજેતા ચમકતા સિતારા | ૩૩ |
| ❋ મશાયખવાણી | ૪૧ |
| ❋ નબવી અદાલત | ૪૩ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૪૫ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૭ |
| ❋ હિજાબ | ૪૯ |
| ❋ નહજુલ અસરાર | ૫૩ |
| ❋ અલ ઈર્શાદ | ૫૫ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૫૭ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૯ |
| ❋ આપણા ઘરની વાતો | ૬૩ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૬ |
| ❋ જાફરી પંચાંગ | ૬૮ |


## ઊઘડતે પાને...

ઈબ્ને અબ્બાસથી રિવાયત.

એમનું બયાન છે.

બની સલીમનો એક એઅરાબી.

જંગલમાં ફરી રહ્યો હતો.

તેની આગળથી એક ઘો પસાર થઈ. તે તેની પાછળ પાછળ દોડવા લાગ્યો અને તેને પકડી લીધી અને પોતાના પહેરણની બાંયમાં નાખીને દોડતો ને દોડતો હઝરત નબીએ કરીમ(સ.)ની પાસે આવ્યો

અને મોટા અવાજે બૂમો પાડવા લાગ્યો,

'અય મોહંમદ(સ.) ! મોહંમદ(સ.) !'

આં હઝરત(સ.)નો એવો નિત્યક્રમ હતો કે જ્યારે આપને કોઈ **'યા મોહંમદ'** કહીને પોકારતું તો આપ પણ તેને જવાબમાં **'યા મોહંમદ'** કહેતા અને જ્યારે કોઈ આપને **'યા અહમદ'** કહીને પોકારતું હતું તો આપ પણ તેના જવાબમાં **'યા અહમદ'** ફરમાવતા અને જ્યારે કોઈ આપને **'યા અબુલ કાસિમ'** કહીને પોકારતું હતું તો આપ પણ તેના જવાબમાં **'યા અબુલ કાસિમ'** ફરમાવ્યા કરતા હતા. પરંતુ જ્યારે કોઈ આપને **'યા રસૂલલ્લાહ'** કહીને અવાજ દેતું હતું તો તેના જવાબમાં **'લબ્બૈક'** ફરમાવી દેતા.

તેથી જ તો જ્યારે પેલા એઅરાબીએ આપને **'યા મોહંમદ'** કહીને બૂમ પાડી તો આપે પણ તેના જવાબમાં એ જ શબ્દને દોહરાવ્યો.

ત્યાર પછી તે એઅરાબીએ અત્યંત ઉધ્ધતાઈપૂર્વક કહ્યું,

'(મઆઝલ્લાહ) તમે એક જૂઠ્ઠા જાદુગર છો. તમારા કરતાં વધારે જૂઠ્ઠો આ દુનિયા ઉપર અને આ આકાશની નીચે બીજો કોઈ નથી કેમકે તમે એવો જૂઠ્ઠો દાવો કર્યો છે કે આસમાનમાં માત્ર એક ખુદા છે કે જેણે તમને ઈન્સાનોના કાળા અને સફેદ (લોકો) ઉપર રસૂલ બનાવીને મોકલ્યા છે. લાત અને ઉઝઝાની કસમ, અગર મને જો એ ખ્યાલ ન હોત કે મારી કોમ મને ઉતાવળીઓ કહેવા માંડશે તો અત્યારે જ હું મારી તલવારથી તમારું માથું ઉતારી નાખત અને મારા આ અમલથી અવ્વલીન અને આખેરીન ઉપર ફખ્ર કરત.'

તે એઅરાબીની આવી ઉધ્ધતાઈભરી વાણી સાંભળીને હઝરત ઉમર તેને મારવા માટે ઉઠ્યા તો આપ(સ.)એ તેમને મનાઈ ફરમાવી અને કહ્યું,

'અય હફસાના બાપ ! તમારી જગ્યાએ બેસી રહો. તમને ખબર નથી કે હિલ્મ(નમ્રતા) એક એવી સિફત છે કે જેનાથી માણસ નબુવ્વતના મરતબાની નજીક થઈ જાય છે.'

ત્યાર પછી આપે પેલા એઅરાબી તરફ મોઢું ફેરવ્યું અને ફરમાવ્યું,

'અય ભાઈ ! શું અરબોનો દસ્તૂર એવો છે કે લોકોની મહેફિલોમાં બેધડક ઘુસી જવું અને આ રીતે બેઅદબી કરવી ? સાંભળ. એ ઝાતની કસમ કે જેણે મને રિસાલત પર મબઊસ કર્યો છે, જે માણસ આ દુનિયામાં ઈજા પહોંચાડશે તેનું ઠેકાણું જહન્નમ છે. અય એઅરાબી ! સાંભળ. એ ઝાતની કસમ કે જેણે મને રિસાલત ઉપર મબઊસ કર્યો છે, સાતમા આસમાનમાં રહેનારાઓમાં મારું નામ અહમદ સાદિક મશહૂર છે.

અય એઅરાબી ! આ બૂરી વાણી પછી પણ હજુ તારું કંઈ બગડ્યું નથી. હજુ પણ અગર તું ઈસ્લામ લાવે તો તારી જાન અને માલ ઈસ્લામના અમાનમાં આવી જશે.'

આં હઝરત(સ.)ના આવા શબ્દો સાંભળીને તે એઅરાબીને વધારે ગુસ્સો ચઢ્યો અને પોતાની બાંયમાંથી ઘોને બહાર કાઢીને જમીન ઉપર ફેંકી દીધી અને કહેવા લાગ્યો,

'લાત અને ઉઝઝાની કસમ, હું તમારા ઉપર ત્યાં સુધી ઈમાન નહીં લાવું કે જ્યાં સુધી આ ઘો તમારા ઉપર ઈમાન ન લાવે.'

તે ઘો જમીન પર પડતાંની સાથે જ એક તરફ ભાગવા માંડી.

આં હઝરત(સ.)એ ફરમાવ્યું,

'અય ઘો ! ઊભી રહે અને એ બતાવ કે હું કોણ છું ?'

ઘો પાછી આવી અને રસૂલે અકરમ(સ.)ની સામે પોતાનું મોઢું ઊંચું કરીને ખુદાના હુકમથી બોલવા લાગી,

'આપ મોહંમદ(સ.) બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દેમનાફ છો.'

આપ(સ.)એ ફરીથી પૂછ્યું,

'તું કોની ઈબાદત કરે છે ?'

તેણે કહ્યું,

'હું એ ખુદાએ બુઝુર્ગ અને બરતરની ઈબાદત કરું છું કે જેણે દાણાને ચીરી નાખ્યો, જેણે દરેક રૂહને પેદા કરી, જેણે ઈબ્રાહીમ(અ.)ને પોતાના ખલીલ બનાવ્યા અને અય મોહંમદ(સ.) ! આપને પોતાના હબીબ ચૂંટી કાઢ્યા.'

ત્યાર પછી તે ઘોએ કેટલાક શેઅર પઢ્યા જેનો ખુલાસો આ મુજબ છે :

'અય મોહંમદ(સ.) ! આપ સાદિક અને હાદી અને મહદી છો. આપે દીને હનીફની તરફ અમારી હિદાયત ફરમાવી જ્યારે કે અમે લોકો ચારપગાં પ્રાણીઓની માફક જિંદગી જીવતા હતા. આપ(સ.) એ સઘળા અંબિયા અને રસૂલોના સરદાર છો કે જેમને જિન્નાતો અને ઈન્સાનો તરફ મબઊસ કરવામાં આવ્યા છે. બની સલીમના લોકો આપની પાસે બુઝુર્ગી પ્રાપ્ત કરવા માટે આવ્યા. આપે પોતાની રિસાલતની રોશન દલીલોને રજૂ કરી તેથી આપ(સ.) પાક અને સાદિકુલ કૌલ (વાયદામાં સાચા) મશહૂર થઈ ગયા. જિંદગી અને મોત દરેક હાલતમાં અલ્લાહ તઆલા તરફથી આપના ઉપર બરકતો જ બરકતો નાઝિલ થાય.'

આ પંક્તિઓ પઢીને તે ઘો એવી રીતે ખામોશ થઈ ગઈ જાણે કે તે બોલવાનું જાણતી જ ન હતી.

એઅરાબીએ જ્યારે આ સ્પષ્ટ અને રોશન મોઅજિઝો જોયો તો બોલ્યો,

'અય મોહંમદ(સ.) ! તમારો હાથ લાંબો કરો. હું ગવાહી આપું છું કે એ વહદહુ લાશરીક ખુદાના સિવાય બીજો કોઈ પણ ખુદા નથી. આપ તેના બંદા અને સાચા રસૂલ છો.'

આં હઝરત(સ.)એ પોતાનો મુબારક હાથ લાંબો કર્યો અને તે એઅરાબીએ બયઅત કરી. ત્યાર પછી આં હઝરત(સ.) પોતાના અસ્હાબો તરફ ફર્યા અને ફરમાવ્યું,

'તમારા આ અરબ ભાઈને કુરાનની કેટલીક સૂરતો શીખવાડી દો.'

જ્યારે તે કેટલાક સૂરાઓ શીખી ચૂક્યો તો આપ(સ.)એ તેને ફરમાવ્યું,

'શું તારી પાસે કોઈ માલ મિલકત છે ?'

તેણે કહ્યું,

'એ ઝાતની કસમ કે જેણે આપને હકની સાથે નબી બનાવીને મોકલ્યા છે, અમે બની સલીમ (કબીલાવાળા) ચાર હજારની સંખ્યામાં છીએ અને તેમનામાં મારાથી વધારે તંગદસ્ત અને ફકીર બીજો કોઈ નથી.'

આં હઝરત(સ.)એ પોતાના અસ્હાબોને સંબોધીને ફરમાવ્યું,

'જે માણસ આ એઅરાબીને સવારી માટે એક ઊંટડી આપશે હું જામીન છું કે અલ્લાહ તેને જન્નતની ઊંટડીઓમાંથી એક ઊંટડી આપશે.'

આ સાંભળીને સાઅદ બિન ઉબાદા તરત જ ઊભા થયા અને અરજ કરી,

'યા રસૂલિલ્લાહ ! મારા મા-બાપ આપના ઉપર કુરબાન થઈ જાય. મારી પાસે રાતા રંગની એક ઊંટડી છે કે જેના પેટમાં દસ મહિનાનું બચ્ચું પણ છે, તે હું આ એઅરાબીને આપી દઉં છું.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'અય સાઅદ ! તમે મારી સામે તમારી ઊંટડીની ફખ્રની સાથે આવી તારીફ કરો છો તો હું પણ તમને બતાવું છું કે તેના બદલામાં જે ઊંટડી તમને અલ્લાહ અતા ફરમાવશે તે કેવી હશે તેની તમને ખબર છે ?'

સાઅદ બિન ઉબાદાએ અરજ કરી,

'મારાં મા-બાપ આપના ઉપર કુરબાન થાય, બયાન ફરમાવો.'

આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'અય સાઅદ ! તે ઊંટડી રાતા રંગના સોનાની હશે, તેના પગ અંબરના, તેના બાલ ઝઅફરાન (કેસર)ના, તેની આંખો રાતા રંગના યાકૂતની, તેની ગરદન લીલા રંગના ઝબરજદની, તેનું માથું અમૂલ્ય મોતીનું, તેની મેહાર(દોરી) પાણીદાર મોતીની, તેની પીઠ ઉપર મોતીની એક અંબાડી મૂકેલી હશે કે જે એટલી બધી સ્વચ્છ અને પારદર્શક હશે કે અંદરની વસ્તુઓ બહારથી અને બહારની વસ્તુઓ અંદરથી દેખાશે અને તે તમને લઈને જન્નતમાં ઉડતી ફરશે.'

ત્યાર પછી આપ(સ.) ફરીથી અસ્હાબો તરફ ફર્યા અને ફરમાવ્યું,

'આ એઅરાબીના માથા ઉપર અમામો કોણ પહેરાવશે ? હું જામીન થાઉં છું કે તેના બદલામાં અલ્લાહ તઆલા તેને તક્વાનો તાજ પહેરાવશે.'

આ સાંભળીને અલી(અ.) ઊભા થયા અને અરજ કરી,

'મારાં મા-બાપ આપના ઉપર કુરબાન થાય, તે તક્વાનો તાજ કેવો હશે ?'

આં હઝરત(સ.)એ તેના ગુણધર્મો બયાન ફરમાવ્યા અને હઝરત અલી(અ.)એ પોતાના સર મુબારક ઉપરથી અમામો ઉતારી દઈને તે એઅરાબીને પહેરાવી દીધો.

ત્યાર પછી આપ(સ.)એ પોતાના અસ્હાબોને સંબોધીને ફરમાવ્યું,

'જે કોઈ આ એઅરાબીને સફરનું ભાથું આપશે, હું જામીન થાઉં છું કે અલ્લાહ તેને તક્વાનું ભાથુ અર્પણ કરશે.'

આ સાંભળીને સલમાન(રઝી.અ.) ઊઠ્યા અને અરજ કરી,

'મારાં મા-બાપ આપના ઉપર કુરબાન થાય, તક્વાના ભાથા વિષે વર્ણન ફરમાવો કે તે કેવું હશે?'

આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'અય સલમાન ! જ્યારે દુનિયામાં તમારો અંતિમ દિવસ હશે તો અલ્લાહ તઆલા તમને કલ્મએ શહાદતૈન **લાઈલાહા ઈલ્લલ્લાહ મોહંમદર રસૂલુલ્લાહ**ની તલ્કીન ફરમાવશે. અગર તમે કલ્મએ શહાદતૈન પઢી લીધો તો તમે મને મળી શકશો અને હું તમારાથી મુલાકાત કરી શકીશ. અગર તમે આ કલમો ન પઢ્યો તો અંત સુધી તમે મને મળી નહીં શકો કે ન હું તમને મળી શકીશ.'

રાવી બયાન કરે છે કે આ સાંભળીને સલમાન(રઝી.અ.) ઊઠ્યા અને તેમણે નબી(સ.)ની બીબીઓના હુજરાના ફરતાં ચક્કર લગાવ્યાં પરંતુ ત્યાંથી તેમને કંઈ મળી શક્યું નહીં. તો પાછા આવ્યા અને જનાબે ફાતેમા ઝહરા(સલામુલ્લાહે અલૈહા)ના હુજરા ઉપર નજફ ફેંકી અને વિચાર કર્યો કે જો ભલાઈ કરવાનું શક્ય હશે તો તે ફાતેમા ઝહરા(સલા.) બિન્તે મોહંમદ(સ.)ના ઘેરથી જ છે. આવું વિચારીને દરવાજા ઉપર ટકોરા માર્યા. અંદરથી અવાજ આવ્યો,

'કોણ છે ?'

તેમણે કહ્યું,

'હું સલમાન છું.'

પૂછ્યું,

'શું ઈચ્છો છો ?'

સલમાન(રઝી.અ.)એ પેલા એઅરાબીનો અને ઘોનો સમગ્ર કિસ્સો બયાન કર્યો. હઝરત ફાતેમા ઝહરા(સલા.અ.)એ ફરમાવ્યું,

'સલમાન ! એ ઝાતની કસમ કે જેણે મારા

પિદરે બુઝુર્ગવારને હકની સાથે નબી બનાવીને મોકલ્યા છે, આજે ત્રીજો દિવસ છે, અમે કંઈ ખાધું નથી. હસનો હુસૈન(અ.) ભૂખના માર્યા રડતા રડતા સૂઈ ગયા છે, તેમ છતાં એક કારે ખૈર (શુભ કાર્ય) મારા ઘરના દરવાજા ઉપર આવ્યું છે તો હું તેને પાછું નહીં ઠેલું. સલમાન ! મારી આ ચાદર લઈ જાઓ અને શમઊન યહૂદીને કહો કે રસૂલ(સ.)ની બેટીએ કહ્યું છે કે તેને ગિરવે રાખી લો અને એક શેર ખજૂર અને એક શેર જવ આપી દો. ઈન્શાઅલ્લાહ હું જલ્દીથી તેને પાછા આપી દઈશ.'

સલમાને આપની ચાદર લીધી, શમઊન યહૂદીની પાસે આવ્યા અને કહ્યું,

'અય શમઊન ! આ ચાદર ફાતેમા (સલા.અ.) બિન્તે મોહંમદ(સ.)ની છે. તેમણે કહ્યું છે કે તેને ગિરવે રાખી લો અને એક શેર ખજૂર અને એક શેર જવ મને આપી દો. હું ઈન્શાઅલ્લાહ જલ્દીથી પરત કરી દઈશ.'

શમઊને તે ચાદર લીધી અને તેને બોસા આપ્યા. તેની આંખો આંસુથી ભરાઈ ગઈ અને બોલ્યા,

'અય સલમાન ! ખરેખર આનું નામ છે ઝોહદ અને હઝરત મૂસા(અ.) બિન ઈમરાને તૌરેતમાં અમને આની ખબર આપી છે. ત્યાર પછી કહ્યું, **'અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વ અશહદો અન્ન મોહંમદન અબ્દોહુ વ રસૂલોહ'** આટલું કહીને તે ઈસ્લામ લાવ્યો અને ખૂબ જ પાક્કો મુસલમાન બની ગયો. ત્યાર પછી તેણે સલમાનને એક શેર ખજૂર અને એક શેર જવ આપ્યા. સલમાન(રઝી.અ.) તેને લઈને હઝરત ફાતેમા ઝહરા(સલા.અ.)ની ખિદમતમાં આવ્યા અને તેમને તે બધું આપ્યું. તે મોઅઝ્ઝમાએ જવને પોતાના હાથે દળ્યા અને તેની રોટલીઓ પકાવી અને ત્યાર પછી સલમાનને હવાલે કરી અને કહ્યું,

'આને નબી(સ.)ની ખિદમતમાં લઈ જાઓ.'

સલમાને કહ્યું,

'શેહઝાદી ! આમાંથી એક રોટલી આપ હસનો હુસૈન(અ.) માટે રાખી લો.'

આપ(સલા.અ.)એ ફરમાવ્યું,

'અય સલમાન ! આ કાર્ય મેં ખુદાની ખુશનૂદી માટે કર્યું છે તેથી હું આમાંથી કંઈ પણ નહીં લઉં.'

ટૂંકમાં સલમાન(રઝી.અ.) તે રોટલીઓ લઈને રસૂલ(સ.)ની ખિદમતમાં પહોંચ્યા.

આં હઝરત(સ.)એ જોયું તો પૂછ્યું,

'અય સલમાન ! આ રોટલીઓ તમને ક્યાંથી મળી ગઈ ?'

તેમણે અરજ કરી,

'ફાતેમા ઝહરા(સલા.અ.)ના ઘેરથી લાવ્યો છું.'

રાવીનું બયાન છે કે આં હઝરત(સ.)એ પણ ત્રણ દિવસ સુધી કંઈ ખાધું ન હતું. આપ ત્યાંથી ઊઠ્યા. ફાતેમા ઝહરા(સ.)ના હુજરા પર પહોંચ્યા. દરવાજો ખટખટાવ્યો. શેહઝાદીનો એ દસ્તૂર હતો કે જ્યારે હઝરત રસૂલે મકબૂલ(સ.) પોતે દરવાજો ખખડાવતા તો બીજા કોઈના બદલે પોતે જ દરવાજો ઊઘાડતાં હતાં. તેથી ફાતેમા ઝહરા(સલા.અ.)એ દરવાજો ખોલ્યો. આં હઝરત(સ.)એ અંદર આવીને જ્યારે બેટીના ચહેરાને પીળો જોયો, આંખોમાં પણ કુંડાળાં પડી ગયાં હતાં તે જોઈને પૂછ્યું,

'બેટી ! આ તમારો ચહેરો પીળો અને આંખોમાં કુંડાળાં કેમ પડી ગયાં છે ?'

આપે અરજ કરી,

'બાબા ! ત્રણ દિવસથી અમને કંઈ ખાવાનું મળ્યું નથી. હસનો હુસૈન(અ.) પણ ભૂખ્યા સૂઈ રહ્યા છે.'

રાવી કહે છે કે ત્યાર પછી નબી(સ.)એ બન્ને બચ્ચાઓને જગાડ્યા. એકને જમણા સાથળ ઉપર બેસાડ્યા અને બીજાને ડાબા સાથળ ઉપર બેસાડ્યા

અને જનાબે ફાતેમા ઝહરા(સલા.અ.)ને સામે બેસાડ્યાં. એટલામાં હઝરત અલી(અ.) પણ આવી ગયા. આપ(સ.)એ તેમને પોતાની પાછળ બેસાડ્યા. ત્યાર પછી આકાશ તરફ નજર ઊઠાવી અને અરજ કરી,

**'અલ્લાહુમ્મા વ સૈયદી વ મૌલાઈ હાઊલાએ અહલેબૈતી અલ્લાહુમ્મા અઝહબ અનહુમર્ર રિજસ વ તહરહુમ તત્હીરા.'**

(અય મારા અલ્લાહ ! મારા માલિક ! મારા મૌલા ! આ છે મારી અહલે-બૈત. તું તેમનાથી રિજસ (નાપાકી)ને દૂર રાખજે અને તેમને પાકો પાકીઝા રાખજે કે જે હક છે પાકીઝા રાખવાનો અને તહારતનો.)

રાવી કહે છે કે ત્યાર પછી ફાતેમા ઝહરા (સલા.અ.) ઊઠ્યાં અને પોતાના ઈબાદતના હુજરામાં તશરીફ લઈ ગયાં. બે રકાત નમાઝ બજાવી લાવ્યાં. ત્યાર પછી પોતાના હાથોને આસમાન તરફ ઊંચા કરીને અરજ કરવા લાગ્યાં,

'અય મારા અલ્લાહ ! અય મારા માલિક ! આ તારા નબી મોહંમદ મુસ્તફા(સ.) છે. આ તારા નબીના કાકાના દીકરા ભાઈ અલી(અ.) છે અને આ તારા નબીના નવાસાઓ હસન(અ.) અને હુસૈન(અ.) છે. અમારા માટે આસમાનમાંથી એવી રીતે ભોજનનો થાળ નાઝિલ કર કે જેવી રીતે તેં બની ઈસરાઈલના માટે નાઝિલ ફરમાવ્યો હતો. તેમણે તો તેને ખાઈને પણ કુફ્રાને નેઅમત કરી હતી અને અમે તો તારા શુક્રગુઝાર બંદાઓ છીએ.'

ઈબ્ને અબ્બાસ કહે છે કે ખુદાની કસમ, જનાબે ફાતેમા ઝહરા(સલા.અ.)ની દુઆ હજુ તો ખતમ પણ થઈ ન હતી ત્યાં તો આપની પાછળ ભોજનનો એક થાળ જાતે જ આવી ગયો જેમાંથી મુશ્કની ખુશ્બૂ મહેંકી રહી હતી.

જનાબે ફાતેમા ઝહરા(સલા.અ.) તે થાળ લઈને પોતાના બાબાની ખિદમતમાં હાજર થયાં અને જનાબે રસૂલિલ્લાહ(સ.), હઝરત અલી(અ.) અને હઝરત હસન(અ.) અને હઝરત હુસૈન(અ.)ની સામે રજૂ કર્યો.

હઝરત અલી(અ.)એ પૂછ્યું,

'અય બિન્તે રસૂલિલ્લાહ ! આ ખાવાનું ક્યાંથી આવ્યું છે ?'

હઝરત રસૂલે મકબૂલ(સ.)એ ફરમાવ્યું,

'અય અલી ! ખાવાનું શરૂ કરો. સવાલ ન કરો. શુક્ર છે એ ખુદાનો કે જેણે મારી બેટીને એવો રૂત્બો અતા ફરમાવ્યો છે કે જે મરયમ બિન્તે ઈમરાનને અતા ફરમાવ્યો હતો.'

ત્યાર પછી આપ(સ.)એ આ આયત તિલાવત ફરમાવી (કે જે સૂરએ આલે ઈમરાનની આયત નંબર-૩૭ છે) بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

كُلَّمَا دَخَلَ عَلَيْهَا زَكَرِيَّا الْمِحْرَابَ وَجَدَ عِندَهَا رِزْقًا ۖ قَالَ يَا مَرْيَمُ أَنَّىٰ لَكِ هَٰذَا ۖ قَالَتْ هُوَ مِنْ عِندِ اللَّهِ ۖ إِنَّ اللَّهَ يَرْزُقُ مَن يَشَاءُ بِغَيْرِ حِسَابٍ ﴿٣٧﴾

(જ્યારે જ્યારે ઝકરીયા તેમની (મરયમની) પાસે (ઈબાદતની) મહેરાબમાં દાખલ થતા હતા તો તેમની પાસે રિઝક જોવા પામતા હતા તો પૂછતા હતા કે અય મરયમ ! તમારી પાસે આ રિઝક ક્યાંથી આવ્યું છે ? તે કહેતાં હતાં કે આ અલ્લાહની પાસેથી આવ્યું છે. બેશક અલ્લાહ જેને ચાહે છે તેને બેહિસાબ રોઝી અતા ફરમાવે છે.)

પછી તો હઝરત રસૂલે ખુદા(સ.)એ, હઝરત અલી(અ.)એ, જનાબે ફાતેમા ઝહરા(સ.)એ અને હઝરાત હસનો હુસૈન(અ.)એ આ ભોજનને આરોગ્યું.

આ બાજુ પેલો એઅરાબી ખાવાનું ખાધા પછી ઊંટડી ઉપર બેઠો અને પોતાના કબીલા બની સલીમમાં પાછો પહોંચી ગયો અને

કબીલાવાળાઓને પોકારીને કહેવા લાગ્યો,

**'કુલુ લાઈલાહા ઈલ્લલ્લાહ તુફ્લેહૂ.'**

(તમે બધા લાઈલાહા ઈલ્લલ્લાહ કહો જેથી તમે ભલાઈ પ્રાપ્ત કરી શકો.)

આ સાંભળતાંની સાથે જ કબીલાવાળાઓએ મ્યાનમાંથી તલવારો બહાર કાઢી અને બોલ્યા,

'મોહંમદ(સ.) કે જે એક જાદુગર અને જૂઠ્ઠો છે, શું એના દીન તરફ તું પણ ઝુકી ગયો ?'

તેણે કહ્યું,

'મોહંમદ(સ.)ના વિષે બૂરું મત કહો. અય બનૂ સલીમ ! મોહંમદ(સ.)નો અલ્લાહ બેહતરીન અલ્લાહ છે અને મોહંમદ(સ.) બેહતરીન નબી છે. હું તેની પાસે ભૂખ્યો પહોંચ્યો હતો, તેમણે મને ખાવાનું ખવડાવ્યું. મારી પાસે કપડાં ન હતાં, મને કપડાં પહેરાવ્યાં. હું પગપાળા હતો, મને સવારી આપી, રસ્તાનું ભાથુ આપ્યું.'

ત્યાર પછી તેણે પોતાનો આખો કિસ્સો અને ઘોએ આપેલી સાક્ષી અને તેના અશઆર પઢવાની તમામ હકીકત બયાન કરી. ત્યાર પછી તેણે કહ્યું,

'ઈસ્લામ અપનાવી લો જેથી જહન્નમથી સલામત રહો.'

પરિણામ એ આવ્યું કે તે દિવસે બનૂ સલીમના ચાર હજાર પુરૂષો ઈસ્લામ લાવ્યા અને આ એ જ લીલા ઝંડાવાળા અસ્હાબો છે કે જેઓ રસૂલિલ્લાહ(સ.)ની આજુબાજુ જમા રહેતા હતા.

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, ભાગ-૩, બાબ-૩, પેજ નં. ૯૭ થી ૧૦૩) *




## મસ્જિદે શજરા

મદીના શરીફની બિલકુલ નજીક આવેલી મીકાત મસ્જિદ, મસ્જિદે શજરા વાદીએ અકીકની પશ્ચિમ દિશાએ અને મસ્જિદે નબવીથી આશરે બાર કિલોમીટરના અંતરે આવેલી છે. મદીનાથી હજ અથવા ઉમ્રહ માટે જતા હાજી લોકો અહીંથી પોતાના એહરામ બાંધે છે. અહીં વુઝૂ અને ગુસલ કરવાની સ્ત્રીઓ અને પુરૂષો માટે સુંદર અલાયદી વ્યવસ્થા છે. પહેલાંના કરતાં આ મસ્જિદના વિસ્તારમાં ઘણો બધો વધારો કરવામાં આવેલ છે. અત્યારે આ મસ્જિદનો વિસ્તાર ૬૦૦૦ ચોરસ મીટર છે. આ મસ્જિદનો એક ખૂબસૂરત મીનારો પણ બનાવવામાં આવ્યો છે કે જેની ઊંચાઈ ૬૪ મીટર છે કે જે દૂરથી જ સૌનું ધ્યાન ખેંચે છે. અહીં યાત્રી બસો તેમજ કાર પાર્કિંગ માટેની પણ સુંદર વ્યવસ્થા છે. આ મસ્જિદ બારે ય માસ **લબ્બૈક અલ્લાહુમ્મા લબ્બૈક...'**ના બુલંદ અવાજોથી હંમેશાં ગુંજતી જ રહે છે. (જુઓ ટાઈટલ-૧)

## મસ્જિદે અબૂઝર

રસૂલ(સ.)ના મહાન સહાબી હઝરત અબૂઝર ગફ્ફારી(રઝી.અ.)ના નામથી મશહૂર આ મસ્જિદ મસ્જિદે નબવીથી ઉત્તર દિશામાં ૯૦૦ મીટરના અંતરે આવેલી છે. આ મસ્જિદ **મસ્જિદ અલ સજદહ, મસ્જિદ અલ શુક્ર**ના નામથી પણ ઓળખાય છે. આ મસ્જિદને મસ્જિદે શુક્ર એટલા માટે કહેવામાં આવે છે કે હઝરત રસૂલિલ્લાહ(સ.)ને આ મસ્જિદમાં જિબ્રઈલ(અ.)એ આવીને એવી બશારત (ખુશખબરી) આપી હતી કે જે કોઈ રસૂલિલ્લાહ(સ.) ઉપર દુરૂદ મોકલશે તો અલ્લાહ તઆલા તેના ઉપર પોતાની રહેમત નાઝિલ ફરમાવશે અને જે આપના ઉપર સલામ મોકલશે તો અલ્લાહ તઆલા તેના ઉપર સલામતી નાઝિલ ફરમાવશે. આ ખુશખબરી સાંભળીને હુઝૂર(સ.)એ આ મસ્જિદમાં શુક્રનો સિજદો અદા ફરમાવ્યો હતો. અત્યારે તો આ મસ્જિદ મસ્જિદે અબૂઝરના નામથી મશહૂર છે. આ મસ્જિદનું પણ સુંદર સામારકામ કરવામાં આવેલ છે. (જુઓ ટાઈટલ-૪)

# ગ ડ મ થ લ ૨૪૦

**::::: સંપાદક:::::**
**મો. હસનઅલી રફીકઅલી પટેલ (મહેરપુરા)**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | | ૫ |
| | ■ | ૬ | | | ■ | | ■ | ■ | |
| | ■ | | ■ | ૭ | | | | ■ | |
| ૮ | | | ૯ | | ■ | | ■ | ૧૦ | |
| ■ | ■ | ■ | | ■ | ૧૧ | ■ | ૧૨ | | |
| ૧૩ | | ૧૪ | | ■ | | ■ | ૧૫ | | ■ |
| | ■ | | ■ | ૧૬ | | | | ■ | ૧૭ |
| | ■ | ૧૮ | | ■ | | ■ | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | ■ | |
| ૨૪ | | | ■ | | ■ | ૨૫ | | | |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) મુસલમાન સ્ત્રી માટેનો ડ્રેસ કોડ (૩)
(૩) **બિસ્મિલ્લાહ**ના 'બે'ની નીચે આવેલો નુક્તો(૬)
(૬) દીપક, દીવો (૩)
(૭) માલ સામાન ભરવા માટે વપરાતું હોય તે, દા.ત. અનાજ ભરવા માટેની બોરી, વગેરે (૪)
(૮) તખ્ત ઉપર બિરાજમાન થયેલ (૫)
(૧૦) નમાઝ માટેની હરોળ, લાઈન (૨)
(૧૨) ચંદ્ર, ચાંદ (૩)
(૧૩) ખ્વાહિશ, ઈચ્છા, અભિલાષા (૪)
(૧૫) ખરાબ, બૂરું (૨)
(૧૬) રસ્તા પર ચાલનાર, મુસાફર (૪)
(૧૮) બદલો, વળતર (૨)
(૧૯) પ્રેમનો એક તબક્કો (૨)
(૨૦) કુરાન શરીફનું દિલ ગણાતો સૂરો (૩)
(૨૨) અરબીમાં **'ભાઈ'** માટે વપરાતો શબ્દ (૨)
(૨૪) મિત્ર, પાસે બેસવાવાળો, એક નૌહાખ્વાન .........સર્વર(૩)
(૨૫) સચ્ચાઈ (૪)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) ઈલાહી જ્ઞાન, મસ્લેહત, **'હકીમ'**નું ભાવવાચક નામ (૪)
(૨) બાળપણ, બાલ્યાવસ્થા (૪)
(૩) બાગને સાચવનાર, માળી (૪)
(૪) દાગ વગરનો, બેદાગ (૪)
(૫) સાથે મુસાફરી કરનાર, સહપ્રવાસી (૫)
(૯) મીઠું, ગળ્યું, મધુર (૩)
(૧૦) અલ્લાહનું એક નામ - **અલ્લાહુસ**...... (૩)
(૧૧) હકદાર, હક ધરાવનાર, સહાય માટે યોગ્ય (૪)
(૧૨) ગોર, મુસ્લિમ મૃતદેહને દાટવા માટેનું ઘર (૩)
(૧૩) રક્ષણ/આશ્રય માટેનો પોકાર (૫)
(૧૪) રોઝા રાખવાનો મહિનો, રમઝાન શરીફ (૫)
(૧૭) સુરીલા કંઠે કરવામાં આવતું કુરાન શરીફનું પઠન(૪)
(૨૧) અવાજ, સદા, '........એ ઝહીર' (૨)
(૨૩) અલ્લાહનો ફારસી પર્યાય (૨)

## ગડમથલ નં.૨૩૯નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | સ્મા | ૨ ઉ | લ | ૩ હુ | સ્ના | ■ | ૪ ન | મા | ૫ ઝ |
| કા | ■ | લ | ■ | ન | ■ | ૬ ક | મ | ■ | કા |
| બિ | ■ | ૭ મા | ૮ દ | ર | ■ | ૯ યા | ક | ■ | ત |
| ૧૦ ર | ૧૧ દ | ■ | ર્દ | ■ | ૧૨ શા | મ | ■ | ૧૩ ઝ | ■ |
| ■ | ૧૪ ર | ૧૫ હ | ■ | ૧૬ ઈ | ■ | ૧૭ ત | ૧૮ લ | વા | ર |
| ૧૯ ક | ■ | ૨૦ સ | લ | મા | ૨૧ ન | ■ | ૨૨ બ | લ | ■ |
| લી | ■ | નૈ | ■ | ૨૩ ન | સી | ૨૪ બ | ■ | ■ | ૨૫ કા |
| ૨૬ મુ | મ | ન | ■ | ■ | ૨૭ હ | કી | ૨૮ મા | ■ | ઝ |
| લ્લા | ■ | ■ | ૨૯ સિ | ૩૦ રા | ત | ■ | છ | ■ | મૈ |
| ૩૧ હ | સ | ન | ■ | ઝ | ■ | ૩૨ આ | લી | શા | ન |

**ગડમથલ નં.૨૪૦નો ઉકેલ આ જ અંકમાં બીજી જગ્યાએ આપેલ છે.**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَمَآ اُبَرِّئُ نَفْسِيْ ۚ اِنَّ النَّفْسَ
لَاَمَّارَةٌۢ بِالسُّوْٓءِ اِلَّا مَا رَحِمَ رَبِّيْ ؕ
اِنَّ رَبِّيْ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٥٣﴾

● અને મારો નફસ પણ (બદીથી) પાક (છે એમ) નથી કહેતો (કારણ કે હું પણ મનુષ્ય છું.); બેશક દરેક નફસ બદી તરફ દોરવનાર હોય છે સિવાય કે (જેના પર) મારા પરવરદિગારે દયા કરી (માસૂમ બનાવ્યો) હોય, બેશક મારો પરવરદિગાર મોટો ક્ષમાવાન (અને) દયાળુ છે. (પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૫૩)

---

وَكَذٰلِكَ مَكَّنَّا لِيُوْسُفَ فِي الْاَرْضِ ۚ
يَتَبَوَّاُ مِنْهَا حَيْثُ يَشَآءُ ؕ نُصِيْبُ
بِرَحْمَتِنَا مَنْ نَّشَآءُ وَلَا نُضِيْعُ اَجْرَ
الْمُحْسِنِيْنَ ﴿٥٦﴾

● અને આવી રીતે અમોએ યૂસુફને તે દેશમાં સ્થાયી કર્યો કે (જેથી) તેમાં જ્યાં (તેનું) મન ચાહે રહે; ખચીત જ અમે જેને ચાહીએ છીએ તેને અમારી દયા પહોંચાડી દઈએ છીએ અને સત્કાર્યો કરનારાઓનો બદલો નિષ્ફળ જવા દેતા નથી.
(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૫૬)

---

وَلَاَجْرُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اٰمَنُوْا وَ
كَانُوْا يَتَّقُوْنَ ﴿٥٧﴾

● અને ખચીત જ જે લોકો ઈમાન લાવ્યા છે તથા પરહેઝગારીથી વર્તે છે તેમના માટે આખેરતનો બદલો બેહતર છે. (પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૫૭)

---

وَقَالَ يٰبَنِيَّ لَا تَدْخُلُوْا مِنْۢ بَابٍ وَّاحِدٍ
وَّادْخُلُوْا مِنْ اَبْوَابٍ مُّتَفَرِّقَةٍ ؕ وَمَآ
اُغْنِيْ عَنْكُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ ؕ اِنِ
الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ ۚ وَعَلَيْهِ
فَلْيَتَوَكَّلِ الْمُتَوَكِّلُوْنَ ﴿٦٧﴾

● અને કહ્યું કે હે મારા પુત્રો ! (તે શહેરમાં) એક જ દરવાજાથી દાખલ ન થતાં જુદા જુદા દરવાજાઓથી દાખલ થજો; હું તમને અલ્લાહ(ના ઈરાદા)થી તો બચાવી શકતો નથી; હુકમ માત્ર અલ્લાહનો જ ચાલે છે; તેના ઉપર જ મારો ભરોસો છે, અને સર્વે ભરોસો કરનારાઓએ તેના ઉપર જ ભરોસો કરવો જોઈએ.
(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૬૭)

---

فَبَدَاَ بِاَوْعِيَتِهِمْ قَبْلَ وِعَآءِ اَخِيْهِ ثُمَّ
اسْتَخْرَجَهَا مِنْ وِّعَآءِ اَخِيْهِ ؕ كَذٰلِكَ
كِدْنَا لِيُوْسُفَ ؕ مَا كَانَ لِيَاْخُذَ اَخَاهُ

● પછી તે (ઝડતી લેનારે) તેના સગા ભાઈના કોથળા તપાસવા પહેલાં તેના (ઓરમાન) ભાઈઓના કોથળા (તપાસવાનું) શરૂ કર્યું (છેવટે) તે(યૂસુફ)ના સગા ભાઈના કોથળામાંથી તે (વાસણ) કાઢ્યું. આવી રીતે અમોએ યૂસુફના માટે (તેના ભાઈને રોકી લેવાની)

فِيْ دِيْنِ الْمَلِكِ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ ؕ
نَرْفَعُ دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ ؕ وَفَوْقَ كُلِّ
ذِيْ عِلْمٍ عَلِيْمٌ ٧٦

યુક્તિ કરી; (કારણ કે) તે બાદશાહના કાનૂન મુજબ પોતાના ભાઈને સીધે રીતે લઈ શકતો ન હતો પણ અલ્લાહની મરજી મુજબ તેણે તેમ કર્યું; અમે ચાહીએ છીએ તેના દરજ્જા વધારી દઈએ છીએ; અને દરેક જ્ઞાન ધરાવનાર કરતાં બીજો એક ચઢિયાતો જ્ઞાની હોય છે. (પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૭૬)

---

اِذْهَبُوْا بِقَمِيْصِيْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِيْ
يَاْتِ بَصِيْرًا ۚ وَاْتُوْنِيْ بِاَهْلِكُمْ اَجْمَعِيْنَ ٩٣

● લ્યો મારું આ પહેરણ લઈ જાઓ અને તે મારા બાપના મોઢા પર નાખી દેજો જેથી તે દેખતો થઈ જશે, અને (પછી) તમારા સઘળા કુટુંબને મારી પાસે લઈ આવજો. (પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૯૩)

---

وَلَمَّا فَصَلَتِ الْعِيْرُ قَالَ اَبُوْهُمْ اِنِّيْ
لَاَجِدُ رِيْحَ يُوْسُفَ لَوْلَآ اَنْ تُفَنِّدُوْنِ ٩٤

● અને જે વેળા કાફલો (મિસરથી) રવાના થયો ત્યારે તેમના બાપે (લોકોને) કહ્યું કે જો તમે મને ઘરડા (મૂર્ખ)માં ગણી ન કાઢો તો (જાણી લો કે) નિ:સંશય મને યૂસુફની સુગંધ આવે છે.
(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૯૪)

---

وَرَفَعَ اَبَوَيْهِ عَلَى الْعَرْشِ وَخَرُّوْا لَهٗ
سُجَّدًا ۚ وَقَالَ يٰۤاَبَتِ هٰذَا تَاْوِيْلُ
رُءْيَايَ مِنْ قَبْلُ ؗ قَدْ جَعَلَهَا رَبِّيْ
حَقًّا ؕ وَقَدْ اَحْسَنَ بِيْۤ اِذْ اَخْرَجَنِيْ
مِنَ السِّجْنِ وَجَآءَ بِكُمْ مِّنَ الْبَدْوِ مِنْۢ
بَعْدِ اَنْ نَّزَغَ الشَّيْطٰنُ بَيْنِيْ وَبَيْنَ
اِخْوَتِيْ ؕ اِنَّ رَبِّيْ لَطِيْفٌ لِّمَا يَشَآءُ ؕ
اِنَّهٗ هُوَ الْعَلِيْمُ الْحَكِيْمُ ١٠٠

● અને પોતાના માતા-પિતાને તખત ઉપર ઊંચકી બેસાડ્યા અને તેઓએ તેને સિજદો કર્યો; અને (યૂસુફે) કહ્યું કે મારા બાપ ! આ મારા આગલા સ્વપ્નાની તા'બીર છે; મારા પરવરદિગારે ખરે જ તે સાચું કરી દેખાડ્યું છે; અને તેણે મારી સાથે ખચીત જ (મોટો) ઉપકાર કર્યો જ્યારે કે તેણે મને કેદખાનામાંથી છોડાવ્યો અને એ પછી કે શેતાને મારી અને મારા ભાઈઓની વચ્ચે અંટસ નાખી દીધો હતો ત્યારે તમો સર્વેને જંગલમાંથી લાવી (મને) મેળવ્યા, બેશક મારો પરવરદિગાર ચાહે છે તેના માટે અતિ પ્રેમાળ હોય છે; નિ:સંશય તે સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.
(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૧૦૦

---

قُلْ هٰذِهٖ سَبِيْلِيْۤ اَدْعُوْۤا اِلَى اللّٰهِ ؔ عَلٰى
بَصِيْرَةٍ اَنَا وَمَنِ اتَّبَعَنِيْ ؕ وَسُبْحٰنَ
اللّٰهِ وَمَاۤ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ١٠٨

● તું કહે કે આ મારો માર્ગ છે, હું અલ્લાહની તરફ બોલાવું છું. હું તથા તેઓ કે જેમણે મારી તાબેદારી કરી છે (મજબૂત) ખુલ્લી દલીલ પર છીએ; અને અલ્લાહ પાક છે, અને હું મુશરિકો માંહેનો નથી.
(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૧૦૮)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## ૧૪ અહલેબૈત વિષે ફરમાવ્યું

(ગતાંકનું ચાલુ)

(૧૪૭) બેશક અલી મારાથી છે અને હું તેનાથી છું અને તે દરેક મોમિનનો વલી (વાલી) છે.
*(કન્ઝુલ હકાએક, અલ મનાવી, સફા-૩૭)*

(૧૪૮) હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકીને જાઉં છું. તે બન્નેમાંથી દરેક એકબીજાથી ચડિયાતી છે : અલ્લાહની કિતાબ અને મારી અહલેબૈત. સાવધાન, તમે મારા પછી તેમની સાથે કેવું વર્તન કરો છો. આ બન્ને એક બીજાથી છૂટા નહીં પડે ત્યાં સુધી કે હૌઝે કૌસર પર મારાથી મુલાકાત કરશે. *(મુસ્તદરક અલ સહીહૈન, જિલ્દ-3, સફા-૧૦૯)*

(૧૪૯) દરેક નબીનો એક વારસદાર હોય છે અને મારો વારસદાર અલી(અ.) છે.
*(રિયાઝુન્નઝરા, જિલ્દ-૨, સફા-૧૭૮)*

(૧૫૦) મારી અહલેબૈત નૂહ(અ.)ની કશ્તી સમાન છે. જે તેમાં સવાર થયો તેણે નજાત મેળવી અને જેણે તેમને છોડી દીધા, તે ડૂબી ગયો.
*(હલૈતુલ ઔલિયા, જિલ્દ-૪, સફા-૩૦૬)*

(૧૫૧) હું અને મારી અહલેબૈત જન્નતનું એક વૃક્ષ છીએ કે જેની ડાળીઓ દુનિયામાં છે. જે અમારી સાથે સંકળાયેલો રહ્યો, તેણે અલ્લાહનો માર્ગ મેળવી લીધો.
*(ઝખાએરૂલ ઉકબા, સફા-૧૬)*

(૧૫૨) તમારામાંથી કોઈ બંદો ત્યાં સુધી મોમિન નથી થઈ શકતો જ્યાં સુધી તે મારી સાથે તેના પોતાના કરતાં વધારે મોહબ્બત ન રાખે અને મારા કુટુંબ સાથે તેના પોતાના કુટુંબ કરતાં વધારે મોહબ્બત ન રાખે અને મારી ઓલાદ સાથે તેના પોતાના કુટુંબ કરતાં વધારે મોહબ્બત ન રાખે અને મારી ઓલાદ સાથે પોતાની ઓલાદ કરતાં વધારે મોહબ્બત ન રાખે.
*(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ-૧, સફા-૧૧)*

(૧૫૩) તમારામાંથી જે મારી અહલેબૈતની મોહબ્બતમાં મક્કમ હશે, તેના પગ પુલે સિરાત પર વધારે અડગ રહેશે.
*(કન્ઝુલ હકાએક, સફા-૫)*

(૧૫૪) અમારી અહલેબૈત સાથે પરહેઝગાર મોમિનો સિવાય કોઈ મોહબ્બત રાખતું નથી અને કોઈ કમનસીબ મુનાફિક સિવાય અમારાથી કોઈ દુશ્મનાવટ રાખતું નથી. *(ઝખાએરૂલ ઉકબા, સફા-૧૮)*

(૧૫૫) અલ્લાહની કસમ, મારી અહલેબૈત સાથે દુશ્મનાવટ રાખનારને અલ્લાહ જહન્નમમાં દાખલ કરશે.
*(મુસ્તદરક સહીહૈન, જિલ્દ-3, સફા-૧૫૦)*

(૧૫૬) જે માણસ મારી અહલેબૈતની બાબતમાં મને દુ:ખી કરશે, તેના પર અલ્લાહની લાઅનત છે. જેણે મને અહલેબૈતની બાબતમાં દુ:ખી કર્યો તેણે અલ્લાહને દુ:ખી કર્યો. બેશક અલ્લાહે તેના પર જન્નત હરામ કરી છે કે જેણે મારી અહલેબૈત પર જુલ્મ કર્યો હોય અથવા તેમને કતલ કર્યા હોય અથવા એવું કરવામાં મદદ કરી હોય અથવા તેમને અપશબ્દો કહ્યા હોય.
*(સવાએક ઈબ્ને હજર, સફા-૧૪૩)*

(૧૫૭) અલી(અ.) બધા જ ઈન્સાનોથી બેહતર છે. જેણે આ બાબતમાં શક કર્યો તે કાફિર છે. *(કન્ઝુલ હકાએક, સફા-૯૨)*

(૧૫૮) પુરૂષોમાં સર્વશ્રેષ્ઠ અલી ઈબ્ને અબીતાલિબ(અ.) છે. નવજવાનોમાં હસન(અ.) અને હુસૈન(અ.) અફઝલ છે અને ઓરતોમાં ફાતેમા બિન્તે મોહંમદ(સ.અ.વ.) સૌથી અફઝલ છે. *(તારીખે બગદાદ, જિલ્દ-૪, સફા-૩૯૧)*

(૧૫૯) અલી(અ.) અને તેમના શીઆઓ જ કયામતના દિવસે કામયાબ થવાવાળા છે. *(કન્ઝુલ હકાએક, સફા-૯૨)*

(૧૬૦) જેણે મારી ઈતાઅત કરી, તેણે અલ્લાહની ઈતાઅત કરી. જેણે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, તેણે અલ્લાહના હુકમનો અનાદર કર્યો. જેણે અલી(અ.)ની ઈતાઅત કરી તેણે મારી ઈતાઅત કરી. જેણે અલી(અ.)ના હુકમનો અનાદર કર્યો, તેણે મારા હુકમનો અનાદર કર્યો. *(મુસ્તદરક સહીહૈન, જિલ્દ-3, સફા-૧૨૧)*

(૧૬૧) હું અને અલી(અ.) અલ્લાહના બંદાઓ ઉપર અલ્લાહના તરફથી હુજ્જત છીએ. *(કન્ઝુલ હકાએક, સફા-૪3)*

(૧૬૨) અલી(અ.) હકની સાથે છે અને હક અલી(અ.)ની સાથે છે. આ બન્ને એક બીજાથી કદાપિ છૂટા નહીં પડે ત્યાં સુધી કે કયામતના દિવસે હૌઝે કૌસર ઉપર મારી સાથે મુલાકાત કરે. *(તારીખે બગદાદ, જિલ્દ-૧૨, સફા-૩૨૧)*

(૧૬૩) અલી(અ.) કુરાનની સાથે છે અને કુરાન અલી(અ.)ની સાથે છે. આ બન્ને એક બીજાથી છૂટા નહીં પડે ત્યાં સુધી કે હૌઝે કૌસર પર મારી સાથે મુલાકાત ન કરે. *(સવાએક ઈબ્ને હજર, સફા-૭૪)*

(૧૬૪) મારા ભાઈઓમાંથી સૌથી બેહતર અલી(અ.) છે. કાકાઓમાંથી સૌથી બેહતર હમ્ઝા(અ.) છે અને અલી (અ.)નો ઝિકર ઈબાદત છે. *(સવાએક ઈબ્ને હજર, સફા-૭૪)*

(૧૬૫) મારી પાસે એક ફરિશ્તો આવ્યો અને કહ્યું, 'હે મોહંમદ(સ.અ.વ.) ! અલ્લાહે આપને સલામ કહ્યા છે અને કહ્યું છે મેં આપની બેટી ફાતેમા(સલા.અ.)ના નિકાહ અર્શ ઉપર અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની સાથે કરી દીધા છે તેથી આપ પણ જમીન ઉપર આ કામને પૂર્ણ કરો. *(ઝખાએરૂલ ઉકબા, સફા-૩૧)*

(૧૬૬) રસૂલ(સ.અ.વ.)એ અલ્લાહના હુકમથી મસ્જિદે નબવીમાં ખુલતા દરવાજા બંધ કરવાનો આદેશ આપ્યો. તે વખતે કેટલાક લોકોએ અણગમો દર્શાવ્યો હતો અને કહેવા લાગ્યા કે અમારા ઘરના મસ્જિદમાં ખુલતા દરવાજા તો બંધ કરાવ્યા પરંતુ આપની બેટીના ઘરના દરવાજા તો બંધ નથી કરાવ્યા. આ સાંભળીને આપે ફરમાવ્યું, 'મેં મારી મરજીથી તમારા દરવાજા બંધ નથી કર્યા અને ન તો મારી મરજીથી અલી(અ.)નો દરવાજો ખુલ્લો રખાવ્યો છે પરંતુ અલ્લાહના હુકમથી આવો આદેશ આપ્યો છે.' *(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ-૬, સફા-૨૦૮)*

(૧૬૭) અલ્લાહે દરેક નબીની ઓલાદને, ખુદ તે નબીથી જ આગળ વધારી છે જ્યારે કે મારી ઓલાદને અલી ઈબ્ને અબીતાલિબથી આગળ વધારી છે. *(ફૈઝુલ કદીર, જિલ્દ-૨, સફા-૨૨૩)*

# રૂહ અને તેના પ્રકારો

લેખન : પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**(૧) પારા-૧૫, સૂરા-૧૭, આયત-૮૫**

وَيَسۡـئَلُوۡنَكَ عَنِ الرُّوۡحِ‌ ؕ قُلِ الرُّوۡحُ مِنۡ اَمۡرِ
رَبِّىۡ وَمَاۤ اُوۡتِيۡتُمۡ مِّنَ الۡعِلۡمِ اِلَّا قَلِيۡلًا ﴿۸۵﴾

અને હે રસૂલ ! લોકો તને રૂહ(આત્મા) સંબંધી સવાલ કરે છે, તું કહે કે રૂહ (એ) મારા પરવરદિગારની આજ્ઞાઓ માંહેથી એક (આજ્ઞા) છે અને તમને એ સંબંધી ઘણું થોડું જ્ઞાન આપવામાં આવ્યું છે.

**(૨) પારા-૨૫, સૂરા-૪૨, આયત-૫૨**

وَكَذٰلِكَ اَوۡحَيۡنَاۤ اِلَيۡكَ رُوۡحًا مِّنۡ اَمۡرِنَا‌ ؕ مَا
كُنۡتَ تَدۡرِىۡ مَا الۡكِتٰبُ وَلَا الۡاِيۡمَانُ وَلٰـكِنۡ
جَعَلۡنٰهُ نُوۡرًا نَّهۡدِىۡ بِهٖ مَنۡ نَّشَآءُ مِنۡ عِبَادِنَا‌ ؕ
وَاِنَّكَ لَتَهۡدِىۡۤ اِلٰى صِرَاطٍ مُّسۡتَقِيۡمٍ ۙ‏ ﴿۵۲﴾

અને એવી જ રીતે અમોએ અમારા હુકમથી આ કુરઆન તારી પાસે વહી દ્વારા મોકલ્યું. એ પહેલાં તું જાણતો ન હતો કે કિતાબ શું છે અને ન આ કે ઈમાન શું છે પરંતુ અમોએ તે કુરઆનને એક નૂર બનાવ્યું જેના વડે અમે અમારા બંદાઓમાંથી જેને ચાહીએ હિદાયત કરી દઈએ છીએ. અને નિઃસંશય (હે રસૂલ !) તું સન્માર્ગ તરફ જ હિદાયત કરે છે.

**(૩) પારા-૮, સૂરા-૬, આયત-૧૨૨**

اَوَمَنۡ كَانَ مَيۡتًا فَاَحۡيَيۡنٰهُ وَجَعَلۡنَا لَهٗ
نُوۡرًا يَّمۡشِىۡ بِهٖ فِى النَّاسِ كَمَنۡ مَّثَلُهٗ
فِى الظُّلُمٰتِ لَـيۡسَ بِخَارِجٍ مِّنۡهَا‌ ؕ كَذٰلِكَ
زُيِّنَ لِلۡكٰفِرِيۡنَ مَا كَانُوۡا يَعۡمَلُوۡنَ‏ ﴿۱۲۲﴾

શું તે કે જે મડદું હતું પછી તેને સજીવન કર્યું તથા તેને અમોએ પ્રકાશ આપ્યો કે જેના કારણે લોકોમાં હરેફરે છે. તે એવા શખ્સના જેવો છે કે જે અંધકારમાં હોય અને તેમાંથી બહાર નીકળી શકતો ન હોય તે જ પ્રમાણે આ નાસ્તિકોને જે કાંઈ પણ તેઓ કરે છે તે સુશોભિત જ દેખાય છે.

**(૪) પારા-૨૨, સૂરા-૩૩, આયત-૩૩**

اِنَّمَا يُرِيۡدُ اللّٰهُ لِيُذۡهِبَ عَنۡكُمُ الرِّجۡسَ
اَهۡلَ الۡبَيۡتِ وَيُطَهِّرَكُمۡ تَطۡهِيۡرًا ۚ‏ ﴿۳۳﴾

હે એહલેબેયત ! સિવાય તેના કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દૂર કરી દે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે. (પંજેતન પાક(અ.)ની શાનમાં છે. જુઓ તફસીરે દુર્રે મન્સૂર)

**(૫) પારા-૨૫, સૂરા-૪૨, આયત-૨૩**

قُلْ لَّاۤ اَسۡـئَلُكُمۡ عَلَيۡهِ اَجۡرًا اِلَّا الۡمَوَدَّةَ فِى الۡقُرۡبٰى

હે રસૂલ ! તમે કહી દો કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માગતો નથી કિન્તુ મારી નિકટનાં સગા વહાલાઓનો પ્રેમ.

(૬) સુન્ની કિતાબ રૌઝતુલ અહબાબ, જિલ્દ-૪ થી કલમી અને હબીબુસ્સયર, જિલ્દ બીજીમાં છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી સહાબી કહે છે કે જ્યારે ખુદાએ તઆલાએ પોતાના પયગમ્બર પર આયએ કરીમા...

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَطِيعُوا۟ ٱللَّهَ وَ
أَطِيعُوا۟ ٱلرَّسُولَ وَأُو۟لِى ٱلْأَمْرِ مِنكُمْ ۖ

નાઝિલ ફરમાવી તો મેં અરજ કરી, યા રસૂલિલ્લાહ! અમે ખુદાને અને તેના રસૂલને તો ઓળખીએ છીએ પરંતુ આ ઉલીલ અમ્ર કોણ છે કે જેમની ઈતાઅતને ખુદા તઆલાએ પોતાની ઈતાઅતની નજીક કરેલ છે ? જનાબે રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું, તેઓ મારા જાનશીન અને હુજ્જતે ખુદા છે મારી ઉમ્મત પર. તેમાંના પહેલા અલી ઈબ્ને અબીતાલિબ(અ.) છે પછી હસન(અ.) પછી હુસૈન(અ.) અને પછી અલી બિન હુસૈન(અ.) છે, પછી મોહંમદ ઈબ્ને અલી(અ.) કે જેઓ તૌરેતમાં બાકિર (તરીકે) મશહૂર છે અને નજીક છે કે તું એમનાથી મળે, જે વખતે તું તેમનાથી મુલાકાત કરે તો તેમને મારા તરફથી સલામ કહેજે. પછી જાફર સાદિક બિન મોહંમદ(અ.). પછી મૂસા બિન જાફર(અ.), પછી અલી બિન મૂસા(અ.), પછી મોહંમદ બિન અલી(અ.), પછી અલી બિન મોહંમદ(અ.) પછી હસન બિન અલી(અ.) અને પછી હુજ્જતે ખુદા મોહંમદ(અ.) બિનુલ હસન બિન અલી(અ.) કે જે પોતાના શીઆઓ અને મિત્રોની નજરોથી ગાયબ અને છૂપાયેલા રહેશે.

(સંદર્ભ : સૂરએ નિસા, આયત-૫૯)

**(૭) પારા-૭, સૂરા-૫, આયત-૧૧૦**

إِذْ قَالَ ٱللَّهُ يَٰعِيسَى ٱبْنَ مَرْيَمَ ٱذْكُرْ
نِعْمَتِى عَلَيْكَ وَعَلَىٰ وَٰلِدَتِكَ إِذْ
أَيَّدتُّكَ بِرُوحِ ٱلْقُدُسِ تُكَلِّمُ ٱلنَّاسَ
فِى ٱلْمَهْدِ وَكَهْلًا ۖ وَإِذْ عَلَّمْتُكَ ٱلْكِتَٰبَ وَ
ٱلْحِكْمَةَ وَٱلتَّوْرَىٰةَ وَٱلْإِنجِيلَ ۖ وَإِذْ
تَخْلُقُ مِنَ ٱلطِّينِ كَهَيْـَٔةِ ٱلطَّيْرِ بِإِذْنِى
فَتَنفُخُ فِيهَا فَتَكُونُ طَيْرًۢا بِإِذْنِى
وَتُبْرِئُ ٱلْأَكْمَهَ وَٱلْأَبْرَصَ بِإِذْنِى ۖ وَ
إِذْ تُخْرِجُ ٱلْمَوْتَىٰ بِإِذْنِى ۖ وَإِذْ كَفَفْتُ
بَنِىٓ إِسْرَٰٓءِيلَ عَنكَ إِذْ جِئْتَهُم
بِٱلْبَيِّنَٰتِ فَقَالَ ٱلَّذِينَ كَفَرُوا۟ مِنْهُمْ
إِنْ هَٰذَآ إِلَّا سِحْرٌ مُّبِينٌ ﴿١١٠﴾

(તે સમયને યાદ કરો) જે વખતે અલ્લાહ ફરમાવશે કે હે મરીયમના પુત્ર ઈસા ! જરા મારી તે નેઅમતને યાદ કર કે જે તારા તથા તારી માતા પર ઉતારવામાં આવી હતી. જયારે મેં રૂહુલ કુદસ (જિબ્રઈલ) દ્વારા તને સબળ બનાવ્યો હતો, તું પારણામાં તથા વૃધ્ધાવસ્થામાં પણ લોકોની સાથે (એક સરખી) વાતો કરતો હતો અને જ્યારે તું મારા હુકમથી પલાળેલી માટીમાંથી પક્ષીનો આકાર બનાવતો હતો પછી તેમાં ફૂંક મારતો હતો ત્યારે મારા હુકમથી (તે જીવતું જાગતું) પક્ષી બની જતું હતું અને તું જન્મના આંધળા તથા કોઢીલાઓને મારી આજ્ઞાથી સાજા કરી દેતો હતો. અને જ્યારે તું મરી ગયેલાઓને મારા હુકમથી જીવતો કરી દેતો હતો અને જયારે મેં બની ઈસરાઈલને તેને ઈજા પહોંચાડતા અટકાવ્યા કે જયારે તું તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઈને આવ્યો હતો, પછી તેઓમાંથી કેટલાક નહીં માનનારાઓ કહેવા લાગ્યા કે આ તો કાંઈ જ નથી પણ ખુલ્લો જાદુ છે.

**(૮) હદીસે સકલૈન :**

**اِنِّيْ تَارِكٌ فِيْكُمُ الثَّقَلَيْنِ كِتَابَ اللّٰهِ و عِتْرَتِيْ**
**اَهْلَبَيْتِيْ اِنْ تَمَسَّكْتُمْ بِهِمَا لَنْ تَضِلُّوْ بَعْدِيْ وَلَنْ**
**يَّفْتَرِ قَا حَتّٰى يَرِدَا عَلَيَّ الْحَوْض**

હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું. આ બન્નેમાં દરેક બીજાથી વધીને છે; અલ્લાહની કિતાબ અને મારી ઈતરત, તમે મારા પછી તેમની સાથે કેવું વર્તન કરો છો તે જો જો. આ

બન્ને એકબીજાથી અલગ નહીં થાય એટલે સુધી કે કૌસર પર મારી મુલાકાત કરે. (સંદર્ભ : સહીહ મુસ્લિમ, ભાગ-૭, કિતાબ ફઝાઈલ અલ સહાબા અલી સુબાવ્હા વ ઔલાદહુ, કેરો, પેજ-૧૨૨, ૧૨૩, મુસ્તદરક, ભાગ-૩, પેજ-૧૦૭, અલ મુસ્લિમ, ભાગ-૧૫, પેજ-૧૮૦, મસ્નદ, ભાગ-૪, પેજ-૩૬૭)

(૯) હઝરત અલી(અ.)એ આ પણ ફરમાવ્યું કે વિશ્વમાં જે કંઈ પણ અલ્લાહ તરફથી ઉપકારો થાય છે એ બધા અમારા મોહંમદ વ આલે મોહંમદ(સ.)ના કારણે થાય છે. અમારી જ બરકતથી અલ્લાહ વરસાદ વરસાવે છે, ખેતી ઉગાડે છે અને અમારા જ કારણે આસમાન અને જમીનને બરબાદ થતાં બચાવે છે અને જ્યારે અમારામાંથી કોઈ બાકી નહીં રહે તો કયામત આવશે. (હયાતુલ કુલુબનો અનુવાદ, ત્રીજી જિલ્દ, પેજ-૨૩ થી ૨૫ અને કિતાબ મશારેકુલ અન્વારમાં અમીરુલ મોમિનીનના ખુત્બાઓ અને કિતાબ હમારે મુર્તુઝાકી શાન વગેરેમાં વર્ણવવામાં આવ્યું છે. 'મોહંમદ વ આલે મોહંમદની માઅરેફત નૂરાનિયતની સાથે'માંથી)

**પારા-૭, સૂરા-૬, આયત-૧૩૦**

لَا تُدْرِكُهُ الْأَبْصَارُ وَهُوَ يُدْرِكُ الْأَبْصَارَ ۖ وَهُوَ اللَّطِيفُ الْخَبِيرُ ﴿١٠٣﴾

ઉપરોક્ત આયત પ્રમાણે તેને (એટલે કે ખુદાને) આંખો જોઈ શકતી નથી (ન દુનિયામાં કે ન આખેરતમાં) અને તે (લોકોની) દૃષ્ટિને સારી રીતે જુએ છે અને તે અત્યંત સુક્ષ્મદર્શી અને ખબરદાર છે.

આ આયતથી મનમાં એવો વિચાર આવે કે આવા અલ્લાહને મનાય શી રીતે? કેમકે તે જોવામાં તો આવવાનો નથી, ન દુનિયામાં કે ન આખેરતમાં. તેને સ્પર્શી શકાતો નથી. તેની સુગંધ પણ નથી કે સૂંઘીને પારખી શકાય.

માટે અલ્લાહે બંદાઓને પોતાની જાતને સમજાવવા માટે જ રૂહને પેદા કરી કે જેના વિષે અલ્લાહે ઘણું જ થોડું જ્ઞાન આપ્યું છે, અને તે અલ્લાહની આજ્ઞાથી છે. (અમ્રે રબ્બીથી છે.)

આપણે આપણી રૂહને જોઈ નથી. તો જોયા વગર જો માની જ ન શકાય એવું સમજીએ તો પણ, જો આપણે રૂહનો ઈન્કાર કરીશું તો પણ, રૂહ તો રહેવાની જ અને તેને માનીશું તો પણ, રૂહ તો આપણા શરીરમાં રહેવાની જ. એવી જ રીતે જો અલ્લાહને માનીએ કે ન માનીએ, અલ્લાહ માટે તો જરાય ફેર પડતો નથી. આખા જીવન દરમિયાન રૂહનો ઈન્કાર કરીશું તો લોકો આપણને મૂર્ખ ગણશે કે પોતે જીવી રહ્યો છે તેમ છતાં રૂહનો ઈન્કાર કરે છે. રૂહ આપણા શરીરને સંભાળે છે. તેવી રીતે અલ્લાહ માટે આકાશ અને જમીનને સંભાળવું સહેલું છે. રૂહ એક છે પરંતુ આપણા આખા શરીરના અવયવોમાં સમાયેલી છે, અલ્લાહ એક છે પરંતુ આકાશ અને જમીન દરેક જગ્યાએ હાજર છે. બાળપણથી લઈને યુવાની, ઘડપણ સુધીનો ઉછેર સાબિત કરે છે કે શરીરમાં રૂહ છે. દુનિયામાં ઝાડ પાન વનસ્પતિ અનાજ વગેરેનો ઉછેર બતાવે છે કે અલ્લાહની હાજરી છે. શરીરનું હલનચલન સાબિત કરે છે કે શરીરમાં રૂહ છે. આકાશ, જમીન, દરેક વસ્તુનું પ્રદક્ષિણા કરવું સાબિત કરે છે કે અલ્લાહ છે અને તેને ગતિમાં રાખે છે.

દરેકને જીવ વ્હાલો છે. સમજાવવા જવું પડતું નથી કે તું તારા જીવ સાથે મહોબ્બત કર. એ કુદરતી છે. તેવી જ રીતે અલ્લાહ સાથે બંદાને મહોબ્બત હોવી એ પણ કુદરતી છે.

અલ્લાહ ધારે તો દરેકના શરીરને રૂહ વગર પણ જીવતા રાખી શકે છે. પરંતુ તેણે તેમ નથી કર્યું. શરીરને જીવાડવાનું કાર્ય રૂહને સોંપ્યું છે. જ્યાં સુધી રૂહથી સંબંધ રહેશે ત્યાં સુધી જીવન રહેશે.

એવી જ રીતે અલ્લાહ આખા વિશ્વને સંભાળી શકે તેમ છે. પરંતુ તેણે આખા વિશ્વને સંભાળવા માટે મોહંમદ વ આલે મોહંમદને પેદા કર્યા. જ્યાં સુધી તેમનામાંથી કોઈ પણ એક બાકી રહેશે ત્યાં સુધી વિશ્વ બાકી રહેશે અને જ્યારે તેમનામાંથી કોઈ પણ બાકી નહીં રહે તો વિશ્વ પણ બાકી નહીં રહે, કયામત આવી જશે.

આપણી રૂહને પેદા કરનાર અલ્લાહ છે. તે રૂહ અમ્રે રબ્બી છે. તેનું સંપૂર્ણ જ્ઞાન આપણને નથી. આપણે સંપૂર્ણ રીતે આપણી રૂહને સમજી શકતા નથી.

મોહંમદ(સ.) વ આલે મોહંમદ(અ.સ.) કાએનાતની રૂહ છે. ઉલીલ અમ્ર છે. ઉલીલ અમ્ર એટલે અમ્રના માલિક. તો જો આપણે આપણી રૂહને જ સમજી શકતા નથી તો અમ્રના માલિકને - મોહંમદ(સ.) વ આલે મોહંમદ(અ.સ.)ને તો ક્યાંથી સમજી શકવાના ? અને મોહંમદ વ આલે મોહંમદ કે જે ઉલીલ અમ્ર છે, તેમને પેદા કરનાર અલ્લાહને તો ક્યાંથી સમજવાના હતા ?

માટે જ તો રસૂલ(સ.)એ ફરમાવ્યું, મને કોઈએ નથી ઓળખ્યો સિવાય અલ્લાહ અને અલીએ. અલ્લાહને કોઈએ નથી ઓળખ્યો સિવાય મારા અને અલીએ અને અલીને કોઈએ નથી ઓળખ્યો સિવાય મારા અને અલ્લાહે. એટલે કે અલ્લાહ, રસૂલ(સ.) અને એહલેબેયત જ એક બીજાને ઓળખે છે તેમના સિવાય કોઈ તેને સમજી શકતા નથી.

મોહંમદ વ આલે મોહંમદ રૂહ છે, ઉલીલ અમ્ર છે માટે જ અલ્લાહે અજ્રે રિસાલત તરીકે એહલેબેયતની મહોબ્બત નક્કી કરી છે, જેમ તમને તમારી રૂહ - અમ્રે રબ્બી વહાલી છે તેમ એહલેબેયત કે જે ઉલીલ અમ્ર, અમ્રના માલિક છે, તમારી રૂહોના માલિક છે, તેમની સાથે મહોબ્બત કરો.

આપણી રૂહ આપણા શરીરને જિંદગીભર દગો દેતી નથી, છેતરતી નથી કારણ કે શરીર માટે રૂહને મુકર્રર કરનાર અલ્લાહ છે. તો એવી જ રીતે મોહંમદ વ આલે મોહંમદ, તેમની સાથે મહોબ્બત કરનાર ઉમ્મતને છેતરશે નહીં. તેને પોતાની હિફાઝતમાં રાખશે કારણ કે ઉમ્મત માટે મોહંમદ વ આલે મોહંમદને ઉલીલ અમ્ર મુકર્રર કરનાર અલ્લાહ છે. અને તેમને દરેક બૂરાઈથી દૂર રાખ્યા છે અને જેવા પાકો પાકીઝા બનાવવાનો હક છે, તેવા પાકો પાકીઝા બનાવ્યા છે.

અલ્લાહે ઈસા રૂહુલ્લાહને એવા બનાવ્યા છે કે પારણામાં અને વૃધ્ધાવસ્થામાં લોકોની સાથે એક સરખી રીતે વાતો કરતા હતા. તો મોહંમદ વ આલે મોહંમદ કે જેમને ઉલીલ અમ્ર બનાવ્યા છે તેઓ પણ બાળપણ અને વૃધ્ધાવસ્થામાં એક સરખી સમજ ધરાવતા હતા. કોઈ પણ અવસ્થામાં અણસમજની વાત કરતા ન હતા.

ઈસા રૂહુલ્લાહને કિતાબ અને શરીઅતનું તથા તૌરેત અને ઈન્જીલનું શિક્ષણ આપ્યું હતું તો મોહંમદ વ આલે મોહંમદને તમામ આસમાની કિતાબોનું, શરીઅત અને કુરઆનનું શિક્ષણ આપ્યું હતું.

ઈસા રૂહુલ્લાહ પલાળેલી માટીમાંથી પક્ષીનો આકાર બનાવીને તેને જીવતું જાગતું પક્ષી બનાવતા હતા. જન્મથી આંધળા તથા કોઢીલાઓને સાજા કરતા હતા. મરેલાઓને જીવતા કરતા હતા તથા લોકોને, તેઓ શું જમીને આવ્યા, વગેરે બતાવી દેતા હતા.

ઈસા રૂહુલ્લાહ હતા, એ માત્ર અમ્રે રબ્બી હતા તેમ છતાંય તેમને એટલી બધી શક્તિ અલ્લાહ તરફથી આપવામાં આવી તો મોહંમદ વ આલે મોહંમદને તો ઉલીલ અમ્ર એટલે કે અમ્રના માલિક બનાવ્યા તો તેમને અલ્લાહે કેટલી બધી શક્તિ આપી હશે ! માટે જ તો તેમને લોકોના મુશ્કિલકુશા બનાવ્યા છે કે જે દરેક મનુષ્યની દરેક મુશ્કિલને ચપટીમાં હલ કરી નાખે.

કુરઆન કે જે رُوْحًا مِّنْ اَمْرِنَا છે હુકમની રૂહ છે તેને રસૂલલ્લાહ(સ.) પર વહી દ્વારા મોકલેલ છે કે જેને અલ્લાહે નૂર બનાવ્યું છે જેના વડે અલ્લાહ બંદાઓની હિદાયત કરે છે.

કુરઆન પણ હુકમની રૂહ છે એટલે એને પણ આપણે સંપૂર્ણ રીતે સમજી શકીએ એવા નથી. તેનું થોડુંક જ જ્ઞાન આપણને આપ્યું છે. જો આપણે કુરઆનને આપણી બુધ્ધિથી સમજવાનો પ્રયત્ન કરીશું તો ગુમરાહ થઈ જવાશે.

માટે જ રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મૂકતો જાઉં છું. આ બન્નેમાં દરેક બીજાથી વધીને છે; અલ્લાહની કિતાબ અને મારી ઈતરત.

આપણા મનમાં એવી વાત આવે કે હિદાયત માટે ફક્ત કુરઆન કાફી છે. આપણે ફક્ત કુરઆન લઈએ અને એહલેબેયતને મૂકી દઈએ તો આપણને કુરઆન ફક્ત પુસ્તકના રૂપમાં મળશે કારણ કે તેને રસૂલ(સ.)એ એહલેબેયતની સાથે જોડી દીધું છે અને તે હૌઝે કૌસર સુધી જુદું થવાનું નથી. જો કુરઆનથી લાભ લેવો હોય તો તેને એહલેબેયતની સાથે લેવું પડશે તો જ તેનાથી હિદાયત મેળવી શકીશું.

કુરઆન પણ رُوْحًا مِّنْ اَمْرِنَا હુકમની રૂહ છે અને એહલેબેયત ઉલીલ અમ્ર છે. કુરઆન પણ નૂર છે અને એહલેબેયત પણ નૂર છે બન્નેને છૂટા પાડી શકાય નહીં. અરે યઝીદીઓ પણ ઈમામ હુસૈન(અ.)ને કુરઆનથી અલગ કરી શક્યા ન હતા. જ્યારે કરબલામાં ઈમામ હુસૈન(અ.)ને શહીદ કરીને તેમના સરને નેઝા પર બલંદ કર્યું તો નેઝા પર પણ સર મુબારકે કુરઆનની તિલાવત કરીને બતાવી દીધું કે હે યઝીદીઓ! તમે મારા ધડથી માથું જ જુદું કરી શકશો પરંતુ મને તમે કુરઆનથી તો જુદું કરી શકવાના નથી, અમો એહલેબેયતને રસૂલ(સ.)એ કુરઆનથી જોડી દીધા છે. અમે હૌઝે કૌસર સુધી છૂટા પડવાના નથી.

કુરઆનમાં શિફા અને રહેમત છે, પરંતુ મોમિન માટે, ઈન્કાર કરવાવાળા માટે નહીં. તેમના માટે તો નુકસાન સિવાય બીજું કાંઈ નથી.

કુરઆન રૂહ છે અને દુનિયાનું જ્ઞાન શરીર છે. જો આપણે કુરઆનને મૂકીને ફક્ત દુનિયાના જ્ઞાનને જ મહત્વ આપીશું તો તે જ્ઞાન આપણને લાભ નહીં પહોંચાડે પરંતુ જો કુરઆન સાથે દુનિયાનું જ્ઞાન લઈશું તો તે જીવતું જ્ઞાન હશે કે જે આપણા જીવનને પણ ઉપયોગી થશે.*

પારા-૮, સૂરા-૬, આયત-૧૨૩ પ્રમાણે -

'શું તે કે જે મડદું હતું પછી તેને અમે સજીવન કર્યું.' પર મનન કરવાથી જાણવા મળે છે કે જે અંધકારમાં હોય તેને અલ્લાહ મડદાં સમાન ગણે છે અને જે જ્ઞાનના પ્રકાશમાં હોય તેને અલ્લાહ જીવતા કહે છે.

તમારી મોમિન કોમની વાત કરીએ તો તમારું મોમિન કોમ તરીકે અસ્તિત્વ જ ન હતું પરંતુ જ્યારે તમને પીર મળ્યા ત્યાર પછી તમે મોમિન કોમ તરીકે અસ્તિત્વમાં આવ્યા, એટલે કે તમે જ્યારે પીરને મળ્યા ન હતા ત્યારે મડદા સમાન હતા પરંતુ જ્યારે પીર મળ્યા, તમને જ્ઞાન મળ્યું એટલે તમે જીવિત થયા. એનો અર્થ એ કે મોમિન કોમ શરીર છે અને પીર રૂહ છે. પીર રૂહ છે માટે જ તેનો સંબંધ એહલેબેયતથી જોડાયો કેમકે એહલેબેયત પણ રૂહ છે અને એહલેબેયત અલ્લાહથી જોડાયેલા છે માટે જ પીર વડે મોમિન કોમ જીવિત થઈ. તો જ્યાં સુધી તમારી કોમનો સંબંધ પીરથી રહેશે ત્યાં સુધી તમે મોમિન કોમ તરીકે જીવિત રહેશો.

શરીરને રૂહથી મેળવીને અલ્લાહ જીવતું કરે છે તેવી રીતે મોમિન કોમને પીરથી મેળવીને અલ્લાહે જીવતી કરી. રૂહથી શરીરને જોડવું એ અલ્લાહનું કામ છે, મોમિન કોમને પીરથી જોડવી

* મક્તબા જાફરીયામાં આ બાબત ઉપર જ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

એ પણ અલ્લાહનું કામ છે. એક વખત રૂહથી શરીર જુદું થઈ જાય તો તેને ફરીથી રૂહ સાથે જોડી શકાતું નથી.

પારા-૫, સૂરા-૪, આયત-૨૯, ૩૦માં અલ્લાહ ફરમાવે છે,

وَلَا تَقْتُلُوٓا أَنفُسَكُمْ ۚ إِنَّ ٱللَّهَ كَانَ بِكُمْ رَحِيمًا ﴿٢٩﴾
وَمَن يَفْعَلْ ذَٰلِكَ عُدْوَٰنًا وَظُلْمًا فَسَوْفَ نُصْلِيهِ
نَارًا ۚ وَكَانَ ذَٰلِكَ عَلَى ٱللَّهِ يَسِيرًا ﴿٣٠﴾

'અને પોતાની જાતે પોતાનો જીવ ન આપો કેમકે ખુદા તો જરૂર તમારા પર અતિ મહેરબાન છે અને જે કોઈ બળજબરી (કરીને) અથવા જુલ્મ કરીને તેમ કરશે તો તેને અમે જહન્નમની આગમાં પહોંચાડીશું અને આ વાત અલ્લાહ માટે તદ્દન સહેલી છે.'

આ આયતથી જાણવા મળ્યું કે આપણે પોતાની મરજીથી, પોતાની રૂહથી જુદા થઈ જઈએ (એટલે કે આપઘાત કરીએ) તો અલ્લાહ નારાજ થઈને જહન્નમમાં નાખશે. તો રૂહ ફક્ત આપણા શરીરની જ નથી.

- **અલ્લાહ પણ રૂહ છે.**
- **મોહંમદ વ આલે મોહંમદ(અ.) પણ રૂહ છે.**
- **કુરઆન પણ રૂહ છે.**
- **પીર પણ રૂહ છે.**

તો જો આપણે **અલ્લાહથી સંબંધ કાપી** નાખીએ તો એ પણ **આપઘાત** છે.

**જો મોહંમદ વ આલે મોહંમદ(અ.)થી સંબંધ તોડી** નાખીએ તો એ પણ **આપઘાત** છે.

**જો કુરઆનથી સંબંધ તોડી** નાખીએ તો એ પણ **આપઘાત** છે.

અને **મોમિન કોમમાંથી કોઈ પીરથી સંબંધ તોડી નાખે** તો એ પણ **આપઘાત** છે, માટે આપઘાત કરતાં પહેલાં ચેતી જજો નહિતર તમારી વાત તમે જાણો. *


હસનઅબ્બાસ જી સેલીયા મો. ૯૯૦૯૯૦૬૧૮૯

**મોઝેઈક આર્ટ્સ**

ડીઝાઈન & પ્રીન્ટ્સ

હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય ધંધાઓને લગતી તમામ સ્ટેશનરી, માર્કેટીંગ અને પેકેજીંગ મટીરીયલનું ડીઝાઈનીંગ અને પ્રીન્ટીંગ માટે મળો

- વીઝીટીંગ કાર્ડ
- ફાઈલ
- મેનુ
- બોક્ષ
- સ્ટેશનરી
- નેપકીન પ્રીન્ટીંગ
- સ્ટીકર
- આમંત્રણ કાર્ડ
- બ્રોશર
- લગ્ન કંકોત્રી
- પેમ્ફલેટ
- ફલેક્ષ બેનર

૬, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પીટલ ની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૬.

પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.

● ક્લોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદે.)**

### મોત

(ગતાંકનું ચાલુ)

અય અબુ શાકિર ! તું મદીનામાં એવા કેટલાક લોકોને જાણે છે કે જેમની ઉંમર સો વરસની હોય? અબુ શાકિરે જવાબ આપ્યો, હું કોઈ પણ એવા માણસને નથી ઓળખતો કે જે સો વર્ષનો હોય. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આ શહેરમાં જ્યારે લોકો માંસ તથા બીજો ચરબીયુક્ત ખોરાક ખાવામાં અતિરેક નહોતા કરતા ત્યારે સો વરસના પુરૂષો અને સ્ત્રીઓ જોવામાં આવતાં હતાં અને જે વસ્તુએ આ શહેરવાસીઓની ઉંમરને ઘટાડી નાખી છે તે છે ચરબીયુક્ત ખોરાક ખાવામાં તેમનો અતિરેક.

પરંતુ જ્યારે કે હવે મદીનામાં સો વરસનો પુરૂષ કે સ્ત્રી નથી તેમ છતાં જો તમે મદીનાના પરા વિસ્તારમાં જંગલો તરફ જાઓ કે જ્યાં કબીલાઓ વસે છે, તો તમે જોશો કે તેમના વચ્ચે સો વર્ષના પુરૂષો અને સ્ત્રીઓ જોવા મળે છે. જંગલમાં જીવન મુશ્કેલ હોય છે તેમ છતાંય તેમનામાંના કેટલાક ઘરડા માણસોના દાંત સો વરસ સુધી સુરક્ષિત હોય છે કારણ કે વધારે માંસ અથવા ચરબીયુક્ત ખોરાક ન ખાવાથી તેમના લોહીમાં ખરાબી પેદા થતી નથી કે જેથી તેઓ સમયથી પહેલાં ઘરડા થઈ જાય.

લોહીની ખરાબીના કારણે કેટલાક લોકો ઓચિંતા બીમાર થઈ જાય છે અને પછી તે બીમારીના પ્રભાવથી વહેલા ઘરડા થઈ જાય છે અને એ પહેલાં કે તેમની કુદરતી ઉંમર પૂરી થાય, તેઓ મૃત્યુ પામે છે.

અબુ શાકિરે કહ્યું, હું આપથી પૂછવા માગું છું કે મોત શું છે ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, મોત શરીરની ક્રિયાઓનું અટકી જવું છે. ખાસ કરીને હૃદયના ધબકારા તથા શ્વાસનું અટકી જવું. અબુ શાકિરે પૂછ્યું, માણસ કેમ મરી જાય છે? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, માણસ બે કારણોથી મરે છે. એક તો બીમારીના કારણે, જેમકે મેં પહેલાં કહી દીધું કે કેટલાક લોકો આકસ્મિક બીમારીમાં સપડાઈ જાય છે અને તેઓ વિચારે છે કે તેઓ સ્વસ્થ છે પરંતુ આંતરિક રીતે તેઓ બીમાર હોય છે. આવા લોકો પણ બીમારીના કારણે મૃત્યુ પામે છે.

મોતનું બીજું કારણ માણસની વૃધ્ધાવસ્થા છે અને માણસ ગમે તેટલો સ્વસ્થ જ કેમ ન હોય, છેવટે તો વૃધ્ધાવસ્થાના કારણે મૃત્યુ પામશે અને પ્રાચીન ગ્રીસ દેશના એક હકીમ બુકરાતે (હિપોક્રેટસે) કહ્યું હતું કે વૃધ્ધાવસ્થા પણ બીમારીનો એક પ્રકાર છે અને જ્યારે પણ આ બીમારીનો ઈલાજ શોધી લેવામાં આવશે ત્યારે માણસ મૃત્યુ પામશે નહીં.

અબુ શાકિરે પોતાનો વિચાર મૂકતાં કહ્યું કે પરંતુ આપણા ડૉક્ટરો તો આ બીમારીનો ઈલાજ નથી કરી શકતા. ઈમામ જાફર સાદિક(અ.)એ

ફરમાવ્યું, અબુ શાકિર ! મને વિશ્વાસ છે કે ડૉક્ટરો કદીયે પણ આ બીમારીનો ઈલાજ નહીં કરી શકે. અબુ શાકિર બોલ્યો, આપ કેવી રીતે જાણો છો કે આપણા ડૉક્ટરો આ બીમારીનો ઈલાજ કરવામાં સફળ નહીં થઈ શકે કે જેથી માણસને મોતથી બચાવી લે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એટલા માટે કે મોત અલ્લાહની મશીયત (ઈચ્છા) છે અને એટલા જ માટે અલ્લાહની કુદરત અને મસ્લેહત મોતને અસ્તિત્વ આપે છે.

ડૉક્ટરો વૃધ્ધાવસ્થાની બીમારીનો ઈલાજ ક્યાકેય કરી શકવાના નથી કારણ કે જે કંઈ અલ્લાહે નિશ્ચિત કરી દીધું છે તેમાં ફેરફાર થઈ શકતો નથી અને અલ્લાહે ફરમાવ્યું છે કે મોત અસ્તિત્વ ધરાવે છે અને દરેક વસ્તુ ફના થઈ જશે અલ્લાહના સિવાય. મોત પણ સૃષ્ટિમાં ફેરફારનું નામ છે અને કોઈ પણ વસ્તુ એક પરિસ્થિતિમાં હંમેશ માટે રહેતી નથી એટલે સુધી કે જો અલ્લાહ માણસ માટે મોતને નિશ્ચિત ન કરત તો પણ, જેમકે મેં પહેલાં કહી દીધું અને તમે સાંભળ્યું કે માનવજાતની ભલાઈ એમાં છે કે મોતનું અસ્તિત્વ હોય. માનવજાતના જીવનના પ્રવાહ માટે મોત એટલી હદે જરૂરી છે કે જો મોત ન હોત અને માણસ બાકી રહેવાની ઈચ્છા કરત તો તેણે મોતને અસ્તિત્વમાં લાવવું પડત કે જેથી માણસ મરે અને મોતના પરિણામ સ્વરૂપ માનવવંશ બાકી રહે અને બરબાદ ન થઈ જાય.

અબુ શાકિરે કહ્યું, તો પછી જો એવું કહેવામાં આવે છે કે કેટલાક અગાઉના પયગમ્બરો હંમેશ માટે જીવિત થઈ ગયા અને આજે પણ જીવિત છે તેમના વિશે આપ શું વિચારો છો ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, આના ઉપર યકીન ન કરો કારણ કે હજી સુધી આ દુનિયામાં કોઈ એવો પેદા નથી થયો જે મૃત્યુ ન પામ્યો હોય અથવા જો અત્યારે જીવિત હોય તો તે મરશે નહીં અને એવું જે કહેવામાં આવે છે કે કેટલાક અગાઉના નબીઓ અમર થઈ ગયા છે અને મૃત્યુ પામ્યા નથી અને કદીય મૃત્યુ પામશે નહીં, આવી વાતો દંતકથાઓ સિવાય કંઈ નથી. પયગમ્બરોમાં સૌથી અફઝલ પયગમ્બર આપણા નબી(સ.) છે અને તેઓ ખાતેમુન્નબીય્યીન છે કે જેમના ઉપર તું ઈમાન લાવ્યો નથી, તેઓ પણ વફાત પામી ગયા.

અબુ શાકિરે કહ્યું, હું માનું છું કે જ્યારે હું વણજોયા અલ્લાહ ઉપર ઈમાન લઈ આવીશ તો તમારા પયગમ્બરની નબુવ્વતને પણ માની લઈશ. જો કે હું તમારા પયગમ્બર ઉપર ઈમાન નથી લાવ્યો તેમ છતાં મેં કુરાનના કેટલાક અંશો સાંભળ્યા છે કે જે હું વર્ણવવા માગું છું. જે કંઈ આપે માંસ અને ચરબીયુક્ત ખોરાક વિષે અને લોહીની ખરાબી વિષે કહ્યું છે તે કુરાનની તદ્દન વિરૂધ્ધ છે અને એ તો દેખીતું છે કે જ્યારે આપ મુસલમાન છો તો આ કુરાનને માનતા જ હશો.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, કુરાન પર મારો અકીદો એ છે કે તે અલ્લાહનું કલામ છે. અબુ શાકિર બોલ્યો, જ્યારે આપનો અકીદો છે કે કુરાન આપના ખુદાનું કલામ છે તો પછી આપે તેના વિરૂધ્ધ વાત શા માટે કહી ? ઈમામ જાફર સાદિક(અ.)એ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, એ કઈ વાત છે કે જે મેં અલ્લાહના કલામ વિરૂધ્ધ કહી છે? અબુ શાકિરે કહ્યું, મેં સાંભળ્યું છે કે અલ્લાહે ફરમાવ્યું છે કે દરેક વ્યક્તિ પોતાના નિશ્ચિત સમયે મૃત્યુ પામશે. તેનું મૃત્યુ તે નિશ્ચિત સમયથી ન એક કલાક પહેલાં થશે ન એક કલાક પછી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, હા, આ અલ્લાહનું કલામ છે અને તે કુરાનમાં છે. અબુ શાકિરે પોતાનો વિચાર મૂક્યો, શું આપે એવું ફરમાવ્યું નથી કે જે વ્યક્તિ વધારે માંસ અને ચરબીયુક્ત ખોરાકનું સેવન કરશે તે સમય પહેલાં

આકસ્મિક બીમારીના કારણે મૃત્યુ પામશે? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, હા, આ વાત મેં કહી છે. અબુ શાકિર બોલ્યો, આપના અલ્લાહનું કહેવું છે કે દરેકના મોતનો સમય નિશ્ચિત છે અને તે એનાથી ન એક કલાક પહેલાં કે ન એક કલાક પછી મૃત્યુ પામશે. પરંતુ આપ કહો છો કે જે કોઈ માંસ ખાય તે જલ્દી મરી જશે. આ રીતે આપે અલ્લાહના કલામનો ઈન્કાર કર્યો છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, પહેલી વાત એ કે મેં એમ નથી કહ્યું કે જે કોઈ વધારે માંસ કે ચરબીયુક્ત ખોરાક ખાય તે આકસ્મિક બીમારીનો શિકાર થઈ જ જશે. પરંતુ મેં તો એમ કહ્યું છે કે શક્ય છે કે કેટલાક લોકો માંસ અને ચરબીયુક્ત ખોરાકના સેવનના પરિણામ સ્વરૂપ આકસ્મિક બીમારીમાં સપડાઈ જાય. બીજું એ કે કુદરતી ઉંમર અને તે ઉંમર કે જેને માણસ પોતે ઓછી કરે છે તે બન્નેમાં ફેર છે. કુદરતી ઉંમર એ છે કે જે એક સામાન્ય માણસ વ્યતીત કરે છે અને આ ઉંમરની મુદ્દત નિશ્ચિત છે, જેમ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે. જ્યારે આ મુદ્દત પૂરી થઈ જાય છે ત્યારે માણસ મૃત્યુ પામે છે. આ સમયમાં ન એક કલાકનો ઘટાડો થાય છે કે ન તો વધારો. પરંતુ મોતનો બીજો પ્રકાર એ છે કે જેને માણસ પોતે પોતાના કાર્યો વડે અસ્તિત્વમાં લાવે છે. આ મોત કુદરતી મોતથી જુદું છે. આનું નામ આપઘાત હોવું જોઈએ. જે માણસ ચાકુથી પોતાની ગરદન અને ધોરી નસને કાપી નાખે છે અને પોતાને હલાક કરે છે તે અલ્લાહના નિશ્ચિત સમય પર મરતો નથી. અલ્લાહ તઆલાએ એની ઉંમર કદાચ એંશી અથવા નેવું અથવા સો વર્ષની નક્કી કરી હોય પરંતુ તે જુવાનીમાં જ એક ઝાટકે પોતાના જીવનનો અંત લાવી દે છે.

જે લોકો માંસ અથવા અન્ય ચરબીયુક્ત ખોરાક વધારે ખાવાથી પોતાના લોહીને અશુધ્ધ કરે છે તેઓ પોતાના આપઘાતની તૈયારી કરે છે કારણ કે લોહીની ખરાબી આકસ્મિક બીમારીનું કારણ છે અને જો તે કોઈ એક બીમારીનું કારણ ન પણ બને તો બીજી બીમારીનું કારણ બની જાય છે. માટે પેટ ભરીને ખાવું અને ખાસ કરીને માંસ અને ચરબીયુક્ત ખોરાક વધારે ખાવો આપઘાત કરવા સમાન છે. તો જે કોઈ ખાઉધરાપણાના કારણે પોતાની કુદરતી ઉંમર પહેલાં જ આ દુનિયાથી કૂચ કરી જાય એ અલ્લાહના આ ફરમાનમાં શામેલ નથી અને તું અય અબુ શાકિર ! જાણી લે કે હું કુરાનને તારા કરતાં વધારે સારી રીતે જાણું છું અને હું એ વાતથી પરિચિત છું કે અલ્લાહે કુરાનમાં મોત વિષે શું કહ્યું છે અને કોઈએ ક્યારેય પણ મારા મોઢેથી એવી વાત સાંભળી નહીં હોય કે જે અલ્લાહના ફરમાન વિરૂધ્ધ હોય અને ન કદી ભવિષ્યમાં સાંભળશે પણ. *


Shokatbhai - 9428384286 M:(Shop) 9722901460
Faizahemad - 9714764194

Dashawadawala
APANA
CUTLERY STORE

Wholesaler of : Cutlery, Hosiery, Toy's Item etc.

E-15, Mahavir Complex, Nr. Yes Hospital
Valiya Chowkdi, G.I.D.C., Ankleshwar - 393 002

## માહે રમઝાનના રોઝાની ફઝીલત

● હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું, ઈસ્લામની બુનિયાદ પાંચ વસ્તુઓ ઉપર રાખવામાં આવી છે અર્થાત (૧) નમાઝ (૨) ઝકાત (૩) હજ (૪) રોઝા (૫) વિલાયત (ઈમામની માઅરેફત) ઉપર. (૧૭૭૦)

● રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે રોઝા જહન્નમથી બચાવની ઢાલ છે. (૧૭૭૧)

● રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે રોઝાદાર અગર સૂઈ પણ રહ્યો હોય તો તે ઈબાદતમાં (ગણાતું) હોય છે જ્યાં સુધી તે કોઈ મુસ્લિમની ગીબત ન કરે. (૧૭૭૨)

● વળી આં હઝરત(સ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે રોઝા મારા માટે છે અને હું પોતે જ તેનો બદલો છું અને રોઝાદાર માટે બે વખત ખુશી છે એક તો એ વખતે કે જ્યારે તે ઈફતાર કરે છે, બીજી એ વખતે કે જ્યારે તે પોતાના રબથી મુલાકાત કરશે અને એ જાતની કસમ કે જેની કુરબતના કબજામાં મોહંમદ(સ.)ની જાન છે, રોઝાદારના મોઢાની બૂ (સુવાસ) અલ્લાહની નજીક મુશ્કની ખુશ્બૂથી પણ વધારે સારી છે. (૧૭૭૩)

● એક વખત રસૂલિલ્લાહ(સ.)એ પોતાના અસ્હાબોને ફરમાવ્યું,

'શું હું તમને એવી વાત બતાવું કે અગર તમે લોકો એના ઉપર અમલ કરો તો શયતાન તમારાથી એટલો દૂર રહેશે કે જેટલી મશરિક(ની દિશા) મગરિબ(ની દિશા)થી દૂર છે ?'

લોકોએ અરજ કરી,

'જી હા, યા રસૂલિલ્લાહ ! ઈરશાદ ફરમાવો.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'રોઝો શયતાનનું મોઢું કાળુ કરી નાખે છે અને સદકો તેની કમર તોડી નાખે છે અને અલ્લાહ તઆલાથી મોહબ્બત અને અમલે સાલેહ (સદાચાર)માં એક બીજાને મદદ કરવી તે (બાબત) તેનો સત્યાનાશ કરી દે છે અને ઈસ્તિગ્ફાર તેના દિલની નસોને કાપી નાખે છે અને દરેક વસ્તુની એક ઝકાત છે અને બદનની ઝકાત રોઝા છે.(૧૭૭૪)

● હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ એક વખત અલી બિન અબ્દુલ અઝીઝને ફરમાવ્યું,

'શું હું તમને ઈસ્લામના મૂળને, તેની ડાળીને, તેની ટોચ અને તેની ઊંચાઈને બતાવું ?'

તેણે અરજ કરી,

'જી. હા.'

આપ(અ.)એ ફરમાવ્યું,

'તેનું મૂળ નમાઝ છે, તેની ડાળી ઝકાત છે અને તેની ટોચ અને ઊંચાઈ અલ્લાહની રાહમાં જિહાદ કરવી તે છે.'

'શું હું તમને નેકીઓના દરવાજા બતાવું ? (સાંભળો.) રોઝા જહન્નમથી બચાવની ઢાલ છે.'(૧૭૭૫)

● વળી આપ(અ.)એ અલ્લાહના આ કૌલ : وَاسْتَعِينُوا بِالصَّبْرِ وَالصَّلٰوةِ સૂરએ બકરહ, આયત-૪૫, (સબ્ર અને સલાતનો સહારો પકડો)ની બાબતમાં ફરમાવ્યું કે અહીં સબ્રથી મુરાદ રોઝા છે.(૧૭૭૬)

● વળી ફરમાવ્યું કે જ્યારે કોઈ માણસ ઉપર કોઈ મુસીબત નાઝિલ થાય અથવા તો તે સખ્તીમાં સપડાઈ જાય તો તેણે રોઝા રાખવા જોઈએ એટલા માટે કે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે : وَاسْتَعِينُوا بِالصَّبْرِ وَالصَّلٰوةِ (૧૭૭૭)

● અને નબી(સ.)નો ઈરશાદ છે કે અલ્લાહ

તઆલાએ રોઝેદારોની દુઆ માટે કેટલાક ફરિશ્તાઓને મુકર્રર કરી દીધા છે અને ફરમાવ્યું કે હઝરત જિબ્રઈલે અલ્લાહ તઆલા તરફથી એ બાબત પહોંચાડી કે અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે કે હું મારા મલાએકાઓને કોઈ માણસની દુઆ પર મુકર્રર કરું છું તો તેની દુઆને કબૂલ કરી લઉં છું. (૧૭૭૮)

● હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા(અ.)ની તરફ વહી ફરમાવી કે મારાથી મુનાજાત કરવામાં તમને કયું કાર્ય રોકે છે?

તેમણે અરજ કરી,

'પરવરદિગાર ! રોઝાદારના મોઢાની ખુશ્બૂની બિના પર હું તને મુનાજાત નથી કરતો.'

તો અલ્લાહ તઆલાએ ફરીથી વહી કરી,

'અય મૂસા! રોઝાદારની મોઢાની બૂ તો મારી નજીક મુશ્ક કરતાંય વધારે ખુશ્બૂદાર છે.'(૧૭૭૯)

● હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે રોઝાદાર માટે બે ખુશીઓ છેઃ એક ઈફતારના સમયે તેને મળે છે અને બીજી ખુશી એ વખતે મળશે કે જ્યારે અલ્લાહથી મુલાકાત કરશે. (૧૭૮૦)

● વળી આપ(અ.)એ ફરમાવ્યું છે કે જે માણસ તેની ખુશ્નૂદીના માટે એક દિવસે પણ અત્યંત ગરમીની મોસમમાં રોઝો રાખે છે અને તેને તરસ લાગે છે તો અલ્લાહ તઆલા એક હજાર ફરિશ્તાઓને મુકર્રર કરે છે કે તેઓ આવીને તેના ચહેરાને પંપાળે છે, ખુશખબરી સંભળાવે છે એટલે સુધી કે જ્યારે ઈફતાર કરી લે છે તો અલ્લાહ તઆલા કહે છે કે તારા મોઢાની બૂ કેટલી સરસ છે! અય મારા મલાએકા ! ગવાહ રહેજો કે મેં તેને બક્ષી દીધો. (૧૭૮૧)

● અને હઝરત અબુલ હસન અવ્વલ (અ.)એ ફરમાવ્યું, (રોઝાની હાલતમાં) બપોરે કેલૂલા (બપોરે ઊંઘવાનું કાર્ય) કર્યા કરો એટલા માટે કે અલ્લાહ તઆલા ઊંઘમાં રોઝાદારને ખવડાવી-પીવડાવી દે છે. (૧૭૮૨)

● હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, રોઝેદારનું સૂઈ રહેવું ઈબાદત છે અને તેની ખામોશી તસ્બીહ છે, તેનો અમલ કબૂલ છે અને તેની દુઆ સ્વીકારપાત્ર છે. (૧૭૮૩)

## રોઝા ફર્ઝ હોવાનું કારણ

● એક દિવસ હિશામ બિન હકમે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને રોઝા ફર્ઝ હોવાનું કારણ પૂછ્યું તો આપ(અ.)એ ફરમાવ્યું,

અલ્લાહ તઆલાએ રોઝા એટલા માટે ફર્ઝ કર્યા છે કે અમીર અને ફકીર બન્ને બરાબર થઈ જાય કેમકે અમીરે કદી ભૂખની મજા જ ચાખી નથી જેથી કરીને તે ફકીરો ઉપર તરસ ખાય અને મહેરબાની કરે. તેનું કારણ એ છે કે અમીર માણસને જે વસ્તુની ઈચ્છા થાય તે પ્રાપ્ત કરવી તેના બસની વાત છે. આ બાબતથી અલ્લાહ તઆલાએ ઈચ્છા કરી કે તેની મખ્લૂક આપસમાં બરાબર થઈ જાય એવી રીતે કે અમીર પણ ભૂખની મજા ચાખે જેથી કરીને કમજોરોના માટે તેનું દિલ નરમ થાય અને ભૂખ્યાઓ ઉપર રહેમ કરે. (૧૭૬૬)

● અને હઝરત અબુલ હસન ઈમામ અલી ઈબ્ને મૂસર્રિઝા(અ.)એ મોહંમદ બિન સનાનના મસઅલાઓના જવાબમાં જે કંઈ લખ્યું તેની અંદર રોઝાનું આ કારણ પણ લખ્યું હતું કે માણસ ભૂખ અને તરસની મજા ચાખીને પોતાને ઝલીલ અને મિસ્કીન સમજે તો તેને તેનો સવાબ આપવામાં આવે એહતિસાબની સાથે (નિષેધ વસ્તુઓના ખાવા પીવાથી રોકવામાં આવે) તે એ રોઝાની તકલીફને સહન કરે અને એ બાબત તેના માટે આખેરતની સખ્તીઓ તરફ રહેનુમા બને. વળી તેની

ખ્વાહિશોમાં કમી થાય અને આજીજી પેદા થાય દુનિયામાં તેને નસીહત મળતી રહે અને આખેરતની સખ્તીઓની નિશાનીઓ મળતી રહે અને તેને જાણકારી થાય કે દુનિયા અને આખેરતમાં ફકીરો અને મિસ્કીનો કેવી કેવી સખ્તીઓ સહન કરે છે. (૧૭૬૭)

● અને હમ્ઝા બિન મોહંમદે હઝરત અબુ મોહંમદ હસન અસ્કરી(અ.)ને પત્ર લખીને પૂછ્યું કે અલ્લાહ તઆલાએ રોઝા શા માટે ફર્ઝ કર્યા છે? તો જવાબમાં એવું લખીને આવ્યું, જેથી કરીને એક ગની અને દોલતમંદ માણસને પણ ભૂખની તકલીફની જાણકારી મળી જાય અને તે ફકીરો ઉપર દયા ખાય. (૧૭૬૮)

● હઝરત ઈમામ હસન બિન અલી બિન અબીતાલિબ(અ.)થી રિવાયત છે કે આપ(અ.)એ બયાન ફરમાવ્યું કે કેટલાક યહૂદીઓ રસૂલિલ્લાહ(સ.)ની ખિદમતમાં હાજર થયા અને તેમનામાંથી જે સૌથી વધારે ઈલ્મવાળો હતો તેણે આપ(સ.)ને કેટલાક મસઅલા પૂછ્યા તેમાં એવું પણ પૂછ્યું કે એ બતાવો કે અલ્લાહ તઆલાએ આપની ઉમ્મત ઉપર ત્રીસ દિવસના રોઝા શા માટે ફર્ઝ કર્યા છે? નબી(સ.)એ ફરમાવ્યું,

એટલા માટે કે જ્યારે હઝરત આદમ(અ.)એ ઝાડનું ફળ ખાધું તો તે તેમના પેટમાં ત્રીસ દિવસ સુધી રહ્યું એટલા માટે અલ્લાહ તઆલાએ તેમની ઓલાદ ઉપર ત્રીસ દિવસની ભૂખ અને તરસને ફર્ઝ કરી દીધી અને એ લોકો કે જે રાત્રે ખાઈ લે છે તો એ તેમના ઉપર અલ્લાહ તઆલાની મહેરબાની છે અને આવી જ રીતે આ રોઝા હઝરત આદમ(અ.) ઉપર પણ ફર્ઝ હતા અને અલ્લાહ તઆલાએ એ ત્રીસ દિવસના રોઝા મારી ઉમ્મત પર પણ ફર્ઝ કરી દીધા.

ત્યાર પછી આપ(સ.)એ આ આયતની તિલાવત ફરમાવી :

كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِينَ
مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿١٨٣﴾ أَيَّامًا مَعْدُودَاتٍ ۚ

(અર્થાત : તમારા લોકો ઉપર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવી રીતે કે તમારા પહેલાંના લોકો ઉપર ફર્ઝ કરવામાં આવ્યા હતા તેથી તેના કારણે તમે ઘણા બધા ગુનાઓથી બચો, તે પણ હંમેશાં નહીં, પરંતુ ગણતરીના કેટલાક દિવસો માટે.)

(સૂરએ બકરહ, આયત-૧૮૩)

આ સાંભળીને યહૂદીએ કહ્યું,

'અય મોહંમદ(સ.)! આપે સાચું કહ્યું પરંતુ એ બતાવો કે જે માણસ આ રોઝા રાખે તેના માટે અજ્રો સવાબ શું છે?'

તો નબી(સ.)એ ફરમાવ્યું,

'જે મોમિન સંપૂર્ણ એહતિસાબની સાથે (નિષેધ કરેલી વસ્તુઓ ખાવા-પીવાથી પોતાની જાતને રોકીને) માહે રમઝાનના રોઝા રાખશે તો અલ્લાહ તઆલા તેના માટે સાત જરૂરી બાબતો પેદા કરશેઃ

(૧) હરામનો માલ તેના શરીરમાંથી પીગળી જઈને નીકળી જશે.

(૨) તે અલ્લાહ તઆલાની રહેમતથી નજીક થઈ જશે.

(૩) તેનો આ રોઝો તેના બાપ આદમ(અ.)ની ખતાઓનો કફ્ફારો બની જશે.

(૪) તેના ઉપર મોતની સખ્તીઓ આસાન થઈ જશે.

(૫) કયામતના દિવસે તેને ભૂખ અને તરસથી અમાન મળી જશે.

(૬) અલ્લાહ તઆલા તેને જહન્નમથી મુક્તિનો પરવાનો આપી દેશે.

(૭) અલ્લાહ તઆલા તેને જન્નતની પાકો પાકીઝા વસ્તુઓ ખવડાવશે.

તે યહૂદીએ કહ્યું,

'અય મોહંમદ(સ.)! આપે સાચું ફરમાવ્યું.' (૧૭૬૯)

## રોઝાદારને ઈફ્તાર કરાવવાનો સવાબ

● અબૂ અસ્સબાહ કનાનીએ હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ(સ.)એ ફરમાવ્યું,

જે માણસ કોઈ રોઝાદારને ઈફતાર કરાવશે એને એટલો જ સવાબ મળશે કે જેટલો ખુદ રોઝાદારને રોઝા રાખવાનો સવાબ મળશે.(૧૯૫૨)

● હઝરત ઈમામ જાફર સાદિક(અ.) બયાન ફરમાવે છે કે એક વખત સરીર માહે રમઝાનમાં મારા પિદરે બુઝુર્ગવારની ખિદમતમાં આવ્યા તો આપ(અ.)એ ફરમાવ્યું,

'અય સરીર ! તમને ખબર છે કે આ કેવી રાતો (ચાલે) છે ?'

તેમણે અરજ કરી,

'જી. હા. હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, આ માહે રમઝાનની રાતો છે. પરંતુ આપ(અ.)એ આવું શા માટે પૂછ્યું ?'

મારા વાલિદે ફરમાવ્યું,

'શું તમે તેની તમામ રાતોમાંથી દરેક રાતમાં ઈસ્માઈલ(અ.)ની ઓલાદમાંથી દસ ગુલામ આઝાદ કરાવવાની કુદરત ધરાવો છો ખરા ?'

સરીરે કહ્યું,

'મારાં મા-બાપ આપના ઉપર કુરબાન થઈ જાય, મારી પાસે એટલો માલ છે નહીં.'

તો આપ(અ.)એ તેમાંથી એક એક ઓછો કરીને પૂછતા ગયા એટલે સુધી કે એક ગુલામ સુધી પહોંચી ગયા, અને દરેક વખતે સરીર એવી જ અરજ કરતા ગયા કે ના, મારામાં એટલી શક્તિ નથી. તો આપ(અ.)એ ફરમાવ્યું,

'શું તમારામાં એટલી પણ કુદરત નથી કે દરરોજ રાત્રે એક રોઝાદાર મુસલમાનને ઈફતાર કરાવો ?'

સરીરે અરજ કરી,

'જી. હા. (એકને નહીં) પરંતુ દસને (ઈફતાર કરાવી શકું છું).'

મારા વાલિદે કહ્યું,

'મારા કહેવાનો મકસદ પણ આવો જ હતો. અય સરીર ! તમારું પોતાના મુસ્લિમ બિરાદરને ઈફતાર કરાવવું ઈસ્માઈલ(અ.)ની ઓલાદમાંથી એક ગુલામને આઝાદ કરાવ્યા બરાબર છે.'(૧૯૫૩)

● મૂસા બિન બકરે હઝરત ઈમામ અબુલ હસન(અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.)એ ફરમાવ્યું કે તમારું તમારા રોઝાદાર ભાઈને ઈફતાર કરાવવું ખુદ તમારા રોઝા રાખવા કરતાં અફઝલ છે. (૧૯૫૪)

● અને હઝરત ઈમામ અલી ઈબ્નુલ હુસૈન(અ.) જે દિવસે રોઝો રાખતા તો હુકમ આપતા હતા અને એક બકરીને ઝુબ્હ કરવામાં આવતી અને તેનું ગોશ્ત બનાવીને તેને પકાવવામાં આવતું. જ્યારે સાંજ પડતી તો આપ એ દેગચા ઉપર ઝુકી જતા એટલે સુધી કે રોઝાની હાલતમાં તેના સૂરબાની ખુશ્બૂ આપના નાક સુધી પહોંચતી. પછી ફરમાવતા કે સારું, હવે પ્યાલા લાવો અને તે પ્યાલામાં ફલાણાના ઘરવાળાઓ માટે, અને આ પ્યાલામાં ફલાણાના ઘરવાળા માટે ભરો. ત્યાર પછી આપના માટે રોટલી અને ખજૂર લાવવામાં આવતી અને આપ તેનાથી ઈફતાર કરતા.(૧૯૫૫)

● નબી(સ.)એ ફરમાવ્યું કે જે માણસ આ મહિનામાં કોઈ રોઝાદાર મોમિનને ઈફતાર કરાવશે તો અલ્લાહ તઆલાની નજીક તેના માટે તેનો સવાબ એક ગુલામ આઝાદ કરવા અને તેના પહેલાંના ગુનાઓની મગ્ફેરત છે. તો આપ(સ.)ને અરજ કરવામાં આવી,

'યા રસૂલિલ્લાહ ! અમારામાંથી દરેકને તો

એવી કુદરત નથી કે એક રોઝાદારને ઈફતાર કરાવે.'

આપ(સ.)એ ફરમાવ્યું,

'અલ્લાહ મોટો કરીમ છે. તમારામાંથી અગર કોઈ એક પ્યાલા દૂધમાં મેળવેલા પાણીની શક્તિ ધરાવતો હોય અને તેનાથી કોઈ રોઝાદારને ઈફતાર કરાવી દે અથવા તો માત્ર એક ઘૂંટડો મીઠા પાણી (શરબત)થી અથવા થોડીક ખજૂરોથી (ઈફતાર કરાવશે) તો અલ્લાહ તઆલા તેને પણ એવો જ સવાબ અતા ફરમાવશે. (૧૯૮૬)

(સંદર્ભ : મન્લા યહઝરહુ અલ ફકીહ, શેખ સદૂક, જિલ્દ-૨) *

## મિસ્લે પયગમ્બર છે હસન

**છે હુસૈન ઈબ્ને અલી શબ્બીર, શબ્બર છે હસન,**
**ભાઈની સાથે ફઝીલતમાં બરાબર છે હસન.**

**એમના રૂત્બાને શું સમજી શકે કોઈ ભલા,**
**છે ઈમામ ઈબ્ને ઈમામ, આલમના રહેબર છે હસન.**

**મુસ્તફાના નૂરના નખશીખ વારસદાર છે,**
**સૂરતો સીરત મહીં મિસ્લે પયમ્બર છે હસન.**

**પંજેતનની ફર્દ છે, શામિલ છે એહલેબયતમાં,**
**ખુલ્દના સરદાર છે ને ઈબ્ને હૈદર છે હસન.**

**ક્યાં સુધી એની ફઝીલતને ગણાવું સહચરો!**
**એટલું કાફી નથી ? ઝેહરાના દિલબર છે હસન.**

**કરબલા ઊભી કરી દેતે જો મોકો હોત તો,**
**એ ભૂલી જાતા નહીં કે સિબ્તે અકબર છે હસન.**

**દુશ્મનોની ચાલબાજી છે નવી એ ચેતજો,**
**સુલ્હના દામનમાં છૂપું એક ખંજર છે હસન.**

**હાય રે મરવા પછી પણ લેશ ના રાહત મળી,**
**આજ પણ વીરાન તુજ કબ્રે મુતહ્હર છે હસન.**

**ઝિંદગીમાં ફખ્ર છે એ વાતનો મુજને 'નિશાત',**
**મારું પણ શબ્બરના નામે નામ સુંદર છે હસન.**

- હસનઅલી 'નિશાત' નૂરાની

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૨૧

**(૧) હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ(અ.)ના પિતાનું નામ શું હતું ?**
(A) આઝર (B) તારૂખ (C) સાલેહ

**(૨) હઝરત યૂસુફ(અ.)ને કયા દેશના બજારમાં વેચવામાં આવ્યા હતા ?**
(A) મિસરના (B) શામના
(C) બાબીલના

**(૩) હઝરત ઐયુબ(અ.)ની પતિવ્રતા પત્નીનું નામ શું હતું ?**
(A) બીબી મરયમ (B) બીબી રહમત
(C) બીબી કુલસુમ

**(૪) ફિરઓન બાદશાહના વજીરનું નામ શું હતું?**
(A) હુબાબ
(B) કારૂન
(C) હામાન

**(૫) હબશ તરફ પ્રથમ વાર હિજરત કરનાર મુસલમાન ટુકડીના આગેવાન કોણ હતા?**
(A) હઝરત અલી મુર્તઝા(અ.)
(B) હઝરત જાફરે તૈયાર(અ.)
(C) હઝરત મુસ્લિમ બિન અકીલ(અ.)

**(૬) 'અલિફ-લામ-મીમ'ના અદદ કેટલા થાય છે ?**
(A) ૭૮૬ (B) ૯૨ (C) ૭૧

**(૭) ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓના સંગ્રહની કિતાબનું નામ શું છે ?**
(A) સહીફએ કામેલા
(B) નહજુલ બલાગા
(C) નહજુલ અસરાર

**(૮) વુઝૂમાં ત્રણ વખત મોઢું ધોવાની ક્રિયા કેવી ગણાય ?**
(A) સુન્નત (B) વાજિબ
(C) હરામ

# અલ્લાહના નૂરની સાબિતી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*એક અગ્રગણ્ય વ્યવસાયિક શાળાના એક પ્રોફેસરે ગેસ્ટ લૅકચર આપવા માટે અને વ્યવસાય ઊભો કરવાના મારા અનુભવોમાં વિદ્યાર્થીઓને સહભાગી બનાવવાના આશયથી મને તેમની શાળામાં આમંત્ર્યો હતો.*

*જ્યારે હું મારા સૂચિત લૅકચરના વિષયની ચર્ચા પ્રોફેસર સાથે કરી રહ્યો હતો ત્યારે વ્યવસાયિક સ્કૂલના વિભાગીય વડા કોઈ કામ અર્થે ત્યાં આવ્યા. શિષ્ટાચાર તરીકે આ સદ્‌ગૃહસ્થે અમારી ઓળખાણ કરાવી.*

*ફેકલ્ટીના વડા મારા વ્યવસાયમાં રસ ધરાવતા હતા અને તેમણે મારા બિઝનેસ કાર્ડની માગણી કરી. જ્યારે તેમણે મારું કાર્ડ જોયું તો તેને તરત જ ઓળખી ગયા કારણ કે તેમણે મારી રીટેલ શૉપની ઘણી વાર મુલાકાત લીધી હતી અને તેના માટે ખૂબ ઊંચો મત ધરાવતા હતા.* ***તેઓ મારા ધંધા પ્રત્યે ખૂબ ઊંચો આદરભાવ ધરાવતા હતા તે બાબતે મને ખુશ કરી દીધો.***

*તેમણે કહ્યું કે અમારી સંસ્થા ખરેખર નસીબદાર છે કે તમારા જેવા એક* ***કાબેલ વ્યક્તિ*** *લૅકચર આપવા અહીં આવ્યા છે અને તેમણે એવું પણ ઉમેર્યું કે મને ચોક્કસ ખાત્રી છે કે તમારી મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબ જ્ઞાનવર્ધક સાબિત થશે.*

*આ સદ્‌ગૃહસ્થે કરેલી મારી આવી કદરથી તો હું આભો જ બની ગયો અને આશ્ચર્ય અનુભવવા લાગ્યો કે આ માણસ મને ભાગ્યે જ ઓળખતો હશે તેમ છતાંય તેણે મારી કાબેલિયતનું મૂલ્યાંકન કેવી રીતે કર્યું હશે. મને સમજાયું કે* ***મેં જે સાહસભર્યું કાર્ય ઊભું કર્યું હતું તેના પાયા ઉપરથી જ મારી યોગ્યતાઓનું માપ*** *તેમણે કાઢ્યું હતું.*

→ *અહીં અગત્યનું તારણ એ નીકળે છે કે કાં તો તમારી હાજરીમાં કે કાં તો તમારી ગેરહાજરીમાં તમે જે કાર્ય કરી દીધું હોય તેના દ્વારા તમે ઓળખાઓ છો. અને એટલે જ તો પવિત્ર કુરઆને આ બાબતનો ઠેર ઠેર ઉલ્લેખ કર્યો છે કે સર્વશક્તિમાન અલ્લાહનાં બધાં જ સર્જનો* ***તેના અસ્તિત્વની નિશાનીઓ*** *છે. તે સર્વવ્યાપી છે અને પોતાના સર્જનો દ્વારા તેને જોઈ શકાય છે.*

ચાલો આ બાબતને આપણે સૂરએ શોઅરાની નીચેની આયતોથી સમજવાનો પ્રયત્ન કરીએ:

(નીચેની આયતમાં સાલેહ(અ.)ની કોમ તેમના ઉપર ઈમાન લાવવા માટે તેમની પાસેથી એક મોઅજિઝો જોવાનો આગ્રહ રાખે છે.)

- **'તું અમારા જ જેવો એક માણસ છે, પણ જો તું સાચો હોય તો <u>કોઈ નિશાની લઈ આવ.</u>'**

(સૂરએ શોઅરા, આયત-૧૫૪)

- **(સાલેહે) ફરમાવ્યું કે <u>આ એક ઊંટડી (નિશાની તરીકે) છે</u> પાણી પીવાનો એક ઠરાવેલો દિવસ તેના માટે છે, અને એક ઠરાવેલા દિવસનું પાણી તમો સર્વે માટે છે.'**

(સૂરએ શોઅરા, આયત-૧૫૫)

- **'છતાં તેમણે તે(ઊંટડી)ના <u>ઘૂંટણ કાપી નાખ્યા</u> (અને) પછી પસ્તાવા લાગ્યા : <u>પછી તેમને અઝાબે આવી પકડ્યા;</u> બેશક; <u>એમાં પણ નિશાની છે;</u> જો કે તે (સાલેહની કોમ)માંથી ઘણા ખરા ઈમાન લાવ્યા ન હતા.'**

(સૂરએ શોઅરા, આયત-૧૫૭ થી ૧૫૮)

અહીં સાલેહ(અ.)એ તેમની કોમના આગ્રહથી ઊંટડીનો એક મોઅજિઝો બતાવ્યો પરંતુ તેમની કોમના **લોકોએ તેનો ઈન્કાર કર્યો અને તેને મારી નાખી** અને તેથી જ તેમના ઉપર **અઝાબ આવ્યો અને નાશ પામ્યા.**

કોઈ નિષ્કર્ષ ઉપર આવ્યા પહેલાં ચાલો આપણે બે એક વધારે આયતો જોઈએ કે જે આપણને વધારે

યોગ્ય અને તાર્કિક સમજણ આપશે.

મને અહીં સૂરએ અન્કબૂતની આયતોમાંથી બેનો ઉલ્લેખ કરવા દો.

● **સારાંશ (એ) કે તે(ઈબ્રાહીમ)ની કોમનો જવાબ આ સિવાય બીજો કાંઈ જ ન હતો કે તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે તેને કતલ કરી નાખો અથવા તેને બાળી નાખો, પછી <u>અલ્લાહે તે(ઈબ્રાહીમ)ને (નમરૂદની) આગથી બચાવી લીધો;</u> નિઃસંશય જે લોકો ઈમાન રાખે છે તેમના માટે તેમાં <u>(ખુદાની કુદરતની)</u> <u>નિશાનીઓ મોજુદ છે.</u>** (સૂરએ અન્કબૂત, આયત-૨૪)

ઉપરોક્ત આયત હઝરત ઈબ્રાહીમ(અ.)ના જમાનામાં આપને આગમાં નાખવામાં આવ્યા તે પ્રસંગનો સંદર્ભ આપે છે.

● **'અને <u>કારૂન તથા ફિરઓન તથા હામાનનો પણ (નાશ કર્યો), અને ખચીત જ મૂસા તેમની પાસે સ્પષ્ટ દલીલો લઈને આવ્યો હતો, પણ તેમણે તે ભૂમિમાં અહંકાર કર્યો,</u> છતાંય (અમારી પાસેથી કયાંય પણ) છટકી શકયા નહીં પછી <u>અમોએ દરેકને તેમના ગુનાઓના બદલામાં પકડી લીધા.'</u>**

(સૂરએ અન્કબૂત, આયત-૩૯)

ઉપરોક્ત આયત અલ્લાહે મૂસા(અ.)ને આપેલ **બે પ્રખ્યાત મોઅજિઝાઓનો** સંદર્ભ આપે છે જેમાંનો એક હતો **'યદે બૈઝા'** અને બીજો હતો **'અસા'**. અને અલ્લાહે આપેલા હુકમ મુજબ તેમણે બન્ને મોઅજિઝા ફિરઓન અને તેના લોકોની સમક્ષ અલ્લાહનો પયગામ પહોંચાડવા સારું બતાવ્યા હતા અને જ્યારે તેમણે આ બન્ને મોઅજિઝાઓનો ઈન્કાર કર્યો તો તેઓ અઝાબમાં સપડાઈ ગયા.

→ હવે જ્યારે આપણે ઉપરોક્ત બન્ને આયતો જોઈ લીધી છે ત્યારે આપણને જાણવા મળે છે કે બધા પયગમ્બરો **અલ્લાહના નૂરની સ્પષ્ટ નિશાનીઓ** લઈને આવ્યા હતા અને જ્યારે તેમની **કોમે આ નિશાનીઓ સાથે, મોઅજિઝાઓ સાથે બેહૂદુ વર્તન કર્યું** તો **અઝાબમાં સપડાયા અને નાશ પામ્યા.** અહીં એક બીજી સમજવા લાયક બાબત એ છે કે આપણી આજુબાજુના વિસ્તારમાં આપણે જે જે સર્જનોને જોઈએ છીએ તે બધાં જ **અલ્લાહના અસ્તિત્વની નિશાનીઓ** છે અને જે કંઈ પયગમ્બરોની પાસે હતું તે બધા **<u>અલ્લાહના નૂરના મોઅજિઝાઓ</u>** હતા.

આમ જ્યારે બધા જ પયગમ્બરોની પાસે અલ્લાહના નૂરના સ્પષ્ટ મોઅજિઝા હતા તો છેલ્લા પયગમ્બર, રસૂલ(સ.)ની પાસે પણ આવા કોઈ મોઅજિઝા હોવા જ જોઈએ. તો ચાલો આપણે તેમને શોધી કાઢીએ.

સૂરએ નિસાની નીચેની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ ફરમાવ્યું છે :

● **'હે લોકો ! બેશક તમારી પાસે <u>તમારા પરવરદિગાર તરફથી (સત્યધર્મની ખુલ્લી) દલીલ</u> આવી ચૂકી છે અને અમોએ તમારા તરફ સત્ય <u>ખુલ્લું કરીને દેખાડી દેનાર નૂર ઉતાર્યું છે.'</u>**

અહીં ઉપરની આયતોની તફસીર અનુસાર, ઘણા તફસીરકારો દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે **'બુરહાન'** (તમારા પરવરદિગાર તરફની સાબિતી) શબ્દ **રસૂલ(સ.)**નો સંદર્ભ દર્શાવે છે કે જેમના ઉપર **પવિત્ર કુરઆનને નાઝિલ કરવામાં આવ્યું** હતું,જ્યારે **નૂરૂમ મોબીના** (ચમકતું નૂર) શબ્દ **મૌલા અલી અને તેમના વંશમાંથી ઉતરી આવેલ બાકીના ઈમામો દ્વારા થયેલ હિદાયત**નો સંદર્ભ સૂચવે છે.

આથી હકીકત તો એ છે કે રસૂલ(સ.) અને મૌલા અલી(અ.) અને બાકીના ઈમામો **<u>અલ્લાહના નૂરની સાબિતીઓ</u>** છે. હવે વધુમાં ચાલો આપણે આ બાબતને વધારે તાર્કિક દલીલો સાથે સમજીએ. પહેલાં તો મને **કા'બા** વિષેના બે અગત્યના પ્રસંગોનો સમાવેશ કરવા દો અને ત્યાર પછી આપણે આ પ્રસંગોને તેની સાથે જોડીશું અને કોઈ નિષ્કર્ષ પર આવીશું.

ચાલો, સૂરએ બકરની આયતોમાંની નીચેની આયત આપણે જોઈએ :

● **'(તે સમય) નજીક છે કે લોકો માંહેના મૂર્ખાઓ કહેશે કે જે કિબ્લા (બયતુલ મુકદ્દસ) તરફ એ(મુસ્લિમ) લોકો નમાઝ પઢ્યા કરતા હતા (હવે) તેમને (તેમ કરતાં) કઈ વસ્તુએ ફેરવી નાખ્યા? (હે રસૂલ !) કહે કે પૂર્વ અને પશ્ચિમ (બન્ને) અલ્લાહનાં છે; તે જેને ચાહે છે (તેને) સન્માર્ગની હિદાયત કરે છે.'**

(સૂરએ બકર, આયત-૧૪૨)

ઉપરોક્ત આયતમાં અલ્લાહ ફરમાવે છે કે **પૂર્વ અને પશ્ચિમ (બન્ને) તેનાં જ** છે. તો પછી તેણે બયતુલ મુકદ્દસ તરફથી કા'બા તરફ કિબ્લો શા માટે બદલી નાખ્યો ? આ મુદ્દો ચિંતન મનન કરવા જેવો છે.

એ જ સૂરાની નીચેની આયતમાં અલ્લાહ ફરમાવે છે :

● **'(કિબ્લો બદલાવા માટે) તારું આકાશ તરફ મોઢું ફેરવવું અમે ખચીત જ નિહાળીએ છીએ, જેથી જરૂર અમે તારું મુખ એવા એક કિબ્લા તરફ ફેરવી દઈશું કે જેથી તું ખુશ થશે, ત્યારે હવે તું તારું મુખ મસ્જિદુલ હરામ(કા'બા) તરફ ફેરવ; અને (અય મુસલમાનો !) જયાં પણ તમે હો તેની તરફ જ તમારું મુખ ફેરવો...'** (સૂરએ બકર, આયત-૧૪૪)

આનો અર્થ તો એવો થયો કે આ તો રસૂલ(સ.)ની જ ઈચ્છા હતી કે કા'બા કિબ્લો બને અને અલ્લાહ (સુ.વ.ત.)એ, ઉપરની આયત મુજબ તો, આપની ઈચ્છાને પરિપૂર્ણ કરી. વળી ઉપરની આયતમાં **નમાઝ પઢતી વખતે કા'બાની દિશામાં મોઢું રાખવાનું બધા મુસલમાનો માટે વાજિબ કરી દીધું છે.** ઈતિહાસકારો કહે છે કે આ પ્રસંગ મદીનામાં **હિજરતના** બનાવના સત્તર મહિના પછી બનવા પામ્યો હતો.

તો પછી રસૂલ(સ.)એ બયતુલ મુકદ્દસ તરફથી કા'બા તરફ કિબ્લો બદલાની ઈચ્છા શા માટે કરી ?

આ જગ્યાએ મને કા'બાને લગતો બીજો એક વધુ પ્રસંગ ટાંકવા દો. આ પ્રસંગ રસૂલ(સ.)એ પોતાની રિસાલતની જાહેરાત કરી તેનાં થોડાં વર્ષો પહેલાં બન્યો હતો આથી તે પ્રસંગ તો કા'બા કિબ્લો બન્યો તેના ઘણા સમય પહેલાં બન્યો કહેવાય.

**શુક્રવારનો દિવસ.**
**૧૩ મી રજબ.**
**આમુલફીલ-૩૦.**

હઝરત અબુતાલિબ(અ.)નાં **બીબી હઝરત ફાતેમા બિન્તે અસદ(અ.)** કા'બાના સહનમાં પ્રવેશ્યાં અને આવા શબ્દોમાં **અલ્લાહ સમક્ષ દુઆ માગી, 'અય મારા પાલનહાર ! મારી પ્રસવ વેદનાને સરળ બનાવ.'** એકાએક કા'બાની દીવાલમાં જગ્યા થઈ ગઈ અને તેઓ જાણે કોઈ અદૃશ્ય શક્તિ દ્વારા (ખેંચાઈને) કા'બાની અંદરની બાજુએ ગયાં અને દીવાલ બંધ થઈ ગઈ. અબુતાલિબના સૌથી નાના પુત્ર અલી(અ.)નો જન્મ પવિત્ર કા'બાની અંદર થયો. તેઓ ત્રણ દિવસ સુધી અંદર રોકાયા. આ પ્રસંગના સમર્થનમાં ઘણા ઈસ્લામી વિદ્વાનો અને ઈતિહાસકારોએ દસ્તાવેજી પુરાવા આપ્યા છે.

(સંદર્ભ : મોહંમદ ઈબ્ને તલ્હા અલ શાફઈએ મતાલિબુલ સૂલમાં પેજ-૧૧, હકીમે મુસ્તદ્રકમાં પેજ-૪૮૩, ભાગ-૩, અલ ઉમરીએ શર્હે ઔનિયામાં પેજ-૧૫, હલાબીએ સિરામાં ભાગ-૧, પેજ-૧૬૫, સિબ્ત ઈબ્ને અલ જૌઝીએ તઝકેરા ખવાસિલ ઉમ્માહમાં પેજ-૭, ઈબ્ને સબ્બાગ માલેકીએ ફુસૂલુલ મોહિમ્મા પેજ-૧૪, મોહંમદ બિન યૂસુફ શાફઈએ કિફાયેતુલ તાલિબમાં પેજ-૨૬૧, શબ્લન્જીએ નૂરૂલ અબ્સારમાં પેજ-૭૬, ઈબ્ને ઝહરાએ ઘિયાતુલ ઈક્તિસારમાં પેજ-૯૭, એદવીએ નફહતુલ કુદસિયામાં પેજ-૪૧, મોહદ્દિસે દહેલ્વીએ ઈઝાલતુલ ખોલફામાં)

ઉપર આપેલ સંદર્ભો સિવાય પણ એવા તો બીજા કેટલાય ઈતિહાસકારો, સૂફી સંતો જોવા મળે છે કે જેમણે મૌલા અલીના કા'બામાં જન્મ થવાના પ્રસંગનો ઉલ્લેખ કરેલ છે. આવા કેટલાક સંદર્ભો નીચે ટાંકુ છું.

● 'અલીના પહેલાં કા'બામાં કોઈ જન્મ્યો નથી. **આવી વિશેષ યોગ્યતા અલી(અ.)ને તેમનું માન, દરજ્જો અને મોભો વધારવા માટે આપવામાં આવેલી હતી.'** (સંદર્ભ : નુરૂદ્દીન બિન સબ્બાગ માલિકીએ તેની કિતાબ ફુસુલુલ મુહિમ્મામાં

ફસલ-૧, પેજ-૧૪)

● **ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી** પોતાની એક રૂબાઈમાં આ હકીકતનો આવી રીતે ઉલ્લેખ કરે છે કે - 'જ્યારે અલીનો કા'બામાં જન્મ થયો ત્યારે આકાશ અને પૃથ્વી એક (પ્રકારના) નૂરથી ભરાઈ ગયાં હતાં અને જિબ્રઈલ ફરિશ્તાએ એવો પોકાર કર્યો હતો કે અલ્લાહના ઘરમાં એક બાળક જન્મ્યું છે.'

● **મૌલાના રૂમ પોતાની મસનવીમાં** લખે છેઃ 'અય એ માણસ કે જે **અલીની કબરની ઝિયારત માટે નજફ સુધીની મુસાફરી કરે છે,** તેણે આ હકીકતને જાણવી જ જોઈએ કે એમના પ્રત્યેના આપણા **અદમ્ય પ્રેમને કારણે સલામતી બક્ષવા માટે કા'બાનું મોતી અહીં આરામ ફરમાવે છે.'**

● પ્રખ્યાત ઈતિહાસકાર **મસૂદી** પોતાની ઐતિહાસિક કિતાબ મુરુજ અલ ઝહબમાં લખે છે કે **અલ્લાહના પયગમ્બર મોહંમદ(સ.)ના હુકમથી** કા'બાની અંદર અલી(અ.) જન્મ્યા હતા.

હવે જો આપણે બન્ને પ્રસંગોને તાર્કિક રીતે એક બીજા સાથે સાંકળીએ તો એવું લાગે છે કે જેમનાથી ઈમામતની શરૂઆત થવાની હતી તે મૌલા અલી(અ.)નું જન્મ સ્થળ કા'બા હોવાને કારણે રસૂલ(સ.)એ એવી ઈચ્છા કરી હતી કે તે સઘળા મુસલમાનોનો કિબ્લો બને. ઈસ્લામમાં મૌલા અલી(અ.)નો દરજ્જો, ઉચ્ચ સ્થાન અને મોભો સ્થાપવાની વાત ફરીથી પાછી આવી. બીજો એક સંદેશો કે જે બન્ને પ્રસંગો પ્રસ્તુત કરે છે તે એ છે કે **જે રીતે બધા મુસલમાનોએ પોતાની નમાઝ માટે કા'બાની દિશામાં મોઢું રાખવું જોઈએ** એવી જ રીતે તે દરેક મુસલમાને **ઈલાહી હિદાયત પ્રાપ્ત કરવા માટે મૌલા અલી અને તેમના વંશમાંથી ઉતરી આવેલા ઈમામોનું અનુસરણ કરવાનું જ છે.**

ચાલો આપણે કુરઆન તરફ પાછા ફરીએ અને કદાચ એવા કેટલાક પ્રસંગો શોધી કાઢીએ કે જે આપણા નિષ્કર્ષને સમર્થન આપે.

સૂરએ આલે ઈમરાનની આયત અનુસાર :

● **'તથાપિ તે(કુરઆન) વિષે જે જ્ઞાન તને મળી ચૂક્યું છે તે પછી પણ જો કોઈ(નસારો) તારી સાથે તે(ઈસા)ના સંબંધમાં તકરાર કરે તો તું કહે કે <u>આવો, અમે અમારા બેટાઓને બોલાવીએ અને તમે તમારા બેટાઓને, અમે અમારી ઓરતોને બોલાવીએ, તમે તમારી ઓરતોને, અમે અમારા નફસોને બોલાવીએ, તમે તમારા નફસોને;</u> પછી આપણે (અલ્લાહ પાસે) <u>કરગરીને દુઆ કરીએ</u> અને જૂઠું બોલનારાઓ પર અલ્લાહનો ફિટકાર કરીએ.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૬૧)

ઉપરોક્ત આયત પણ મુબાહિલાની આયતના સંદર્ભમાં છે. નામાંકિત ઈતિહાસકારોએ બયાન કરેલી રિવાયતો અનુસાર આ આયત ત્યારે નાઝિલ થઈ છે કે જ્યારે નજરાનના નસારાઓ પયગમ્બર મોહંમદ (સ.)ની રિસાલતના દાવાઓ સામે સંઘર્ષમાં ઉતર્યા હતા અને ઉપરની આયતમાં જે નિર્દેશો થયા હતા તે મુજબ આવો એક મુબાહિલો કરવાનું ગોઠવવામાં આવ્યું હતું કે જેથી ઝઘડાની પતાવટ થાય.

આયતમાં દર્શાવેલ રૂપરેખા મુજબ દરેક પક્ષે આ પ્રસંગે પોતાની સાથે પોતાની સ્ત્રીઓ, પુત્રો અને **અન્ફોસના** - પોતાના સૌથી વધારે નિકટવર્તીઓને લાવવાના હતા.

નસારાઓ પોતાની સાથે ધર્મગુરૂઓ અને વિદ્વાનોનું એક મોટું પ્રતિનિધિ મંડળ લઈને આવ્યા, જ્યારે પયગમ્બર મોહંમદ(સ.)એ **હઝરત અલી, બીબી ફાતેમા અને તેમના દોહિત્રો હસન અને હુસૈનને** ઉપસ્થિત કર્યા. તેમણે હુસૈન(અ.)ને પોતાના હાથમાં તેડેલા હતા અને ઈમામ હસન(અ.)નો હાથ પોતાના હાથમાં પકડ્યો હતો, જનાબે ફાતેમા(સ.)ને તેમની પાછળ પાછળ આવવાનું કહ્યું અને હઝરત અલી(અ.)એ તેમની પાછળ આવવાનું હતું.

નસારાના પ્રતિનિધિ મંડળે જ્યારે આ **પાંચ પાક નૂરાની હસ્તીઓને** આવતી જોઈ તો તેમણે ઝડપથી અંદરોઅંદર મસલત કરી દીધી અને **આ પુનિત આત્માઓનું દશ્ય જોતાંની સાથે જ મુબાહિલો કરવાનું માંડી વાળવા માટે વિનંતી કરી.**

**પયગમ્બર(સ.)ના ઉમદાપણા ઉપર** અને તેમના પયગામ ઉપર **પ્રશ્ન ન ઉઠાવવાની બાબતે** તેઓ સહમત થઈ ગયા. સહમતી ઉપર સહી સિક્કા કરવાનું અને આ નસરાઓ મુસલમાનોને (ભવિષ્યમાં) સતાવશે નહીં એ બાબતનું કરારનામુ હઝરત અલી(અ.) દ્વારા તૈયાર કરવામાં આવ્યું. (સંદર્ભ : ઈમામ ફખ્રુદ્દીન રાઝીએ તફસીરે કબીરમાં ભાગ-૨, પેજ-૭૩, અલ્લામા ઝમખશરીએ તેમની તફસીરે કશ્શાફમાં)

સાઅદ બિન અબુ વક્કાસ પણ રિવાયત કરે છે કે જ્યારે મુબાહિલાની આયત નાઝિલ કરવામાં આવી તો પયગમ્બર મોહંમદ(સ.)એ ઈમામ અલી(અ.), બીબી ફાતેમા(સ.અ.),_ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.)ને બોલાવ્યા અને કહ્યું, **<u>'અય મારા અલ્લાહ ! આ મારા એહલેબયત છે.'</u>**

(સહીહ મુસ્લિમ, ભાગ-૨, પેજ-૨૮૭)

ઉપરોક્ત બાબત ઉપરથી આપણે એવા તારણ પર આવીએ છીએ કે જ્યારે દરેક પયગમ્બરને **અલ્લાહના નૂરના મોઅજિઝા** આપવામાં આવ્યા હતા અને તેમણે આ મોઅજિઝાઓને પોતાના પયગામ પહોંચાડવા માટે નાસ્તિકો સમક્ષ બતાવ્યા હતા, જેવી રીતે કે મૂસા(અ.)એ ફિરઓનની સામે પહોંચાડ્યા, એવી જ રીતે **મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)** પોતે જ **'અલ્લાહના નૂરની સાબિતીઓ'** હતા કેમકે આપણે હમણાં જ જોયું કે મુબાહિલાના ટાણે નજરાનના નસારાઓની સામે માત્ર તેમની હાજરી જ કાફી હતી. તેમના નૂરાની ચહેરાઓએ અને પુનિત આત્માઓએ નસારાઓને કરારનામા સાથે સહમત થવા માટે મજબૂર બનાવી દીધા.

અલ્લાહ(સુ.વ.ત.)એ પોતાના નૂરના મોઅજિઝાઓનો ઈન્કાર કરનાર લોકોને છોડી દીધા નથી જેવું કે આપણે આ લેખમાં જોયું. તો પછી જે 'તેના નૂરની સાબિતીઓનો ઈન્કાર કરશે એમને તો અલ્લાહ થોડો છોડી દેવાનો છે ?'

એટલા માટે તો રસૂલ(સ.)એ ફરમાવ્યું છે :

- **અને જુઓ, જે કોઈ <u>આલે મોહંમદની દુશ્મની</u> સાથે મરે છે, કયામતના દિવસે તેની બન્ને આંખોની વચ્ચે આવું લખેલું હશે, <u>આ અલ્લાહની રહેમતથી નિરાશ(નાઉમેદ) છે...'</u>**

(સંદર્ભ : આ લખાણ અસ્માના ધાર્મિક પ્રવચનમાંથી છે જેની રિવાયત બધા જ ઈસ્લામી લેખકોએ કરી છે. ઝમખ્શરીએ તેમની તફસીરમાં, ઈમામ સઅલ્બીએ તફસીરે કબીરમાં) અને હવે મને મારા લેખનું સમાપન સૂરએ ફુરકાનની આયત સાથે કરવા દો.

- **'અને <u>જે (સુ)કર્મો પણ તેમણે કર્યાં હશે</u> તેની તરફ અમે ધ્યાન આપીશું, પછી અમે તે(કર્મો)ને <u>વિખરાયેલા રજકણો જેવાં કરી નાખીશું.'</u>**

જ્યારે આપણે આ આયત ઉપર વિચાર કરીએ ત્યારે એવું લાગે છે કે જે લોકો અલ્લાહના નૂરની સાબિતીઓનો ઈન્કાર કરશે એટલે કે **જેમણે મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) સાથે મોહબ્બત ન કરી હોય** એવા લોકોનાં સત્કૃત્યોને ધ્યાનમાં લેવામાં નહીં આવે અને તેમના ભાવિને બરબાદ અને પાયમાલ બનાવવામાં આવશે.

આ રીતે આપણે સમાપન કરીએ કે **આપણે જે કંઈ(આપણી આંખો દ્વારા) જોઈએ છીએ તે 'અલ્લાહના અસ્તિત્વની નિશાનીઓ છે, જે કંઈ પયગમ્બરો લાવ્યા હતા તે અલ્લાહના નૂર અંગેના મોઅજિઝાઓ હતા** જ્યારે **મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) તો પોતે જ અલ્લાહના નૂરની સાબિતીઓ છે** અને એટલા માટે જ તો તેમની સાથે મોહબ્બત રાખવા ઉપર અને તેમનું અનુસરણ કરવા ઉપર આટલું બધું મહત્વ આપવામાં આવેલ છે કેમકે **અલ્લાહની રહેમત તેમના પ્રત્યેની મોહબ્બતમાં છુપાયેલી છે.** તેથી અય મારા માલિક! કયામતના દિવસે તું ચોક્કસપણે મારા ઉપર તારી રહેમત વરસાવજે અને મને એવા લોકોના સંગાથે રાખજે કે જેઓ **તારી નૂરાની સાબિતીઓનો** સ્વીકાર કરતા હોય. *

# Proof of Divinity

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

*A professor from a prominent business school had invited me to take a guest lecture in his school and to share my experiences of setting up business with the students.*

*While I was discussing the pedagogy of my proposed lecture with him, the chief faculty, of the B-school came in for some work. As a protocol, this gentleman introduced us.*

*The chief faculty was interested in my business and asked for my business card. When he saw my card he could recognize it as he had visited my retail store many a times and had high regards for it. It made me* ***happy that he held my business in high esteem.***

*He said that his institute was really lucky to have a* ***capable person*** *like me to take up a session and he added that he was sure it would be quite enriching for his students.*

*I was surprised at this gentleman's appreciation for me and wondered how he could judge my capabilities although he had hardly known me. I realized that he gauged* ***my capabilities on the basis of enterprise which I created.***

*➔ The important result here is that either in your presence or absence you are recognized by the work you have done. And that is why Holy Quran has mentioned this on various occasions that all creations of Almighty Allah are* ***Signs of His existence.*** *He is Omnipresent, and can be seen through His creations.*

Let us try to understand this through the following ayahs of Surah-e-Sha'ura:

(In the following ayah the community of Saleh (A.S) insists on seeing a miracle to believe him)

- *"Tum bhi to aakhir hamare hi aise aadmi ho puss agar tum sachhe ho* ***to koi mo'ajiza hamare paas la dikhao****" – (Surah-e-Sha'ura, ayah 154)*

  *"(You are naught but a mortal like ourselves; so bring a sign if you are one of the truthful.)"*

- *"Saleh (A.S) ne kaha* ***yehi oontani mo'ajiza hai*** *ek baari uske paani peene ki hai aur ek muqarar din tumhare paani peene ka hai." – (Surah-e-Sha'ura, ayah 155)*

  *"(He said: This is a she-camel; she shall have her portion of water, and you have your portion of water on an appointed time.)"*

- *"Us per bhi un logon ne us ke* ***paaon kaat daale aur us ko maardala*** *phir khud pashemaan hue* ***phir unhain azaab ne le daala*** *– Beshak us main yaqeenan* ***ek badi ibrat hai*** *aur un main ke bahotere imaan laane waale bhi na the." – (Surah-e-Sha'ura, ayah 157-158)*

  *"(But they ham-strung her: then did they become full of regrets. But the Penalty seized them.* ***Verily in this is a Sign****: but most of them do not believe.)"*

Here Saleh (A.S) on the insistence of his community displayed a miracle of a she-camel but his **people rejected and killed it** and hence were **doomed and destroyed**.

Before coming to any result let us see couple of more ayahs which will give us more proper and logical understanding.

Let me mention here two ayahs of Surah-e-Ankaboot:

- *"Gharaz Ibrahim (A.S) ki qaum ke paas un baton ka uske siwa aur koi jawab na tha ke baaham kahne lage usko maar daalo ya jala kar khaak kar daalo aakhir wo kar guzre, to* ***Khuda ne unko aag se bachaliya*** *usmain shak nahin ke duniya daar logon ke waste iss waaqae main* ***<u>Qudrat-e-Khuda ki bahot si nishaniyan hai</u>****." – (Surah-e-Ankaboot, ayah 24)*

  *"(So naught was the answer of his people except that they said: Slay him or burn him; then* ***Allah delivered him from the fire****; most surely* ***there are signs in this for a people*** *who believe.)"*

The above ayah refers to the incidence of fire during the time of Ibrahim (A.S).

- *"Aur* ***Hum hi ne Qaroon wa Firon wa Haaman ko bhi halaak kar dala haanlaake un logon ke paas Musa (A.S) waaze wa roshan mo'ajize le kar aaye phir bhi yeh log rooe zameen main sarkashi karte the*** *aur Hum se nikalkar kahin aage na badh sake to* ***Hum ne sab ko unke gunaah ki sazaa main le daala."*** *– (Surah-e-Ankaboot, ayah 39)*

  *"((Remember also) Qarun, Pharaoh, and Haman: there came to them* ***Moses with Clear Signs, but they behaved with insolence on the earth;*** *yet they could not overreach Us. So each We punished for his sins)"*

The above ayah refers to **two prominent signs** given to Musa (A.S) by Allah, one was ***'Yade Beza'*** and the other was ***'Asa',*** and as per the order given by Allah, he had displayed these signs in front of Pharaoh and his people to convey Allah's message. And when they rejected these signs they were doomed.

➔ Now, when we see all the above ayahs, we find that every prophet came with clear **Signs of Allah's divinity**. And when his **community misbehaved with these signs** it was **doomed and destroyed**. The other thing worth understanding here is that whichever creations we behold in our surroundings are **Signs of Allah's Existence** and whatever the prophets had were **<u>Signs of Allah's Divinity.</u>**

So while all the prophets had the clear signs of Allah's divinity with them, Rasool (SAW), the last prophet, must also be having these signs, so let us try to find out.

In the following ayah from Surah-e-Nisa, Allah (SWT) has said:

- *"Ae logo usmain to shak hi nahin ke tumhare paas* ***Parvardigaar ki taraf se deen-e-Haq ki dalil*** *aa chuki aur Hum tumhare paas* ***ek chamakta hua Noor naazil kar chuke hai****.." – (Surah-e-Nisa, ayah 174)*

  *"(O mankind! Indeed hath come to you* ***(an undeniable) Proof from your Lord****, and We have sent down unto you* ***a Manifest Light****.)"*

Here, as per the interpretation of the above ayahs, it is mentioned by many commentators that '***Burrhaan'*** (Proof from your Lord) refers to **Rasool (SAW),** on whom **Holy Quran was revealed**. While

‘***Noorum Moobeena’*** (Manifest Light) refers to **guidance through Mawla Ali and rest of Imams** from his lineage.

So, the fact is that Rasool (SAW) and Mawla Ali (A.S) and rest of Imams are the **Proof of Allah’s Divinity.** Now let us further understand this with more logical reasoning. Let me first cover two important incidences pertaining to **Kaaba** and then we will try to connect the events and reach a conclusion.

let us see the following ayah from Surah-e-Baqra:

- *“Baaz ahmaq log ye keh baithenge ki Muslamaan jis Qible Baitul Mukkadas ki taraf pehle se sajda karte the usse dusre qible ki taraf mudjaane ka kya baais hua. Ae Rasool (SAW) tum un ke jawab main kaho* ***purab pachcheem sab Khuda ka hai*** *jise chahta hai sidhe raaste ki taraf hidayat karta hai.” – (Surah-e-Baqra, ayah 142)*

  *“(The fools among the people will say: What has turned them from their Qiblah which they had? Say:* ***The East and the West belong only to Allah****; He guides whom He likes to the right path.)”*

Allah says in the above ayah that East and the West belong to Him, then why did He change the Qibla from Baitul Mukkadas to Kaaba? This point is worth contemplating.

In the following ayah from the same Surah, Allah says:

- *“Ae Rasool (SAW)* ***qibla badalne ke waaste beshak tumhara baar baar aasman ki taraf mooh karna Hum dekh rahe hai*** *to Hum zaroor tum ko aise* ***qible ki taraf pher denge ke tum nihaal ho jaao*** *achha to namaz hi main tum* ***Masjid-e-Mohtram Kaabe ki taraf mooh karlo*** *aur* ***ae Musalmaanon tum jahan kahin bhi ho usi ki taraf apna mooh kar liya karo..”*** *– (Surah-e-Baqra, ayah 144)*

  *“(****Indeed We see the turning of your face to heaven****, so* ***We shall surely turn you to a Qiblah which you shall like****; turn then your face towards the Sacred Mosque, and* ***wherever you are, turn your face towards it.)”***

It means that it was Rasool (SAW)’s wish that Kaaba should be a Qibla and Allah (SWT) fulfilled his wish as per the above ayah. Also, in the above ayah **it has made mandatory for all Muslims** to **face the direction of Kaaba while offering their namaz**. Historians say that this incidence took place in Medina, seventeen months after the event of **Hijrat**.

So why did Rasool (SAW) wish for the change in Qibla from Baitul Mukkadas to Kaaba?

Let me quote here one more incidence related to Kaaba, this happened few years before Rasool (SAW) announced his prophet hood and hence much before Kaaba became the Qibla.

It was **Friday 13th of Rajab 30 Amulfeel, Hazrat Fatima binte Asad (A. S)**, the wife of Hazrat Abu Talib (A.S) entered the precincts of the Kaaba and **prayed to Allah saying "O'my protector ease my pain**.' All of a sudden the wall of the Kaaba opened up and she, as if by some unseen force went inside the Kaaba and the wall closed. Ali (A.S) the youngest son of Abu Talib was born inside the Holy Kaaba. She stayed inside for three days. This incidence is well documented by many Islamic scholars and historians.

(૧૪) ત્રણ પ્રકારના ખાસ માણસો છે કે જેમને ખુદા (હિસાબ અંગે) પૂછપરછ કર્યા વગર જન્નતમાં દાખલ કરશે :

(૧) આદિલ ઈમામ

(૨) સાચું બોલનાર વેપારી

(૩) એ શેખ કે જેણે પોતાની ઉંમર ખુદાની ઈતાઅતમાં ફના કરી દીધી હોય.

(૧૫) ત્રણ વસ્તુઓ ઈમાનના ખજાનામાંથી છે : (૧) મુસીબતને ગુપ્ત રાખવી (૨) સમર્થન કરવું (૩) બીમારીને સહન કરવી.

(૧૬) તમારા નફસ પાસેથી હિસાબ લો એ પહેલાં કે તમારો હિસાબ લેવામાં આવે અને તેમને તપાસી લો એ પહેલાં કે તમારી તપાસ કરવામાં આવે.

(૧૭) ખુદાની નેઅમતોની હિફાઝત સિલએ રહમ (સગાવહાલાઓ સાથે સદ્વ્યવહાર) છે.

(૧૮) કોઈ મુસ્લિમનો બીજા મુસ્લિમ ઉપરનો હક સાત આદતો ઉપર આધારિત છે : (૧) જયારે તેને જુઓ તો સલામ કરો (૨) દા'વત આપે તો કબૂલ કરો (૩) બીમાર થઈ જાય તો ખબર પૂછવા જાઓ. (૪) જો તે મરી જાય તો તેના જનાઝામાં શામેલ થાઓ. (૫) જે વસ્તુ પોતાના માટે ઈચ્છો તેવી તેના માટે પણ ઈચ્છો. (૬) પોતાના માટે જે વસ્તુ મકરૂહ સમજો તે તેના માટે પણ મકરૂહ સમજો અને (૭) પોતાના માલ અને જાનથી તેના ગમને દૂર કરો.

(૧૯) કાર્યોની સફળતા માટે સર્વશ્રેષ્ઠ વસ્તુ ખુદા તઆલાનો ઝિક્ર છે.

(૨૦) સર્વશ્રેષ્ઠ માણસ કે જેની સોબત અપનાવવી જોઈએ તે એ છે કે જે તને એવા હાકિમની આગળ મોહતાજ ન કરે કે જે તારી અને એની વચ્ચે હુકૂમત કરતો હોય.

(૨૧) પાંચ ખાસિયતો મોમિનની નિશાનીઓમાંથી છે : (૧) મખ્લૂકમાં પરહેઝગારી (૨) માલની અછતમાં સદકો આપવો (૩) દુઃખો આવી પડે ત્યારે સબ્ર (૪) ગઝબના સમયે નમ્રતા (હિલ્મ) અને (૫) ખૌફના સમયે સચ્ચાઈપૂર્વકની વાણી.

(૨૨) શુક્રનું વધારે પ્રમાણ અને સિલે રહમ નેઅમતોને વધારી દે છે અને મોતને વિલંબમાં મૂકી દે છે.

(૨૩) સૌથી ખરાબ માણસ તે છે કે જે કોઈની ભૂલને માફ કરતો નથી અને કોઈના ઐબને ન છૂપાવે.

(૨૪) સિલે રહમ મોતને દૂર કરી દે છે અને માલને વધારી દે છે.

(૨૫) બે માણસોની વચ્ચે સુલેહ કરાવી દેવી એક વર્ષની નમાઝ-રોઝા કરતાં ય અફઝલ છે.

(૨૬) ભાગ્યશાળી માણસ એ છે કે જેને ખાવાનું નસીબ થઈ ગયું હોય, (રોટલી) તોડીને ખાતો હોય, પોતાની ભૂલો માટે રડતો હોય, પોતાના નફસ સાથે તાબમાં રહેતો હોય અને લોકો તેનાથી સંતોષ અનુભવતા હોય.

(૨૭) દુનિયાની ઈચ્છા કરવાવાળો પોતાની આખેરત ખોઈ બેસે છે અને અણધાર્યું મોત તેને ઘેરી લે છે, જો કે દુનિયામાંથી જે કંઈ તેના નસીબમાં લખાઈ ચૂક્યું હોય છે તેના સિવાય બીજું કંઈ તેને મળતું નથી.

(૨૮) આખેરતની ઈચ્છા કરવાવાળો પોતાની આરઝૂઓ મેળવે છે અને દુનિયામાંથી જે કંઈ તેના નસીબમાં લખાઈ ચૂક્યું છે તે તેને મળી જાય છે. (ક્રમશઃ)


**લગ્ન વિષયક**

નીચેની વિગત ધરાવતી યુવતી માટે જીવન સાથી જોઈએ છે.

- ✶ **ઉંમર** : **૨૯ વર્ષ**
- ✶ **લગ્ન વિષયક સ્થિતિ** : **કુંવારી**
- ✶ **વ્યવસાય** : **અમદાવાદમાં નોકરી ચાલુ**
- ✶ **અભ્યાસ** : **M.Lib.**(Master of Library and Information Science), **M.Phil.** (Library and Information Science)

Contact No- 9725000429
Email- manjurali.momin@sbi-life.com, manzurali440@gmail.com

ઉપરોક્ત લાયકાત ધરાવનાર યુવતી માટે શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતનો શિક્ષિત યુવક જોઈએ છે. આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.

*ખુશખબર...* *ખુશખબર...*

**થરાદરા મહેંદીહસન** મો. ૯૪૨૬૪૭૨૪૨૯
મો. ૯૮૨૪૨૦૦૩૪૦

**નૂર ઈલેક્ટ્રીક વર્ક્સ**



**લાઈટ ફીટીંગ, પલ્બર ફીટીંગ તથા ગેસ રીપેરીંગ કરી આપવામાં આવશે.**

**હોટલનો ગેસ સામાન મળશે.**

**ગ્રાહકને સંતોષકારક કામ કરી આપીશું**

**૧૧૭, સામર્થ્ય કોમ્પલેક્ષ, તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.**

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## ખૈબરમાં ઈસ્લામી લશ્કરના અલમની સોંપણી

જંગે ખૈબરમાં જ્યારે નાસી જનારાઓએ નાસી જવાનું અપનાવી લીધું. અલમબરદારીનો જલીલુલ કદ્ર હોદ્દો આપવાનો સવાલ પેદા થયો કે છેવટે ઈસ્લામનો પરચમ કયા લડવૈયાને આપવામાં આવે કે જે જંગને ફતેહ કરી શકે. અત્યાર સુધી જે લોકોને અલમ આપવામાં આવ્યો હતો તે બધા જંગના મેદાનમાંથી ફરાર થઈ ગયા હતા. જ્યારે પહેલો માણસ અલમ લઈને ભાગ્યો તો ફોજમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને આવી હરકતથી અક્કલવાળા લોકો બેઝાર થઈ ગયા. ત્યાર પછી અલમ એક બીજા માણસને આપવામાં આવ્યો. તો તે પણ જંગના મેદાનમાંથી એવી જ રીતે નાસી ગયો જેવી રીતે પહેલો નાસી ગયો હતો. પરિણામ એ આવ્યું કે ઈસ્લામની ઈજ્જતને જબરદસ્ત ધક્કો લાગ્યો કેમકે તેના બે સિપેહસાલારો જંગના મેદાનમાંથી નાસી ચૂક્યા હતા. આવી ખરાબ હાલત જોઈને પયગમ્બરે ખુદા(સ.)ને અતિશય નિરાશા ઉપજી કેમકે મુસલમાનોમાં સખત ગમ અને ગુસ્સો જોવા મળતો હતો અને ઘણા લોકો હુઝૂર(સ.)નો વિરોધ કરવા તત્પર થઈ ગયા હતા કે હુઝૂર(સ.)એ આવા લોકોને પરચમ શા માટે આપ્યો કે જેમની આદતમાં નાસી જવું વણાયેલું હતું. ત્યાર પછી હુઝૂર(સ.)એ આમ લોકોની સામે એવું એલાન કર્યું કે -

'આવતી કાલે હું એવા માણસને અલમ આપીશ કે જે અલ્લાહ અને રસૂલ(સ.)ને દોસ્ત રાખતો હશે અને અલ્લાહ અને રસૂલ(સ.) તેને દોસ્ત રાખતા હશે, જે કર્રાર અને ગૈરેફર્રાર (નાસી ન જનારો) હશે. તે જંગના મેદાનમાંથી ત્યાં સુધી પાછો નહીં આવે જ્યાં સુધી અલ્લાહ તેના હાથો ઉપર વિજય ન અપાવે. સમય આવ્યો ત્યારે આપ(સ.)એ અલમ અમીરુલ મોમિનીન(અ.)ના હાથ મુબારકમાં આપી દીધો અને એવું જ થયું. આપ (અ.)ના હાથ પર વિજય મળ્યો. હુઝૂર(સ.)એ જે કંઈ કહ્યું હતું તે શબ્દે શબ્દ સાચું સાબિત થયું.

અમીરુલ મોમિનીન(અ.) અલમ લઈને આગળ વધ્યા અને મુસલમાનોના લશ્કરને આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું. આપ(અ.)એ જંગની બગડેલી પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી લીધો. આપ(અ.)ના સિવાય બીજો કોઈ આવી ખરાબ હાલત ઉપર કાબૂ મેળવી શકે તેમ ન હતો. જંગે ખૈબરમાં જેવી લડાઈ અમીરુલ મોમિનીન(અ.)એ કરી હતી એવી લડાઈ આજ દિન સુધી કોઈ બીજા અલમદારે કરી નહીં હોય. જેહાદની જેવી ફઝીલત અમીરુલ મોમિનીન(અ.)ના ભાગમાં આવી હતી તેવી આજ સુધી કોઈ પણ અલમદારને નસીબ ન થઈ. આ પ્રસંગે હિસાન બિન સાબિતે કેટલાક અશઆર રચ્યા છે જેનો ભાવાર્થ આ મુજબ છે :

- અલી(અ.) આંખો સૂઝી જવાની બીમારીમાં ગિરફતાર હતા અને તેમને દવાની જરૂર હતી પરંતુ પોતાના રોગના ઉપચાર માટે કોઈની ય મદદ ન લીધી.
- રસૂલે ખુદા(સ.)એ પોતાનું લુઆબેદહન લગાવ્યું અને શિફા થઈ ગઈ અને ત્યાર પછી ક્યારેય પણ તેમની આંખો સૂઝી નહીં.
- હુઝૂર(સ.)એ ફરમાવ્યું, 'આજે હું અલમ એવા માણસને આપીશ કે જે દિલેર હશે, લડવૈયો હશે અને ખુદાનો દોસ્ત હશે.'
- તે અલ્લાહ સાથે મોહબ્બત કરતો હશે અને

અલ્લાહ તેની સાથે મોહબ્બત કરતો હશે. અલ્લાહ આ કિલ્લા ઉપર વિજય તેના હાથે અપાવશે.

- તેમણે (રસૂલ(સ.)એ) સઘળી મખ્લૂકાતમાં અલી(અ.)ના દરજ્જાને અફઝલ બનાવ્યો અને કહ્યું કે તે મારો વઝીર અને ભાઈ છે.

## મક્કામાં સૂરએ બરાતનું લઈ જવું અને એહકામથી લોકોને જાણકારી આપવી.

હઝરત અલી(અ.)ની ફઝીલતના બારામાં સૂરએ બારાત લઈ જવાનો પણ એક કિસ્સો ખૂબ જ મશહૂર છે. પયગમ્બર(સ.)એ પહેલાં તો આ સૂરો અબુબકર(રઝી.અ.)ને આપ્યો હતો કે તેઓ તેને મક્કા લઈ જાય અને બુતપરસ્તો સાથેના દોસ્તીના સંબંધને રદ કરી દે. જ્યારે તેઓ ખૂબ દૂર ચાલ્યા ગયા તો જિબ્રઈલ(અ.) પયગમ્બર(સ.)ની પાસે આવ્યા અને તેમણે આવું કહ્યું,

'અલ્લાહ દુરૂદો સલામ બાદ આપને એવો હુકમ આપે છે કે કાફિરો સાથેની દોસ્તી ખતમ કરવાના કામને કાંતો આપ પોતે કરો અથવા તો એવો માણસ કરે કે જે આપનાથી (આપનો રિશ્તેદાર) હોય.'

રસૂલલ્લાહ(સ.)એ તરત જ હઝરત અલી(અ.)ને બોલાવ્યા અને તેમને કહ્યું,

'મારી ઊંટડી અઝબા પર સવાર થઈને અબુબકર(રઝી.અ.)ની પાસે જાઓ. તેમની પાસેથી એ દસ્તાવેજ (સૂરએ બારાત) કે જેમાં દોસ્તીનો સંબંધ રદ કરવાનો હુકમ છે તે લઈ લો અને તમે પોતે જ તેને લઈને મક્કા જાઓ અને કાફિરોની સાથે દોસ્તીનો સંબંધ તોડી નાખો. તમે અબુબકર(રઝી.અ.)ને એવું કહેજો કે તમને ઈખ્તિયાર છે કે જો તેઓ ઈચ્છે તો તમારી સાથે જઈ શકે છે અને ઈચ્છે તો પાછા આવી શકે છે.'

અમીરુલ મોમિનીન(અ.) તે ઊંટડી ઉપર સવાર થયા કે જેનું નામ અઝબા હતું અને આ ઊંટડીને પયગમ્બર(સ.)ની ખાસ સવારી સમજવામાં આવતી હતી. અબુબકર(રઝી.અ.) ઉલ્ઝનમાં પડી ગયા. આપ(અ.)એ તેમને સલામ કરી તો તેમણે પૂછ્યું,

'અય અબુલ હસન ! આપ શા માટે આવ્યા છો ? શું આપ પણ મારી સાથે આવવાના કે પછી આપના આવવાનું કોઈ બીજું કારણ છે ?'

અમીરુલ મોમિનીન(અ.)એ કહ્યું,

'રસૂલિલ્લાહ(સ.)એ મને હુકમ આપ્યો છે કે હું તમને મળીને એવું બતાવી દઉં કે આપને જે સૂરએ બરાત આપવામાં આવી છે તે હું લઈ લઉં અને તેને બતાવીને બુતપરસ્તો સાથેનો દોસ્તીનો એ સંબંધ તોડી નાખું કે જે તેમની સાથે કરવામાં આવેલો હતો. હુઝૂર(સ.)એ એવો પણ હુકમ આપ્યો છે કે જો આપ ઈચ્છતા હો તો મારી સાથે આવી શકો છો નહિતર આપ પાછા જઈ શકો છો.'

તેમણે તેનો જવાબ આ રીતે આપ્યો,

'બેશક હું હુઝૂર(સ.)ની પાસે પાછો જઈશ.'

આ રીતે તેઓ પયગમ્બરે ઈસ્લામ(સ.)ની પાસે ચાલ્યા ગયા. જ્યારે તેઓ હુઝૂર(સ.)ની પાસે પહોંચ્યા તો કહેવા લાગ્યા,

'અય અલ્લાહના રસૂલ ! આપે જ મને આ શરફ બક્ષ્યો હતો કે આ મહાન કાર્યને હું કરું. એ વખતે લોકોએ સારસની માફક ડોક ઊંચી કરીને મને જોયો હતો. જ્યારે હું આ સોંપેલા કાર્ય માટે રવાના થઈ ગયો તો આપ(સ.)એ મને આ ખિદમતથી ફારેગ કરી દીધો. મારા બારામાં કુરાનની કોઈ આયત નાઝિલ થઈ છે કે શું ?'

રસૂલે ખુદા(સ.)એ જવાબ આપ્યો,

'જિબ્રઈલે અમીન(અ.) ખુદાએ ઈઝઝો-જલનો પયગામ લઈને મારી પાસે આવ્યા હતા અને કહ્યું કે અલ્લાહ તઆલાનો હુકમ છે કે દોસ્તીના સંબંધને રદ કરવાનું કામ કોઈ બીજો નહીં કરે. આ કામ કાંતો આપ પોતે કરજો કે આપનો (રિશ્તેદાર) માણસ કરશે. અલી(અ.) મારા રિશ્તેદાર છે તેથી આ કામ અલી(અ.)ને આપવામાં આવ્યું છે.'(ક્રમશઃ)

# સર્વશ્રેષ્ઠ સમરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**ઈમામ હસન(અ.)ની કરામતો :**

અઉમશ(રહે.અ.) નકલ કરે છે કે એક ખબીસે (દુષ્ટ માણસે)..... ઈમામ હસન(અ.)ના પવિત્ર મઝાર પર બેઅદબી કરી ત્યાર પછી તે ગાંડો થઈ ગયો અને કૂતરની માફક ભસવા લાગ્યો અને તે મરી ગયો. જ્યારે તે દફન થયો તો તેની કબરમાંથી પણ કૂતરાના ભસવાનો અવાજ આવતો રહ્યો.

**ઈમામ હસન(અ.)નો ઝોહદ :**

અને જનાબે હસન(અ.)ના ઝોહદની બાબતમાં રિવાયત છે કે ત્રણ વખત તેમણે પોતાની સમગ્ર મિલકતને રાહે ખુદામાં લૂંટાવી દીધી હતી અને બે વખત તો પોતાની અડધી મિલકત લૂંટાવી દીધી એટલે સુધી કે પોતાનાં પગરખાંમાંથી એક રાખી લીધું અને એક રાહે ખુદામાં આપી દીધું.

**ઈમામ હસન(અ.)ની સખાવત :**

(૧) અને ઈમામ હસન(અ.)ની સખાવતની બાબતમાં રિવાયત છે કે એક માણસે આપની પાસે કંઈક માગ્યું તો આપે તેને પચાસ હજાર પાંચસો દિરહમની બક્ષિસ કરી દીધી અને ફરમાવ્યું કે હમાલને (મજૂરને) લઈ આવ જેથી ઉપાડીને લઈ જાય. તે હમાલને લઈ આવ્યો. આપ(અ.)એ તે હમાલને પોતાનો ઝભ્ભો ઉતારીને આપી દીધો અને ઈરશાદ ફરમાવ્યો કે મજૂરની મજૂરી પણ અમારા તરફથી હોવી જોઈએ.

(૨) એક માણસે જનાબે હસન(અ.)ની પાસે કંઈક માગ્યું અને પોતાની ખરાબ હાલતની શિકાયત કરી. આપ(અ.)એ પોતાના વકીલને બોલાવ્યો અને આપ(અ.) પોતાની આવક અને ખર્ચની તપાસ કરવા લાગ્યા એટલે સુધી કે સઘળી તપાસ થઈ ચૂકી. પોતાના વકીલને ફરમાવ્યું, હવે જે કંઈ ફાઝલ હોય તે લઈ આવો. તે પચાસ હજાર દિરહમ લઈ આવ્યો. ત્યાર પછી આપે ફરમાવ્યું કે તારી પાસે પાંચસો દીનાર હતા તેનું તેં શું કર્યું ? વકીલે અરજ કરી, તે મારી પાસે મોજૂદ છે. આપ(અ.)એ ફરમાવ્યું, તેને હાજર કર. જ્યારે તે રકમ તેણે હાજર કરી તો આપે તે બધા જ દિરહમ અને દીનાર તે માણસને આપી દીધા અને તેની માફી માગી.

(૩) વળી આપ જનાબ(અ.)ના કરમની બાબતમાં નકલ કરવામાં આવેલ છે કે આપ(અ.)એ એવું સાભળ્યું કે એક માણસ અલ્લાહ જલ્લે જલાલહુથી દસ હજાર દિરહમ માગી રહ્યો છે. જનાબે હસન(અ.) ઘેર પાછા વળ્યા અને તેની પાસે દસ હજાર દિરહમ મોકલાવી દીધા.

(૪) જનાબે હસન(અ.)ને લોકોએ અરજ કરી કે આપને અમે જોઈએ છીએ કે આપ ફાકાથી હો છો તેમ છતાંય સાઈલના સવાલને રદ કરતા નથી. આપ(અ.)એ ફરમાવ્યું, હું ખુદાની દરગાહનો સાઈલ છું અને ખુદા પાસે માગવાવાળો છું અને મને શરમ આવે છે કે સાઈલ થઈને કોઈ સાઈલના સવાલને રદ કરું. ખુદાવંદે તઆલાએ મારી સાથે એવી ટેવ પાડી છે કે તે મારા ઉપર પોતાની નેઅમતોને પહોંચાડે છે અને મેં એવી આદત પાડી છે કે તેની નેઅમતોને તેની ખિલ્કત સુધી પહોંચાડી દઉં. તેથી હું ડરું છું કે જો હું મારી આદતને રોકી દઉં તો અલ્લાહની આદત ક્યાંક બંધ ન થઈ જાય. ત્યાર પછી આપે આ શેઅર પઢ્યો કે જ્યારે મારી પાસે કોઈ સાઈલ આવે છે તો હું મરહબા કહું છું, તેના ફઝલથી જ છે મારા ઉપર ફરજને જલ્દી અદા કરવાનું અને તેના ફઝલથી દરેક ફાઝિલ પર ફઝલ છે અને જવાંમર્દોની ઉંમરમાં એ હિસ્સો ખૂબ જ અફઝલ છે કે જેમાં તે બક્ષિસ કરે છે.

**ઈમામ હસન(અ.)ની મહેમાનદારી :**

ઉલ્માઓની એક જમાઅતે પોતાના ગ્રંથોમાં આ બાબતનું વર્ણન કર્યું છે કે જનાબે ઈમામ હસન(અ.) એક વખત થોડાક છોકરાઓની પાસે થઈને પસાર થઈ

રહ્યા હતા કે જેમની પાસે રોટલીઓના ટુકડા હતા. છોકરાઓએ આપની મહેમાનદારી કરી. આપ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને તેમની સાથે ખાવા બેઠા. ત્યાર પછી તેમને પોતાના ઘેર લઈ ગયા અને તેમને નવાં કપડાં પહેરાવ્યાં અને તેમને બદલો આપવા માટે હુકમ કર્યો અને ફરમાવ્યું કેમકે તેમની પાસે તો તેમણે મને જે કંઈ ખવડાવ્યું તેના સિવાય બીજું કંઈ હતું જ નહીં જ્યારે આપણી પાસે તો તેમના કરતાં વધારે છે.

**જનાબે ઈમામ હસન(અ.)નો તવક્કુલ (ખુદા ઉપર ભરોસો) :**

રિવાયત છે કે જનાબે ઈમામ હસન(અ.)ને એવી ખબર મળી કે અબૂઝર(રઝી.અ.) કહે છે કે તવંગરી કરતાં તો મારી દ્દષ્ટિએ ગરીબાઈ બેહતર છે અને તંદુરસ્તી કરતાં બીમારી (બેહતર છે). આપ(અ.)એ ફરમાવ્યું, અબૂઝર પર ખુદા રહમ કરે. હું તો એવું કહું છું કે જેણે ખુદાના હસ્ને ઈખ્તિયાર (ઈખ્તિયાર/આધિપત્યની સુંદરતા) ઉપર તવક્કુલ કર્યો તો તે શા માટે ખુદાના ઈખ્તિયાર સિવાય બીજું કંઈ ઈખ્તિયાર કરે ?

**જનાબે ઈમામ હસન(અ.)નું હિલ્મ(વિનમ્રતા):**

(૧) ઉમૈર બિન ઈસ્હાક કહે છે કે મરવાન અમારા ઉપર હાકિમ હતો અને તે દરેક જુમ્આના દિવસે મિમ્બર ઉપર ચઢીને જનાબે અમીર(અ.) વિષે અપશબ્દો બોલતો હતો અને જનાબે હસન(અ.) તે સાંભળતા હતા અને કંઈ જવાબ આપતા ન હતા. એક દિવસ તેણે જનાબે હસન(અ.)ની પાસે માણસને મોકલ્યો અને એવું કહેવડાવ્યું કે અલી પર અલી પર અને તારા ઉપર અને તારા ઉપર અને તારા ઉપર અને તમારું ઉદાહરણ એક ખચ્ચર જેવું છે કે જ્યારે તેને પૂછવામાં આવે છે કે તારો બાપ કોણ છે ? તો તે કહે છે કે મારી આ ઘોડી છે. જનાબે હસન(અ.)એ ફરમાવ્યું, તું પાછો મરવાનની પાસે જા અને અમારા તરફથી બયાન કર કે ખુદાની કસમ છે કે અમે તને કોઈ વાતે ભૂલ્યા નથી પરંતુ અમારી અને તારી વચ્ચે પરવરદિગાર ઈન્સાફ કરવાવાળો છે. અગર તું સાચું કહી રહ્યો હોય તો ખુદાવંદે તઆલા તને સારો બદલો આપશે અને અગર તું જૂઠું બકી રહ્યો હોય તો પરવરદિગારનો ઈન્તેકામ(બદલો) સખત છે.

(૨) ઝર બિન સવારથી નકલ છે કે જનાબે ઈમામ હસન(અ.) અને મરવાનની વચ્ચે વાતચીત થઈ રહી હતી. મરવાન ગાળો બોલવા લાગ્યો. જનાબે હસન(અ.) ચૂપ થઈ ગયા. મરવાને સીધા હાથથી નાક સાફ કરવા લાગ્યો. જનાબે હસન(અ.)એ ફરમાવ્યું, અફસોસ છે તારા ઉપર તું જાણતો નથી કે સીધો હાથ મોઢાના માટે છે અને ઉલટો હાથ બે વસ્તુઓની જગ્યા માટે હોય છે, અફસોસ છે તારા ઉપર. મરવાન ચૂપ થઈ ગયો.

(૩) ઉમૈર બિન ઈસ્હાક કહે છે કે કોઈએ મારી પાસે એવી વાત નથી કરી કે મને પણ માલૂમ પડે જ્યારે કે જનાબે ઈમામ હસન(અ.) વાત કરવા માંડતા તો તેનું ચૂપ રહેવું જનાબે હસન(અ.)ની સાથે યોગ્ય લાગતું હતું. મેં કદી પણ કોઈ ખરાબ શબ્દો એમના મુબારક મોઢેથી નીકળતા નથી સાંભળ્યા, સિવાય એક વખત કે જનાબે હસન(અ.) અને ઉમર બિન ઉસ્માન વચ્ચે એક જમીનની બાબતમાં ઝઘડો ચાલતો હતો. જનાબે હસન(અ.)એ એક વિકલ્પ બતાવ્યો પરંતુ ઉમરૂ બિન ઉસ્માન તેનાથી રાજી ન થયો. જનાબે હસન(અ.)એ ફરમાવ્યું, અમારી પાસે તેના નાક ઉપર માટી નાખવા સિવાય બીજું કોઈ કાર્ય બાકી નથી. ઉમૈર બિન ઈસ્હાક કહે છે કે આ જાણે કે ખૂબ જ ખરાબ વાક્ય હતું કે જે મેં જનાબે હસનના મોઢે સાંભળ્યું હતું.*


**સંતોષકારક પ્લમ્બીંગ**

**કામ માટે મળો.**

☆

**મુરાદઅલી ભુરા**

**ઈલોલ (તલાવ)**

**મો. ૭૪૦૫૦ ૮૫૦૧૮**

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### ઈસ્લામી શિષ્ટાચાર

### મુસાફહ (مصافحه)

મુસાફહ અરબી ભાષાનો શબ્દ છે જેને અલ મુસાફહ ( اَلْمُصَافَحَةُ ) કહેવામાં આવે છે જેનો અર્થ થાય છે હાથ મિલાવવા, હસ્તધૂનન કરવું, અંગ્રેજીમાં તેને Shake hand કહેવામાં આવે છે. દેશી ભાષામાં આપણે મુસાફો કહીએ છીએ. ઈસ્લામ ધર્મમાં મુસાફહ કરવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો મુસાફહ કરવો તે એક ઈસ્લામી શિષ્ટાચાર છે. બે મોમિનો અથવા બે મુસલમાનો એકબીજાને મળે ત્યારે સૌ પ્રથમ એકબીજાને સલામ કરે અને ત્યાર પછી મુસાફહ કરે તે બાબત ખૂબ જરૂરી છે કારણ કે તેનાથી તે બન્નેને ખૂબ લાભ થાય છે.

ઉસૂલે કાફી(ઉર્દૂ), ભાગ-૪, બાબ-૨૦૬, પેજ નં.૮૫ થી ૯૨ ઉપર અઈમ્માએ તાહેરીન (અ.)એ કહેલી મુસાફહ વિષેની હદીસો જોઈએ.

● રાવી કહે છે કે હું ઈમામ મોહંમદ બાકિર(અ.)નો હમકઝાવા હતો (એટલે કે ઊંટ પર સાથે બેઠેલો હતો) અને દરેક જગ્યાએ પહેલાં હું સવાર થતો હતો અને હઝરત(અ.) પાછળથી (સવાર થતા હતા). જ્યારે અમે વ્યવસ્થિત બેસી જતા તો હઝરત(અ.) સલામ કરતા અને એવી રીતે ખબર અંતર પૂછતા હતા જાણે કે તે માણસ ઘણા સમયથી મળ્યો ન હોય અને ત્યાર પછી મુસાફહ કરતા. જ્યારે મંઝિલ ઉપર ઉતરવાનો વખત આવતો તો મારા પહેલાં ઉતરી જતા અને જ્યારે અમે જમીન ઉપર બેસી જતા તો સલામ કરતા અને એવી રીતે ખબર અંતર પૂછતા જાણે કે અમુક મુદત પછી મળવાવાળાને પૂછવામાં આવે છે. મેં કહ્યું, 'યબ્ન રસૂલલ્લાહ ! આપ તો એવો અમલ કરી રહ્યા છો જે અમારા શહેરવાળા નથી કરતા. એક વખત હોય તો ઠીક છે, આ તો વારંવાર થાય છે. (આપ(અ.)એ) ફરમાવ્યું, શું તમે જાણતા નથી કે મુસાફહનો શું ફાયદો છે ? જ્યારે મોમિનીન મળે છે અને મુસાફહ કરે છે તો તેમના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે પાનખર ઋતુમાં ઝાડનાં પત્તાં (ખરી પડે છે). અલ્લાહ એ બન્નેની તરફ રહમતની નજરે ત્યાં સુધી જુએ છે જ્યાં સુધી તે બન્ને એક બીજાથી જુદા ન થાય.

● હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)થી મરવી છે કે જ્યારે બે મોમિન મળે છે અને મુસાફહ કરે છે તો ખુદાની રહમતનો હાથ તેમના હાથોની વચ્ચે હોય છે અને મુસાફહ તેમની વચ્ચે મોહબ્બત વધારે છે.

● હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)થી મનકૂલ છે કે અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું, જ્યારે બે મોમિનો મળે છે અને મુસાફહ કરે છે તો ખુદાની રહમતનો હાથ તેમના હાથોની વચ્ચે હોય છે અને મુસાફહથી તેમની વચ્ચે ખૂબ જ મોહબ્બત પેદા થાય છે અને જ્યારે અલ્લાહ તેમની તરફ ધ્યાન આપે છે તો તેમના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવા પાનખર ઋતુમાં ઝાડ પરથી પત્તાં (ખરી પડે છે).

અબુ ઉબૈદાથી મરવી છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ની સાથે એક જ મહમિલમાં મદીનાથી મક્કા સુધી સફર કરી. હઝરત(અ.) એક મંઝિલ ઉપર ઉતર્યા. જ્યારે જરૂરિયાતથી ફારેગ થયા તો મારી પાસે આવીને ફરમાવ્યું, તમારો હાથ

લાવો. મેં હાથ ઉઠાવ્યો. હઝરતે તેને એટલો બધો દબાવ્યો કે મારી આંગળીઓમાં દર્દ થવા લાગ્યું. પછી ફરમાવ્યું, અય અબુ ઉબૈદા ! જ્યારે કોઈ મુસલમાન બીજા મુસલમાનની સાથે મુસાફહ કરે અને તેની આંગળીઓમાં પોતાની આંગળીઓ પરોવે છે તો તેના ગુનાહ એવી રીતે ખરી પડે છે કે જેવાં પાનખર ઋતુમાં ઝાડનાં પત્તાં (ખરી પડે છે).

● ફરમાવ્યું ઈમામ મોહંમદ બાકિર(અ.)એ, અય માલિક ! તમે અમારા શીઆહ છો. શું તમે તેના ઉપર વિચાર નથી કર્યો કે તમે કોતાહી (ગફલત) કરી છે અમારા અમ્રે અમાનતમાં. જેવી રીતે કોઈ ખુદાની સિફત બયાન કરવા ઉપર કાદિર (શક્તિમાન) નથી એવી જ રીતે અમારી સિફત બયાન કરવા ઉપર પણ કુદરત ધરાવતો નથી અને એવી જ રીતે મોમિનની સિફત બયાન કરવા પર પણ કાદિર નથી. મોમિન જ્યારે મોમિનને મળે છે અને મુસાફહ કરે છે તો તેની તરફ રહમતની નજરથી જુએ છે અને તે બન્નેના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેમકે ઝાડનાં પાંદડાં જ્યાં સુધી કે તેઓ જુદા નથી પડતા. આથી જો (મોમિન) આવો હોય તો તેની સિફત બયાન કરવા ઉપર કોની પાસે કુદરત હશે?

● અબુ હમ્ઝાએ કહ્યું છે કે હું ઈમામ મોહંમદ બાકિર(અ.)ની સાથે સફર કરી રહ્યો હતો. જ્યારે અમે સવારી ઉપરથી ઉતર્યા તો હઝરત થોડે દૂર સુધી ચાલ્યા. પછી મારી પાસે આવ્યા અને મારો હાથ પોતાના હાથમાં લઈને જોરથી દબાવ્યો. મેં કહ્યું, શું હું આપની સાથે મહમિલમાં નહોતો ? ફરમાવ્યું, શું તમે નથી જાણતા કે જ્યારે મોમિન થોડી હરકત કરીને પોતાના ભાઈની સાથે મુસાફહ કરે છે તો ખુદા એ બન્નેને રહમતની નજરે જુએ છે અને કહે છે, તે બન્નેના ગુના માફ થઈ ગયા. અય અબુ હમ્ઝા ! તેમના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડનાં પાડદાં, જ્યાં સુધી કે તેઓ જુદા પડે, તેમના કોઈ ગુના બાકી રહેતા નથી.

રાવી કહે છે કે મેં અબુ અબ્દુલ્લાહ(અ.)ને પૂછ્યું કે મુસાફહ કેટલી વાર પછી કરવો યોગ્ય છે? ફરમાવ્યું, એક ખુરમાના (ખજૂરના) ઝાડની મોટાઈના.

● ફરમાવ્યું ઈમામ મોહંમદ બાકિર(અ.)એ કે મોમિનોએ જોઈએ કે જ્યારે ઝાડના એક છેડાથી બીજા છેડા(ના અંતર) સુધી અલગ થઈ જાય તો પછી બન્ને મુસાફહ કરે.

● ફરમાવ્યું ઈમામ મોહંમદ બાકિર(અ.)એ કે રસૂલલ્લાહ(સ.)એ ફરમાવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાના ભાઈને મળે તો તેણે તેને સલામ કરવી જોઈએ અને મુસાફહ કરવો જોઈએ. ખુદાએ આ મુસાફહથી મલાએકાને મુકર્રમ (પ્રતિષ્ઠિત) બનાવ્યા છે. તેથી તમે પણ એવું કરો કે જેવું મલાએકા કરે છે.

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું કે રસૂલલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે, જ્યારે તમે એક બીજાને મળો તો સલામ કરો અને મુસાફહ કરો અને જુદા થતી વેળાએ ઈસ્તિગ્ફાર (કરો).

**ઈશ્કસે તબીયતને ઝીસ્તકા મઝા પાયા,**
**દર્દકી દવા પાઈ, દર્દ બેદવા પાયા.**

(મને ઈશ્કના લીધે આખેરત (મંઝિલે મકસૂદ અથવા વિસાલ)ની મજા મળી. જ્યારે ઈશ્કની બીમારીની દવા મળી તો મેં જોયું કે બીમારી જ જતી રહી.)

● હઝરત અબુ અબ્દુલ્લાહ(અ.)એ ફરમાવ્યું કે જયારે મુસલમાનો ગઝવાત*માં રસૂલલ્લાહ(સ.)ની સાથે જતા અને એવી જગ્યાએથી પસાર થવાનું થતું કે જ્યાં ગાઢ જંગલ હોય, પછી રણમાં નીકળતા અને એકબીજાને જોતા તો મુસાફહ કરતા.

● ફરમાવ્યું ઈમામ મોહંમદ બાકિર(અ.)એ કે જ્યારે કોઈ પોતાના સાથીદારોને મુસાફહ કરે છે, પછી હાથમાં હાથ પકડેલો રહે તેનો મરતબો એના કરતાં વધારે છે કે જે મુસાફહ ખતમ કરે. એ બન્નેના ગુનાહ એવી રીતે ખતમ થઈ જાય છે કે ત્યાર પછી કોઈ ગુના બાકી નથી રહેતા.

● ઈસ્હાક બિન અમ્મારથી મરવી છે કે હું હઝરત અબુ અબ્દુલ્લાહ(અ.)ની ખિદમતમાં આવ્યો. હઝરતે મારી તરફ ગુસ્સાથી જોયું. મેં કહ્યું, કયા કાર્યે આપને મારાથી નારાજ કર્યા? (ફરમાવ્યું) જે બાબતે તને તારા ભાઈઓથી નાખુશ કર્યો. અય ઈસ્હાક ! મને ખબર મળી છે કે તેં દરવાજા ઉપર દરબાન બેસાડ્યો છે જેથી તે ફકીરોને, શીઆઓને તારા સુધી પહોંચતાં રોકે. મેં કહ્યું, મેં એવું એટલા માટે કર્યું છે જેથી તેમની આવ-જાથી મારી શીઈય્યતની પ્રસિધ્ધિ ન થાય. ફરમાવ્યું, તેં ઝલાલત (બરબાદી)ની મુસીબતનો ખયાલ નથી કર્યો. શું તને એની ખબર નથી કે જયારે બે મોમિનો ભેગા થઈને મુસાફહ કરે છે તો ખુદાની રહમત તે બન્નેના ઉપર નાઝિલ થાય છે અને એકસોમાંથી નવ્વાણું ભાગ મોહબ્બતના એ બન્નેને મળી જાય છે. જ્યારે તે બન્ને નિખાલસતાથી વર્તે છે તો ખુદાની રહેમત તેમને ઘેરી લે છે અને જ્યારે તેઓ વાતો કરે છે તો એમનું રક્ષણ કરનારા ફરિશ્તાઓ અંદરો અંદર કહે છે કે તેમનાથી અલગ થઈ જાઓ કદાચ કોઈ રાઝની વાત હોય અને અલ્લાહે તેમના માટે છુપાવવાનું ઈચ્છયું હોય. મેં કહ્યું, શું ખુદાએ એવું નથી ફરમાવ્યું કોઈ શબ્દ નથી બોલતા પરંતુ એ કે તેમની પાસે એક સખત નિગેહબાન હોય છે. ફરમાવ્યું, અય ઈસ્હાક ! તેને ફરિશ્તાઓ ન સાંભળે તો પણ રાઝનો જાણનારો તો સાંભળે અને જુએ છે. મુરાદ એ છે કે રકીબ અતીદ (નિગેહબાન) છે તે જ દરેક બાબતને સાંભળે અને જુએ છે.

● ફરમાવ્યું સાદિકે આલે મોહંમદ(અ.)એ કે જ્યારે બે મોમિનો ભેગા થઈને મુસાફહ કરે છે તો અલ્લાહ તઆલા એ બન્ને તરફ ધ્યાન આપે છે અને તે બન્નેના ગુનાહ નાશ પામે છે ત્યાં સુધી કે તેઓ જુદા ન પડે.

● ફરમાવ્યું હઝરત અબુ અબ્દુલ્લાહ(અ.)એ કે હુઝૈફાએ રસૂલલ્લાહ(સ.)થી મુલાકાત કરી તો આપ(સ.)એ પોતાનો હાથ હુઝૈફાની તરફ લંબાવ્યો. તેમણે પોતાનો હાથ ન લંબાવ્યો. હઝરત(સ.)એ ફરમાવ્યું, અય હુઝૈફા ! મેં મુસાફહ માટે મારો હાથ લંબાવ્યો. તમે તમારા હાથને મારાથી રોકી

* જે જંગોમાં હઝરત રસૂલે ખુદા(સ.)એ પ્રત્યક્ષ હાજરી આપી હોય તેમને **ગઝવાત** કહેવામાં આવે છે.

## શબ્દ પરિચય

**સલવાત**

**<u>સલવાત</u>** ( صلوات ) અરબી ભાષાનો શબ્દ છે. સલવાત શબ્દના બે અર્થ થાય છે : (૧) 'સલાત'નું બહુવચન - સલાત એટલે નમાઝ સલવાત એટલે નમાઝો. (૨) રસૂલ(સ.)ના નામ ઉપર શુભેચ્છા, દુરૂદ, બરકતો, રહેમતો કે જે હઝરત મોહંમદ મુસ્તફા(સ.)નો હક છે. સલામ મોકલવી, સલામ કરવી, રૂખ્સત કરવું. **સલવાતો અલ તસ્બીહ :** એક ખાસ પ્રકારની નમાઝે નફીલ કે જેમાં કયામમાં પંદર વખત અને બાકીની છ જગ્યાએ દસ દસ વખત -

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

પઢે છે. **સલાતુલ ખૌફ :** ખૌફની અથવા જંગની હાલતમાં પઢવામાં આવતી નમાઝ કે જેમાં બે જમાઅતો વારા ફરતી એક એક રકાત પઢે છે.

રાખ્યો. હુઝૈફાએ કહ્યું, યા રસૂલલ્લાહ ! આપની સાથે મુસાફહ કરવાની રગ્બત (ઈચ્છા) આખી દુનિયાને છે પરંતુ હું જનાબતની અવસ્થામાં છું. મેં એ બાબતને પસંદ ન કરી કે જનાબતની હાલતમાં મારો હાથ આપના હાથ સાથે મસ કરું. હઝરત(સ.)એ ફરમાવ્યું, તમે જાણતા નથી કે જયારે બે મુસલમાનો મળે છે અને મુસાફહ કરે છે તો તેમના ગુનાહ એવી રીતે ખરી પડે છે કે જેવી રીતે ઝાડ પરથી પાંદડાં (ખરી પડે છે).

● ફરમાવ્યું હઝરત અબુ અબ્દુલ્લાહ(અ.)એ કે ખુદાની કુદરતનો અને મરતબાનો અંદાજ કોઈ કરી શકતું નથી. એવી જ રીતે નબી(સ.)ના મરતબાનો, એવી જ રીતે મોમિનના મરતબાનો કેમકે જયારે તે પોતાના ભાઈથી મળે છે અને મુસાફહ કરે છે તો અલ્લાહ તેમની તરફ રહમતની નજરે જુએ છે અને જયાં સુધી તેઓ જુદા ન પડે ત્યાં સુધી તેમનાથી ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડ ઉપરથી પાંદડાં.

● હઝરત અબુ અબ્દુલ્લાહે ફરમાવ્યું,

ફરિશ્તાઓ સાથે મુસાફહ કરવા કરતાં મોમિનથી મુસાફહ કરવો બેહતર છે. ✻

## નુસ્ખા

**બાળ રોગો**

(ગતાંકનું ચાલુ)

✻ દાંત આવે ત્યારે પાણી જેવા ઝાડા થતા હોય તો મકાઈના ડોડામાંથી દાણા કાઢી લીધા પછીના મકાઈના ડોડાને બાળીને તેની ભૂકી (એક કે બે વાલ જેટલી) પાણી કે છાસમાં પાવાથી ઝાડા બંધ થાય છે.

✻ દાંત આવે ત્યારે આંખ આવી હોય તો ફુલાવેલી ફટકડીને ગુલાબજળમાં મેળવી આંખમાં ટીપાં નાખવા તથા ફટકડીના નવશેકા પાણીથી આંખ ધોવાથી આરામ થાય છે. (ક્રમશઃ)


# બેસ્ટ ઈલેક્ટ્રીકલ

::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન

**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.

**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન

**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ

**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

**૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન**
**૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**

LIC
ભારતીય જીવન બીમા નિગમ
LIFE INSURANCE CORPORATION OF INDIA



**ઝાકીરહુસૈન ગુલામહુસૈન ચીડી**
**જીવન વીમા સલાહકાર (કાકોશીવાળા)**
**મોબાઈલ. ૯૪૨૮૧ ૧૩૩૬૬**

✔ બાળકોના હાયર એજ્યુકેશન
✔ સુખી રીટાયર્મેન્ટ
✔ લગ્ન
✔ ધંધો
✔ એસ્ટેટ ક્રીએશન
✔ બચત / રોકાણ માટે
✔ ઈન્કમટેક્ષ બચત માટે

▶ **જીવન વિમા**ની સાથો-સાથ પધ્ધતિસરના આયોજન માટે
▶ જૂના / નવા વિમાના પ્રિમીયમ ભરવા માટે...

**"સારા ભવિષ્ય માટે આજથી જ બચત ચાલુ કરો"**

**જીંદગીની સાથે પણ, જીંદગીની પછી પણ**

૧૦૪-૧૦૫, પહેલો માળ, શહજાનંદ ટ્રેડ સેન્ટર, કોઠાવાલા ફ્લેટ્સની સામે, પાલડી, અમદાવાદ - ૭.

# આપણા ઘરની વાતો

● **કાકોશી મુકામે નવીન ઈદગાહનું ઉદ્‌ઘાટન :**



મોલ્વી સાહેબ મોહંમદઅલી એચ. પરબડીયા(વાસણવાળા)ની યાદી જણાવે છે કે અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને અઈમ્મે માઅસૂમીન(અ.)ની મુબારક હદીસો પ્રમાણે ખૂબ જ ટૂંકા સમયગાળામાં ગામની આબાદીથી દૂર ખુલ્લા મેદાનમાં નવીન ઈદગાહની ઈમારત સંપૂર્ણ તૈયાર થઈ ગયેલ છે. નવીન ઈદગાહનું ઉદ્‌ઘાટન તા.૨૨-૦૬-૨૦૧૨, મુ.તા.૧, માહે શાબાન-૧૪૩૩, જશ્ને વિલાદત જનાબે ઝયનબ(અ.) અને શુક્રવારના દિવસે અઝાન પોકારીને અલ્લાહના ઝિક્રની સાથે કરવામાં આવ્યું હતું. આખા ગામમાં ખુશીનો માહોલ હતો. આજુબાજુના ગામડાઓ જેવા કે ખડીયાસણા, સેદ્રાણા, મક્તબા જાફરીયા, સિધ્ધપુર, રસુલપુર, ડીંડરોલ અને જાફરીપુરાના મોમિન ભાઈઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને ઈદગાહની શાનદાર જગ્યા નિહાળીને ખૂબ જ પ્રભાવિત થયા હતા. અંદાજે લગભગ ૯૦૦ મોમિનોએ નમાઝે ઈદે જુમ્આની ઈબાદતમાં હાજરી આપી હતી. ઈદે જુમ્આના ખુત્બાઓમાં મોલ્વી મોહંમદઅલી પરબડીયાએ વિષયને અનુરૂપ કુરાન અને હદીસની રોશનીમાં મજલિસ પઢી હતી. નમાઝે જુમ્આના બાદ મોમિનોએ એક બીજાને મુબારકબાદી પાઠવી હતી તેમજ ઈમામવાડામાં જમણવારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઈદગાહના કામકાજમાં જે ભાઈ-બહેનો શારીરિક તથા આર્થિક રીતે મદદરૂપ થયા છે તેમનો કાકોશી શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત ખૂબ ખૂબ આભાર માને છે અને દુઆ માગે છે કે અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં તેમને નેક બદલો એનાયત કરે, આમીન.

● **સેવાલણી મુકામે હાજરપીરના સાનિધ્યમાં વિલાદતે હઝરત ઈમામ હુસૈન(અ.) તથા મહેફિલે જશ્ને આલે મોહંમદની ઉજવણી :**

તા.૨૩-૬-૨૦૧૨ને શનિવાર, ૩ જી શાબાનની રાત્રે 'કરબલા' (સેવાલણી) મુકામે હાજરપીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની પ્રત્યક્ષ હાજરીમાં સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન(અ.)ની વિલાદતની ઉજવણી કરવામાં આવી હતી. અલ્લાહના પવિત્ર કલામ સૂરએ કૌસરની તિલાવત, તફસીર અને દુરૂદ શરીફથી મજલિસની શરૂઆત થઈ હતી. મક્તબા ખાતે ટ્રેનીંગ લઈ રહેલ મોલ્વી સાહેબોએ આ મજલિસના કાર્યક્રમની જવાબદારી નિભાવી હતી. તિલાવત જનાબ મોલ્વી સાહેબ માસૂમઅલી માઠા(મોલીપુર), દુરૂદ શરીફ મોલ્વી મંજૂરઅલી(સુરપુર) તથા તફસીર મોલ્વી સાહેબ હસનઅબ્બાસ(ખાટાઆંબા)વાળાએ પઢી હતી અને એહલેબયત(અ.)ની મોહબ્બત અને ઈમામ હુસૈન(અ.)ની વિલાદત વિશે જનાબ મોલ્વી સાહેબ અલીરઝા ગોદડ(કિશોરગઢવાળા)એ કુરઆન અને હદીસની રોશનીમાં મજલિસ પઢી હતી. ફાતેહા પઢ્યા પછી તરત જ મહેફિલે આલે મોહંમદ મુશાયરાની શરૂઆત થઈ હતી. મુશાયરાના કાર્યક્રમની શરૂઆત જનાબ મોલ્વી સાહેબ ખાદિમહુસૈને ઝિક્રે મોહંમદ વ આલે મોહંમદ ઉપર હદીસની રોશનીમાં પ્રકાશ ફેંકીને કરી હતી. નામદાર બાવા

સાહેબ લગભગ અઢી કલાક સુધી બેસીને આ ઝિક્રમાં સહભાગી બન્યા હતા. રાત્રે બે વાગ્યા સુધી આ મહેફિલ ચાલુ રહી હતી અને છેવટે મોલ્વી સાહેબ અલીરઝાએ દુઆ માગીને મહેફિલનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમના સંપૂર્ણ આયોજનનું તમામ ખર્ચ સેવાલણી યંગ ગ્રુપના ૨૭ નવજવાન ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

● **વાપી ખાતે જશ્ને વિલાદત પ્રસંગે મહેફિલનું અભૂતપૂર્વ આયોજન :**

દમણના દરિયા કાંઠે ઝાકિરાને આલે રસૂલ(સ.) તથા મોમિનો



તા.૨૮-૦૬-૨૦૧૨ને ગુરૂવારની રાત્રે વાપી, પારડી અને દમણ ત્રણેય શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના ઉપક્રમે **વી.આઈ.એ. ટાઉન હોલ**, વાપી ખાતે ઝાકિરાને આલે રસૂલ(સ.)ના નેજા હેઠળ એક મહેફિલનું આયોજન કરવામાં આવ્યું હતું. જશ્ને વિલાદત પ્રસંગે યોજાયેલ આ મહેફિલની શરૂઆત કલામે પાકની તિલાવતથી કરવામાં આવી હતી. ત્યાર બાદ ઝાકિરાને આલે રસૂલ(સ.) દ્વારા મોહંમદ વ આલે મોહંમદ(અ.)ની શાનમાં શાયરી, નઝમ, મન્કબત, વગેરે ખૂબ જ સુંદર રીતે રજૂ થતાં મોમિનોનાં દિલ ડોલી ઉઠ્યાં હતાં. કોઈ એ.સી. હૉલની અંદર મહેફિલ યોજાઈ હોય તેવો આ પહેલો પ્રસંગ હતો. આ મહેફિલ લગભગ છ કલાક સુધી ચાલી હતી અને મોમિનો માટે ચા, કૉફી, મિનરલ વૉટર, નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહેફિલની મજા માણવા માટે આજુબાજુથી તેમજ છેક મુંબઈથી આલે મોહંમદના આશિકો ઉમટી પડ્યા હતા અને ૭૫૦ની ક્ષમતાવાળો હોલ ભરચક થઈ ગયો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે વાપી, દમણ અને પારડી મોમિન જમાઅત તરફથી બહાર ગામથી આવેલા ઝાકિરાને આલે રસૂલ માટે મુસાફરીની, જમવાની તેમજ રહેવાની તમામ સગવડ પૂરી પાડવામાં આવી હતી. બીજે દિવસે ઝાકિરાને આલે રસૂલે દમણની મુલાકાત લીધી હતી અને દરિયા કાંઠાની સહેલગાહ માણી હતી. દમણ જમાઅત તરફથી જમવાની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ત્રણેય જમાઅત દ્વારા ઝાકિરાને આલે રસૂલ(સ.)ના સભ્યોની જે મહેમાન નવાઝી કરવામાં આવી હતી તે કદાપિ ભૂલી શકાય તેમ નથી. ખુદાવંદે કરીમ મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી ત્રણેય જમાઅતને તેનો નેક બદલો આપે, આમીન. વાપી, પારડી અને દમણની જમાઅતનો સંપ અને એકબીજાનો સહકાર ખૂબ જ પ્રશંસનીય હતો. પાક પરવરદિગારે આલમીન ત્રણેય જમાઅતની એકતાને સદાય સલામત રાખે, આમીન.

● **અભિનંદન :**



ગામ ઈલોલ તલાવ, તા. હિંમતનગરના વતની **ડૉ.અબ્બાસ વી. આગલોડીયા** કે જે હાલમાં સરદાર કૃષિનગર, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના જગુદણ(મહેસાણા) ખાતે આવેલ મસાલા સંશોધન કેન્દ્રના મુખ્ય સંશોધન વૈજ્ઞાનિક અને કેન્દ્રના વડા તરીકે ફરજ બજાવે છે. જેઓ અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિક છે અને તેમની ટીમ દ્વારા ઘઉંની ૧૨ અને જીરૂ, વરિયાળી, મરચી, ઈસબગુલ વિગેરેની ૫ જાતો તૈયાર કરવામાં આવેલ છે જે ગુજરાત ઉપરાંત મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ખૂબ જ પ્રચલિત છે અને આ જાતોનું ૩૦ લાખ હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર થાય છે અને તેમાંથી વાર્ષિક ૮૦ થી ૯૦ લાખ ટન ઘઉં ઉત્પન્ન થાય છે જે દેશના લગભગ ૧૨ કરોડ ભારતવાસીઓને ઘઉંની વાર્ષિક જરૂરિયાતને પૂરી પાડે છે. ડૉ.અબ્બાસની

સંશોધનની વિશિષ્ઠ કામગીરી અને ઉત્કૃષ્ઠ સેવા તેમજ મહત્વના રાષ્ટ્રીય પ્રદાન બદલ ઈન્ડિયા ઈન્ટરનેશન ફ્રેન્ડશીપ સોસાયટી, ન્યુ દિલ્હી દ્વારા ખૂબ જ પ્રતિષ્ઠિત **'ભારત જ્યોતિ'** એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે જે આપણી સમગ્ર શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે ગૌરવની વાત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ.અબ્બાસને તેમને ઘઉંની નવીન જાતોની શોધ બદલ ગુજરાત સરકાર દ્વારા **'સરદાર પટેલ કૃષિ સંશોધન એવોર્ડ'**થી પણ સન્માનિત કરવામાં આવેલ છે. ડૉ.અબ્બાસની આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવવામાં આવે છે.

● **અનુપમ પ્રાથમિક શાળા, બાદરપુરનું ગૌરવ**

બાદરપુર અનુપમ પ્રાથમિક શાળા તા.વડનગર, જિ.મહેસાણાએ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ S.M.C. સ્પર્ધામાં વડનગર તાલુકામાં પ્રથમ નંબર મેળવી રૂા.૫૦૦૦/- અને જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રૂા.૧૦,૦૦૦/- આમ કુલ ૧૫,૦૦૦/-નું ઈનામ શિલ્ડ અને પ્રમાણપત્ર મેળવેલ છે. શાળાને ઉત્કૃષ્ઠ બનાવવા માટે સભ્ય સચિવ ગુલામમહંમદ ધરખડ, હસનઅલી દાદાવાળા, સરપંચ ગુલામહૈદર કોડાલીયા, શાળા આચાર્ય અને શિક્ષકોનું યોગદાન રહેલ છે. અગાઉ આ શાળાની ઉત્તમ કામગીરી દૂરદર્શન અમદાવાદ તરફથી સમગ્ર ગુજરાત રાજયમાં ડી.ડી. ગિરનાર ઉપર બતાવવામાં આવેલી હતી.

● **નવરચના મંડળ આયોજિત પ્રોત્સાહન ઈનામ વિતરણ કાર્યક્રમ :**

તા.૧૦-૬-૨૦૧૨ને રવિવારના રોજ ખાટાઆંબા ખાતે અઝાખાન એ અબુતાલિબમાં પાંચ ગામ પ્રગતિ મંડળની વાર્ષિક કારોબારીની મિટીંગ રાખેલ જેમાં સમૂહલગ્નના હિસાબની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. નવરચના મંડળ આયોજિત પાંચ ગામના મદ્રેસામાં પઢતાં બાળકો અને શાળામાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર પ્રમાણે ઈનામ વિતરણ કરવામાં આવ્યું. પાંચ ગામના મોલ્વી સાહેબોને પણ પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યાં હતાં. બન્ને મંડળના હેતુની રજૂઆત કર્યા બાદ મજલિસ શરૂ કરવામાં આવી હતી જેમાં કુરાન શરીફની તિલાવત મોલ્વી સાહેબ ઈસ્માઈલભાઈ ગોદડ પારસાવાળા કરી હતી. ત્યાર બાદ દુરૂદ શરીફ અને મજલિસ મોલ્વી સાહેબ હસનઅબ્બાસ ફતેહભાઈ ખાટાઆંબાવાળાએ હદીસથી દીની અને દુન્યવી ઈલ્મ વિષે પઢી હતી. નામદાર બાવા સાહેબના આદેશ અનુસાર હિદાયતનો મહિમા સમજાવ્યો હતો. દુઆએ ખૈર માગી મજલિસ પૂર્ણ કરવામાં આવી હતી અને ત્યાર બાદ ન્યાઝે હુસૈન જમીને પ્રોગ્રામને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

● **ઈન્નાલિલ્લાહે... :**



હરિપુરા ઉર્ફે ઝહીરગઢ નિવાસી **મર્હૂમા મો.હુરીબેન નસીરભાઈ ખણુશીયા** મુ.તા.૧૬, શાબાન-૧૪૩૩૪ તા.૭-૭-૨૦૧૨ને શનિવારના રોજ ૮૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા નૂરીબેન સ્વભાવે શાંત, દિલનાં ભોળાં હતાં અને ઈમામ હુસૈન(અ.)ની અઝાદારીમાં કાયમ શામેલ થતાં હતાં.



←--- વાઘણા નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન રહીમભાઈ મુખી** મુ.તા.૩, જમા.આખર-૧૪૩૩, તા.૨૫-૪-૨૦૧૨ને બુધવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. તેઓ સ્વભાવે મિલનસાર અને માફ કરવાની વૃત્તિવાળાં તેમજ પીરો મુરશિદ અને એહલેબયત(અ.)નાં ચાહક હતાં.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.મકબૂલફાતેમા એ. મોમિન (કઠોર) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦/- મો.મહંમદઅલી ગુલામહૈદર હજુર (ઈલોલ તલાવ)તરફથી તેઓ ધો.૧૨માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૦૦૦/- મો.નુરભાઈ અમદાભાઈ ભોવણીયા(ઈલોલ પહાડીયા) તરફથી મર્હૂમ હાજી અમદાભાઈ વલીભાઈ ભોવણીયા તથા મર્હૂમા હાજીયાણી અવલીબેન અમદાભાઈ ભોવણીયાની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૦/- મો.તાહેરાબેન કમરઅલી ચૌધરી (મેતા)તરફથી તેઓ T.Y.B.Sc.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મહંમદઅલી શાવદીભાઈ કલુસીયા(બાદરપુર)તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.હલીબેન ગુલામમહંમદ ધરખડ (બાદરપુર)તરફથી કલુસીયા મહેરબાનઅલી સારા ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અકબરઅલી રસુલભાઈ ગોરા (બાદરપુર)તરફથી તેમની પુત્રી નજમાબેન ધો.૧૦માં સારા માર્કસ મેળવીને પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મહંમદજાફર હસનભાઈ પલસાણીયા(રસુલપુર-મેત્રાણા)તરફથી

રૂા.૫૦/- મો.રોશનઅલી મહંમદ ઈલ્યાસ (વસો)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ અબ્બાસઅલી રાજપુરા(કનાઈ) તરફથી તેઓ બી.ફાર્મમાં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૦૦૦/- શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત વાપી, દમણ અને પારડી આયોજિત 'જશ્ને મહેફિલે આલે મોહંમદ (સ.)'નું ખૂબ જ શાનો શૌકતથી આયોજન કરવામાં આવ્યું અને તેમાં ખૂબ જ સફળતા મળી તેની ખુશાલી પ્રસંગે ત્રણેય જમાઅત તરફથી જાફરી આવાઝને મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી મહંમદભાઈ (ખાટાઆંબા)તરફથી તેમનો દીકરો હસનઅબ્બાસ એસ.એસ.સી.માં પાસ થયો તેની ખુશાલી પ્રસંગે

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી મહંમદભાઈ (ખાટાઆંબા)તરફથી તેમની દીકરી સકીનાફાતેમા શબ્બીરઅલી ગામમાં લેવાયેલ ઈસ્લામી જ્ઞાનવર્ધક સ્પર્ધામાં બીજા નંબરે પાસ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી (ખાટાઆંબા) તરફથી તેઓ ગામમાં લેવાયેલ ઈસ્લામી જ્ઞાનવર્ધક પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૦૦૦/- મો.હુરીબેન નશીરભાઈ ખણુશીયા(હરીપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના ચાર પુત્રો તરફથી જાફરી આવાઝને મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.કમરઅલી ગુલામઅકબર (અમદાવાદ)તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

**રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ દાઉદ-ભાઈ થરાદરા(ખડીયાસણા-અમદાવાદ) તરફથી તેમની દીકરી મેઅરાજફાતેમા ચાલુ સાલે એસ.એસ.સી.માં ૯૧% ગુણ મેળવી દિવાન લલ્લુભાઈ હાઈસ્કૂલ, પાલડીમાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૨૫૦/- મો.શબ્બીરઅલી સુરતી(બાદરપુર) તરફથી તેમના દીકરા મોહસિનઅલી ધો.૧૨ સાયન્સમાં સારા ટકા સાથે પાસ થયા તેની ખુશાલી

પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૧૦/- મો.આબિદહુસૈન તાહેરઅલી ભગત(બાદરપુર-વડોદરા) તરફથી તેઓ ધો.૧૦માં ૯૫.૨૦% ગુણ મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**<u>એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.</u>**

રૂા.૫૦/- મો.ઝયનબફાતેમા હૈદરઅલી ખણુશીયા(હરીપુરા-ઝહીરાબાદ)

રૂા.૧૦૦/- મો.જાફરઅલી શબ્બીરહુસૈન સુથાર (ખાટાઆંબા)

રૂા.૧૦૦/- મો.ઈમદાદઅલી આબિદઅલી આગલોડીયા(પીંપોદર-હિંમતનગર)

રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી આબિદઅલી ડોડીયા (મહેરપુરા)

રૂા.૧૦૦/- મો.ઈમદાદહુસૈન આબિદહુસૈન મસી(મહેરપુરા)

રૂા.૫૦/- મો.હિકમતફાતેમા અસગરઅલી ચૌધરી (વડુ)

રૂા.૫૦/- મો.સાજેદાબેન મોહંમદહુસૈન ભટ્ટ (પીંપોદર-અમદાવાદ)

**<u>એચ.એસ.સી.(વિજ્ઞાન પ્રવાહ)માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.</u>**

રૂા.૫૦/- મો.સકીનાફાતેમા હૈદરઅલી ખણુશીયા (હરીપુરા-ઝહીરાબાદ)

રૂા.૫૦/- મો.રોમાનઅલી રઝાહુસૈન મુસા(કાણોદર)

રૂા.૫૦/- મો.મુખ્તારહૈદર ઝુલ્ફિકારઅલી અઘારીયા(વડુ)

રૂા.૫૦/- મો.આબેદાબેન મોહંમદહુસૈન ભટ્ટ (પીંપોદર-અમદાવાદ)

**<u>એચ.એસ.સી.(સામાન્ય પ્રવાહ)માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન.</u>**

રૂા.૫૦/- મો.સાજેદાબેન અબ્બાસઅલી મસી(હરીપુરા)

રૂા.૫૦/- મો.આબેદાબાનુ મીકદાદઅલી પટેલ(કનાઈ)

રૂા.૧૦૦/- મો.કુલસુમફાતેમા મહંમદઅલી દાવડા(કાટવાડ)

રૂા.૫૦/- મો.મકબૂલફાતેમા મહંમદઅલી ભટ્ટ(જેઠીપુરા)

રૂા.૫૦/- મો.રહમતફાતેમા હૈદરઅલી ખણુશીયા(હરીપુરા)તરફથી તેઓ બી.સી.એ.માં ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.કનીઝફાતેમા હૈદરઅલી મોમિન(સુરત)તરફથી તેઓ બી.એસ.સી.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મંજુરઅલી ઈમદાદઅલી બળ્યા(મોલીપુર)તરફથી તેઓ M.Tech.ના ત્રીજા સેમીસ્ટરમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.અમીનાબેન ઈસ્માઈલભાઈ દાવડા(કાટવાડ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૫/- મો.અલીરઝા મુસ્તાકઅલી(કઠોર) તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

**રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ માસ્તરના પરિવારજનો (જેઠીપુરા)તરફથી પુત્ર મો.મકબૂલઅલી (M.D. Forencisic Medicine)માં તથા પુત્રવધુ મો.રાશેદાબાનુ (B.H.M.S.) માં ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૫૦/- મો.ફરમાનઅલી સલમાનઅલી દાવડા(કાટવાડ)તરફથી તેઓ બી.એ.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- મો.ડૉ.સાજેદાબેન વી. મોમિન(બાદરપુર)તરફથી નઝીફ દાંતના દવાખાનાના ઉદ્‌ઘાટનની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- નવરચના મંડળ - મહેસાણા વિભાગ તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.અ.)ની રૂહના સવાબ અર્થે.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬, માહે ઓગસ્ટ-૨૦૧૨ થી તા. ૧૫, માહે સપ્ટેમ્બર-૨૦૧૨<br>મુ.તા. ૨૬, રમઝાન-૧૪૩૩ થી મુ.તા. ૨૭, શવ્વાલ-૧૪૩૩ |
|---|---|---|---|
| **ઓગ.** | **રમઝાન** | - | |
| 16 | ૨૬ | ગુરૂ | વફાત : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.અ.) ✶ વિંછુડો ઉતરે : ૯-૨૧ |
| 19 | ૨૯ | રવિ | શબે ઈદ |
| 20 | **શવ્વાલ** | સોમ | ઈદુલ ફિત્ર |
| 24 | ૫ | શુક્ર | ઉર્સ : પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.અ.) અમદાવાદ |
| 25 | ૬ | શનિ | ઉર્સ : પીર સૈયદ નૂરમોહંમદ બાવા(રહે.અ.) નવસારી |
| 27 | ૮ | સોમ | યૌમે ગમ |
| 29 | ૧૦ | બુધ | બારમા ઈમામની ગયબતે કુબરાનો પ્રારંભ |
| 30 | ૧૧ | ગુરૂ | વફાત : પીર સૈયદ નૂરમોહંમદ(રહે.અ.) |
| 31 | ૧૨ | શુક્ર | વફાત : પીર સૈયદ ગાલિબુદ્દીન(રહે.અ.) |
| **સપ્ટે.** | ૧૩ | શનિ | રદ્દે શમ્સ ✶ હઝરત અલી(અ.) માટે અસ્ત થયેલો સૂર્ય પાછો ફર્યો. |
| 3 | ૧૫ | સોમ | વફાત : ઈમામ જાફર સાદિક(અ.) ✶ વિલાદત : પીર સૈયદ મોહંમદ અબ્દુલ મજીદ(રહે.અ.) |


# નઝીફ દાંતનું દવાખાનું





**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪

**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન**
**અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**
સવારે ૯-૦૦ થી ૧-૦૦ ❖ સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

*નોંધ : ગાંધીનગરના ૫ વર્ષના અનુભવી ડોક્ટર હવે વડનગરમાં*

**::::: સ્થળ :::::**
**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**